

● તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ પર આવેલ ●
રાયણવૃક્ષ તળે યુગાદિશ્વર શ્રી ઋષભદેવ ભગવાનનાં પવિત્ર પગલાં.

વર્ષ : ૮ : અંક ૪ : : જૂન-૧૯૫૧ : : જેઠ-૨૦૦૭

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# સ૦મા૦ચા૦ર–સં૦ચ૦ય.

—માતર (ગુજરાત) ખાતે પૂ૦ વયોવૃદ્ધ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ, પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિનાં નેતૃત્ત્વપણામાં સાચાદેવ શ્રી સુમતિનાથ ભગવાનનો પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઇ ગયો. તદુપરાંત;–સાવરકુંડલા, કંબોઇ પાટણ તથા ડભોઇ ખાતે પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવાયા હતા.

—સોમનાથ-પ્રભાસપાટણ ખાતે રાષ્ટ્રપ્રમુખ બાબુ રાજેન્દ્રપ્રસાદના હસ્તક સોમનાથ મહાદેવની પ્રાણપ્રતિષ્ઠા થઇ હતી. તે દરમ્યાન રાજપ્રમુખ શ્રી જામસાહેબના હસ્તે શ્રી કૃષ્ણ મહારાજાના દેહોત્સર્ગના સ્થાને નૂતનમંદિરનું ખાતમુહૂર્ત થયું. પ્રતિષ્ઠા દરમ્યાન તેમાં ભાગ લેવા આવનાર હજારો માણસોના ભોજનને માટે ૧૮૦૦ મણ લાડુનો પ્રબંધ થયો હતો.

—જુનાગઢ ખાતે જૈન શ્વે૦ કોન્ફરન્સનું ૧૮ મું અધિવેશન મલ્યું હતું. પ્રમુખપદેથી શ્રી કાંતિલાલ ઈશ્વરદાસે જૈન સમાજમાં મધ્યમ વર્ગની કથળતી જતી સ્થિતિ પરત્વે લાગણી પ્રદર્શિત કરી હતી. સ્વાગતપ્રમુખ શ્રી પરશોતદાસ સુરચંદે પણ સમાજને માર્ગદર્શન આપ્યું હતું. અધિવેશનની સફળતાના સંદેશાઓમાં પૂ૦ આ. શ્રી વિજય વલ્લભસૂરિજી મ૦ તથા પૂ૦ દર્શનવિજયજી મહારાજ (ત્રિપુટી) અને ગૃહસ્થોમાં શ્રી સુરચંદ પરશોત્તમ બદામી આદિનાં હતાં. પરિષદ પત્રિકાનાં લખાણ પરથી સમાજમાં જે ચર્ચાનો વાવંટોળ ઉભો થયો હતો, તેની અસર આ અધિવેશનમાં હાજર રહેલી પ્રતિનીધિ વર્ગની તથા પ્રેક્ષક વર્ગની અલ્પ હાજરી દ્વારા વ્યકત થતી હતી. આશરે કુલ; ૧૫૦૦ થી ૧૮૦૦ સ્થાનિક તથા બહારગામના માણસોએ અધિવેશનમાં ભાગ લીધો હતો, પરિષદનું ઉદ્ઘાટન શ્રી કસ્તુરભાઇ લાલભાઇના હસ્તે થયું હતું. બન્ને પ્રમુખોનો સ્વાગત–સંમારંભ ૧૮ બળદના રથથી પરિષદ ઉજવાયો હતો. ભારતીય જૈન સ્વયંસેવક પરિષદનું જાહેર અધિવેશન પણ આ પ્રસંગે માલેગામવાળા શ્રી મોતીચંદ વીરચંદનાં નેતૃત્ત્વપણામાં મલ્યું હતું. જૈન મહિલા પરિષદ પણ શ્રીમતી તારાબ્હેન માણેકલાલની અધ્યક્ષતામાં જુનાગઢખાતે આ દરમ્યાન ભરાઇ હતી.

—યૂરોપ એશીયાના દેશોમાં હમણાં-હમણાં ઇરાનનાં તેલનો પ્રશ્ન ચકડોળે ચઢ્યો છે. ઇરાનની સરકારે તેલની મેનેજમૅન્ટનું રાષ્ટ્રીય કરણ કરવાનો પોતાનો નિર્ણય મક્કમપણે જાહેર કર્યો છે. જેના પરિણામે અમેરીકા તથા ઈંગ્લાન્ડના માંધાતાઓનાં સિંહાસનો ડગમગવા લાગ્યા છે. પ્રેગની આંતરાષ્ટ્રીય અદાલતમાં આને અંગેની ફરિયાદ રજૂ થઇ છે.

—શ્રી અક્ષયતૃતીયા વર્ષીતપનાં પારણાનો સમારંભ પાલીતાણાખાતે સારી રીતે ઉજવાયો હતો. લગભગ ૭૦૦–૮૦૦ તપસ્વી ભાઇ-બ્હેનોનાં પારણા થયા હતાં. જેમાં મુખ્યત્ત્વે મારવાડ, માલવા, મેવાડના ભાઇ-બ્હેનોની સંખ્યા વિશેષ તરવરતી હતી.

—હીન્દની પાર્લામેન્ટમાં વડાપ્રધાન પં૦ જવાહરલાલે, હિંદી બંધારણની કેટલીક કલમોમાં સુધારો કરતું બીલ રજૂ કર્યું હતું. જેણે દેશભરમાં વિરોધનો વંટોળ જગાવ્યો હતો. પત્રકારોએ પણ આ સ્હામે ઉગ્ર આંદોલન ઉભું કર્યું હતું, પણ આખરે કોંગ્રેસપક્ષની બહુમતિથી એ બીલ હિંદી પાર્લામેન્ટમાં પસાર થઇ ગયું.

—કાસ્મીર પ્રશ્નનો ઉકળતો ચરૂ હજુ ત્યાંનો ત્યાં જ ઉભો છે. યૂનોનું કમીશન હજુ, બન્ને દેશો હિંદ-પાકીસ્તાનને પરસ્પર લડાવી મારવાની ભેદનીતિ અજમાવ્યા કરે છે. પરિણામે, કોકડું બધું ગૂંચવાતું જાય છે.

—દેશની મહાન રાજકીય સંસ્થા હિંદી મહાસભા-કોંગ્રેસમાંથી શ્રી કૃપલાણી આદિ જૂના કોંગ્રેસમેનો લગભગ ૧૫૦૦ની સંખ્યામાં રાજીનામા આપીને છૂટા થયા છે. એક જાહેર નિવેનદ્વારા તેમણે જણાવ્યું છે કે, ‘ કોંગ્રેસ નૈતિક દૃષ્ટિએ પતન પામતી જાય છે. સત્તા અને લાગવગ એજ મુખ્યત્ત્વે કોંગ્રેસમેનોનું ચલણીસૂત્ર બન્યું છે. કોંગ્રેસનું વિસર્જન એજ આજે દેશના ઉદય માટે આવશ્યક છે. ’

—રાજકોટ મુકામે તા. ૨૦–૫–૫૧ ના સૌરાષ્ટ્ર પ્રાથમિક શિક્ષકસંઘની મહાસમિતિની બેઠક મલી હતી... ગીરાસદારો અને ખેડૂતો વચ્ચે ઉભા થયેલા વિખવાદનું શાંતિમય સમાધાન થઇ ગયું છે...પાકીસ્તાનમાં ‘ હિંદુસ્તાન હમારા હૈ ’ નો હિંદ વિરોધી નાદ ગૂંજતો થયો છે...ચૂંટણી પૂરતું ડાંગ હાલ સુરત જિલ્લામાં

[અનુસંધાન પેજ ૧૮૪ માં જુઓ]

# દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માની પૂજના.

**શ્રી** અરિહંતદેવનો ઉપકાર સમસ્ત સંસારપર એક સરખી રીતે છે. અકારણ હિત-વત્સલ તેઓએ જગતને જીવવાનો માર્ગ દર્શાવી, સંસારને ધર્મ-સંજીવિની આપી છે. તેમના અનંત ઉપકારોનું ઋણ કેમેય વળી શકે તેમ નથી. તેમણે દર્શાવેલા ધર્મમાર્ગે ચાલી, તેઓની આજ્ઞાનું આરાધન કરવા સિવાય સંસારનાં દુઃખોને પાર કરવા માટે અન્ય કોઈ તરણોપાય નથી.

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાના બહુમાનને જીવનમાં પ્રાપ્ત કરવા, તેમની પૂજા, ભક્તિ, અને સેવના એ જ સાચો માર્ગ છે. શ્રી તીર્થંકર પરમાત્માની શમરસમય ભવ્યમૂર્તિની પૂજા-અર્ચના દ્વારા ભક્ત આત્માઓ પોતાના બહુમાનભાવને વધુ સુસ્થિર બનાવે છે. દ્રવ્યપૂજાથી ભાવપૂજા કરવાને માટે પૂજક પોતે હૃદયના નિર્મલ ભાવથી સદા ઉત્સુક રહે છે. પરંપરાયે પરમાત્માનો પૂજક ભક્ત, પરમાત્માના માર્ગનો અનન્ય આરાધક બને છે.

**આ** માટે દયાનાં જળથી સ્નાન કરી, પૂજક, સંતોષરૂપ શુભ વસ્ત્રોને ધારણ કરે છે. વિવેક તિલકથી પૂજક પોતાના ભાલસ્થળને શોભાયુકત કરીને શુભ ભાવનાઓથી પવિત્ર તે ભાવિક, ભક્તિરૂપ ચંદનથી મિશ્રિત શ્રદ્ધા-કેસરના ઘોળણાથી શ્રી અરિહંતદેવની પૂજા કરવાને તત્પર બને છે. પૂજ્યતમ પરમાત્માની સેવા-ભક્તિ કરનાર ભાવુકના હૃદયસરોવરમાં દયાભાવના પવિત્ર-નિર્મલ ઝરણાઓ સતત વહેતાં જ રહે છે, અને દ્રવ્ય તથા ભાવ કરૂણાના જલસ્ત્રોતથી નિરંતર પરિપૂર્ણ તે ભવ્ય આત્મા વિવેકપૂર્વક જીવન જીવનારો હોય છે.

જગદ્બંધુ જિનેશ્વરદેવનો ભક્ત જાતના અનન્ય સમર્પણપૂર્વક-અર્પિતભાવે પ્રભુભક્તિને આચરનારો હોય; આથી જ શ્રદ્ધા તથા બહુમાનભાવ તેના આત્મામાં અખંડપણે રહેલો હોય. સુદેવ, સુગુરૂ તથા સદ્ધર્મને જાણી-સમજી, તેના પ્રત્યેની શ્રધ્ધા, અપૂર્વ બહુમાનભાવ તેમજ અદ્ભૂત નિષ્ઠાથી તેની સેવા કરવા એ સદા સર્વદા ઉત્સુક રહે. એને મન જગતની સઘળી ઋદ્ધિ, સિદ્ધિ કે સમૃદ્ધિ આ તત્ત્વત્રયીની આગળ તૃણવત્ છે. 'से अट्ठे से परमट्ठे सेसे अणट्ठे'- 'આ જ અર્થ છે, આ જ પરમાર્થ છે, એ સિવાય અન્ય સઘળું અનર્થરૂપ છે'- આ આત્મ-શ્રદ્ધા, અરિહંતદેવના સેવક ભકતનાં હૃદયમાં નિશ-દિન રમમાણ હોય. આવી અનન્ય આત્મનિષ્ઠાના પ્રભાવે સંસાર સાગરના મહાદુઃખોને તરીને પાર કરવાનું અલૌકિક આત્મ-સામર્થ્ય તે પુણ્યવાન આત્માને અવશ્ય પ્રાપ્ત થાય છે. ખરેખર ભક્તિ એ મહામૂલ્ય રસસિદ્ધિ છે. પત્થરને પણ પારસ બનાવવાની તાકાત આ પ્રભુભક્તિમાં રહેલી છે.

પ્રભો! અનન્ય પ્રેમભાવથી ત્હારી પૂજા-ભક્તિ કરવાનું આત્મસામર્થ્ય મારા જેવા દીન-હીન પામરજનમાં પ્રગટો! એ જ એક **દેવાધિદેવ! પરમાત્મા! તારા ચરણોમાં મારી વિનીત પ્રાર્થના.**

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

**તદ્દન ખરામાં;** પહેલું ઇનામ મેળવનાર ભાગ્યશાલી; **શા. મનહરલાલ પ્રભુદાસ;** C/o પ્રભુદાસ વીરપાલ; મુ. જોરાવરનગર [સૌરાષ્ટ્ર] રૂા. ૬, રોકડા.

**એક ભૂલમાં; ૨૧,** ૧ શાહ કનુભાઈ લાલભાઈ–મીયાગામ–કરજણ. ૨ શાહ કીર્તિકાંત પોપટલાલ–લીંબડી–સૌરાષ્ટ્ર; ૩ એન. બી. શાહ–આમોદ. ૪ શાહ શાંતિલાલ છોટાલાલ–આમોદ. ૫ હિંમતલાલ જયંતિલાલ દોશી–વઢવાણ શહેર. ૬ શા. દલસુખલાલ જશરાજ–નવસારી. ૭ રતિલાલ સી. સોલંકી–દહાણુરોડ. ૮ નગીનદાસ મલીચંદ શેઠ–બોટાદ. ૯ **ઇન્દિરાબ્હેન રાયચંદ**–જામનગર. ૧૦ લાલજી વેલજી ગુઢકા–નવાગામ–[જામનગર]. ૧૧ શાહ બાલચંદ મણિલાલ–ખીમાણા[થરા]. ૧૨ **સુધાબ્હેન;** C/o રતિલાલ મગનલાલ એન્ડ કું.–મુંબઈ. ૧૩ શા. નવનીતલાલ ગોરધનદાસ–પુના કેમ્પ. ૧૪ પ્રમોદકુમાર નંદલાલ શાહ–કડી [ગુજરાત]. ૧૫ શાહ ચીમનલાલ ઉગરચંદ–અમદાવાદ. ૧૬ જયસુખલાલ અમૃતલાલ–પાલીતાણા. ૧૭ નવીનચંદ્ર રતિલાલ–વઢવાણ શહેર. ૧૮ શા. દેવજી જેઠાભાઇ–મુંબઇ. ૧૯ દિનેશચંદ્ર બાબુભાઇ ઝવેરી–મુંબઇ.


**એક ભૂલમાં રદ થયેલાં કૂપનો;** ૧ **માલતીબ્હેન રમણલાલ શાહ.**–જુન્નેર [પુના]. ૨ મહેતા નારણજી ચત્રભુજ હમીરપુર–વાગડ.

**બે ભૂલવાળા હરિફો ૭; ૧ શ્રીમતી જમનાબ્હેન ભગવાનજી શેઠ** જોડીયાબંદર [સૌરાષ્ટ્ર]. ૨ શાહ રતિલાલ ચંદુલાલ પાલેજ. ૩ શા જિતેન્દ્રલાલ બાબુભાઇ સુરત. ૪ ચીનુભાઇ આત્મારામ શાહ પુના. ૫ ધનસુખલાલ હીરાલાલ નવસારી. ૬ શા. ધરમશી ભાઈચંદ વાંકાનેર. ૭ નરશી ગોવિંદજી જોગેશ્વરી.

**૧ ઉત્તેજનપાત્ર હરિફ; ૧ બ્હેન રસિકબાળા** લાલજી કાનજી મુંબઇ ૨.


જિનમંદિરોને માટે ઉપયોગી

રથ, હાથી, ઈન્દ્રધ્વજા, ગાદી, પાલખી, ભંડાર અને પેટી વગેરે તેમજ શાસ્ત્રોક્ત પદ્ધતિ મુજબનું સિંહાસન, લાકડાનું કોતરકામ તથા સોના–ચાંદી વગેરે જડી આપનાર



–: લખો :– **વ્રિજલાલ રામનાથ મિસ્ત્રી–પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]

# ઉઘાડી આંખે.... પન્નાલાલ જ. મસાલીઆ.

ઉત્તર, દખ્ખણ ચારે કોર ઘૂસી ગએલી ભોજનશાળાઓ, વીશીઓ અને લૉજોએ થોડો આરામ તો જરૂર આપ્યો; પરંતુ સાથે અનુપમ સાધર્મિક વાત્સલ્યની શ્રેષ્ઠતા અને ભક્તિમય સુપાત્રદાન પરત્વેની આપણી પાંખો મૂળમાંથી જ કાપી નાંખી આપણને જીવનની મધુરતા રહિત કર્યા.

....આ અનુકૂળતાએ જ આપણા આર્ય–સંસ્કારનો છુંદો વાળી ભવ્ય સુમેળનો ચોકખો ભંગ કીધો છે. અને એણે જ સેવા અને સગવડનાં રૂપકડાં નામ નીચે આપણાં સ્વાશ્રય અને પવિત્ર દાન ભાવનાઓનાં ભવ્ય સ્વપ્નોનો ઘાણ વાળી દીધો છે.

આ સમજાશે ખરૂં ?

**આ**ગગાડી, મોટર અને હવાઇ જહાઝના સિદ્ધિ રસિયાઓએ 'ટાંગાતોડ' પ્રવાસ કે તીર્થયાત્રાઓની ભાવભરી લિજ્જત સર્વથા વેચી ખાધી છે.

....આ 'ઝડપીવેગ'ના અતુલ પરાક્રમે તો સમાનશીલ સ્વજનોનાં થતાં મીલન, પ્રેમ અને અતિથિ સત્કારના મૃદુ ખ્યાલોનો ય સમૂળો નાશ કીધો છે.

ગામે ગામનાં સુંદર પવિત્ર જિન–મંદિરોનાં દર્શન અને આ પૂજનનાં તો હવે માત્ર સ્વપ્નો જ સેવવાં રહ્યા ને ?

••

**શાં**તિને મૂર્ત કરતી તારક પ્રતિમાઓ અને વિશ્વમાં શ્રેષ્ઠ એવી જિન–મંદિરોની રમ્ય શ્રેણિઓનો આપણને યુગભર સુંદર વારસો મળ્યો છે. છતાં દેવવિમાન જેવાં સર્વશ્રેષ્ટ મંદિરો અને મૂર્તિઓને આપણે પૂજારી જેવા ભાડૂતી માણસોને ભળાવી સંતોષ માની રહ્યા છીએ. પણ જૂઓ, બેદરકારીમાં એની સુંદર કલાકૃતિઓ પર ચૂનાના થર ને થર ચડાવી દીધા છે, તો કયારેક અજ્ઞાનને વશ બની ભગવાનની બગલ સુધ્ધાં સીમેન્ટથી ભરી દીધી છે. કદી પ્રાચીન લેખો ભૂંસી નાખ્યા છે, તો કદી સુંદર શ્વેત આરસ પર રંગના લેપડા માંડી દીધા છે.

....મળતા વિરામને ખાતર જે અદ્ભૂત સર્જન ગુમાવી રહ્યા છીએ તે 'ન ભૂતો ન ભવિષ્યતિ' પાછું કદી મળવાનું નથી. સુખશીલતાના માદકનશામાં આપણે કેટ–કેટલું ગુમાવ્યું છે !

રે નશીબ !

••

**આ** આપણું શિક્ષણ સાહિત્યિક પ્રસાદની પોકળતાની તો શી વાત કરવી ? પાશ્ચાત્ય ચકાવાની આંધળી નકલ અને નરી ગુલામી સિવાય એણે બીજી શી મહત્ત્વની ધાડ મારી છે ? આ લંગોટિઆ શિક્ષણે નવ પેઢીઓને સત્ય અને સિધ્ધાંત વિહીન બનાવી એના હૈયાનું શ્રદ્ધારૂપી અમી ચૂસી લીધું છે, નૂર હણી લીધું છે. મતિ મૂંઝવી નાંખી છે.

....આમ કોકડું ગુંચવાયા છતાં દેશના મોટેરા પુરુષો હજી રજમાત્ર પણ સળવળતા નથી, જાગતા નથી.

ત્યારે ભાગ્યને જ દોષ આપવો રહ્યો ના ?

અને આ પરાક્રમ કોનાં ગણવાં ? જેણે ભારતની મહાનુભાવ અને મહાત્મા જેવી સત્યનિષ્ઠ પ્રજાને ચોર, ડાકુ અને જંગલી માની કાયદા અને કિતાબોના પાશમાં જકડી લીધી છે. રક્ષણનાં બહાનાં તળે ભારતની પવિત્ર ધરા પર ચોકીઓનાં છૂમંતર લગાવી દીધાં છે. આપણે કયારેય આટલા બધા નિર્બળ હતા ?

# કેદારનાથનું કંકણ........પંન્યાસજી મહારાજ શ્રી પ્રવીણવિજયજી ગણિવર.

એક દિવસ એક બીલાડી ફરતી ફરતી કોઇના ઘરમાં પેઠી. ઘરમાં આમતેમ રેડીયમના જેવી ચમકતી આંખો ચારે દિશાએ ફેરવતા રસોડા તરફ એની નજર ગઇ, ત્યાં દૂધથી ભરેલું એક મટકું જોવામાં આવ્યું. તરત જ ઉપરનું ઢાંકણુ ધીમે રહીને નીચે ગબડાવી નાંખી દૂધ પીવા માટે તેણે મોં અંદર નાંખ્યું કે તરત જ ઘરનો માલીક આવી ચઢયો; માલીકના

...સત્ય અને સ્વાર્પણની રોમાંચભરી વાર્તા જવા દઇએ, તો પણ આજે આપણે એટલા બધા દીન, હીન અને પરાધીન બની ગયા છીએ, કે પોતાની બેન-દીકરીઓનું પણ રક્ષણ કરવાને નાકૌવત પુરવાર થયા છીએ !

આથી વિશેષ શરમ બીજી કઈ હશે ?

●●

મહા સ્થવિરો માટે મગધ, કોશલ, નેપાલ અને બ્રહ્માવર્તમાં વિચરવાની પ્રણાલિકામાં જરાએ નવતર નથી; ઉપરાંત ચીન, મહાચીન, મલય અને કાંબોજ વગેરે દૂરની દેશ-સીમા સુધી જૈનધર્મના જ્ઞાતા મહાપુરૂષો વિચરી, સત્ય અને અહિંસા ધર્મનો ઉપદેશ આપતા હતા.

...આપણા ત્યાગી મહાત્માઓ જો આ જૂની પ્રથા પુનઃ સજીવન કરે તો ભારત દેશના ખુણેખુણા આત્મ-આનંદની પવિત્ર લહરીઓમાં ઝુલી ઉઠે, દેશમાં વ્યાપ્ત બનેલી ઘોર હિંસા તદ્દન નાબૂદ બને, અંધકારભર્યા વિશ્વમાં શાંતિના દીવડા જળહળી ઉઠે અને માનવ ફૂલ ફરી એકવાર ખૂબ સુગન્ધમય બને, પણ એ માટે પ્રાથમિક તૈયારી કરવા જૈન સંઘના શક્તિશાલી શ્રાવકવર્ગમાં જાગૃતિનું તેજ પ્રગટે ત્યારે ને ?

ભસ્મગ્રહનાં અરમાન હવે તો ઉતરવાં જોઇએ વારૂ !

હાથમાં લાઠીને જોઇ બાવરી બનેલી બીલ્લીબાઈ ઝટ નાશવાની કોશિષ કરે છે, પણ મટકાનું મોં સાંકડું હોવાથી મોં નીકળતું નથી. એટલે મટકાની સાથે જ નાસવા જતા મટકું ભીંત સાથે અફળાવાથી ફૂટી ગયું, અને તેનો કાંઠલો તેના ગળામાં જ રહી ગયો. કાંઠલા સાથે બીલ્લીબાઈ જંગલમાં એક વિશાળકાય વૃક્ષના નીચે જઇ બેઠાં. ત્યાં ઉંદરોનું એક મોટું દર છે, તેમાંથી ઉંદરો બહાર આવે છે અને અંદર જાય છે. કોઇપણ વખત નહિ જોયેલા વિચિત્ર આભૂષણવાલા બીલ્લીબાઇને જોઇને ઉંદરો ઘડીભર આશ્ચર્યમુગ્ધ બની તેની સામે ટગર ટગર જોયા કરે છે. આ બાજુ બીલ્લીબાઇ વિચાર કરે છે કે, ' મારા ગળામાં કુદરતે રહી ગયેલો આ કાંઠલો ઉંદરભાઇઓને મારા ઉપર વિશ્વાસ જમાવવા માટેનું સુંદર સાધન થઇ પડશે. '

એમ વિચારી જ્યારે ઉંદરો બહાર નીકળે છે ત્યારે તે બીલ્લીબાઇ તેમને કહે છે કે, 'આવો ! હવે તમારે લેશ માત્ર ભય રાખવાની જરૂર નથી. કારણ કે હું તીર્થયાત્રા કરીને આવી છું અને હવે પછી કોઇપણ જીવની હિંસા નહિ કરવાની મેં ત્યાં પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે અને એનાં ચિન્હ તરીકે જુઓ મારા ગળામાં મેં આ કેદારનાથનું કંકણ પહેર્યું છે. '

બીલ્લીબાઇના આવા વિશ્વાસઘાતી વચન ઉપર વિશ્વાસ રાખી ત્યારબાદ સઘળા ઉંદરો નિર્ભયપણે બહાર ફરે છે. બહાર ફરીને સઘળા ઉંદરો દરમાં ઘૂસે છે. ત્યારે સૌથી છેલ્લે રહી ગયેલા ઉંદરને બીલ્લીબાઇ પકડી લે છે. આમ ઘણો સમય સુધી પોલ ચાલી. ઉંદરોની સંખ્યામાં ઘણો ઘટાડો થતો જોઇ સહુને બીલ્લીબાઇની બદદાનત ઉપર શક ગયો. તેથી આ વાતનો નિશ્ચય કરવા માટે તેઓએ એક ઉંદરની પુંછડી કાપી નાંખી તેને બાંડો બનાવ્યો અને તેને સૌથી છેલ્લા નંબરમાં આવવા કહ્યું. બીજે દિવસે બધા ઉંદરો બહાર નીકળ્યા બાદ અંદર ગયા કે છેવટમાં રહેલા બાંડા ઉંદરભાઇને બીલ્લીબાઇએ ઝડપી લીધા. લાંબા સમય સુધી બાંડો ઉંદર આવ્યો નહિ, ત્યારે તે સઘળાઓને બીલ્લીબાઇના કેદારનાથના કંકણ તરફ તિરસ્કાર છૂટવા સાથે તેની ચાલબાજી પકડાઇ ગઇ. બીજે દિવસે તો બધા ઉંદરો બહાર નીકળ્યા

પણ તેનાથી દૂર દૂર ફરી રહ્યા છે. બીલીબાઇ તેમને કહે છે કે, 'આવો આવો શા માટે ડરો છો?' ત્યારે તે ઉંદરો તેને જવાબ આપે છે કેઃ—

**नमस्तुभ्यं नमस्तुभ्यं, नमः केदारकंकणे।**

**सहस्त्रेभ्यः शतं नास्ति, बंडपुच्छो न लभ्यते॥**

અર્થઃ–તમને નમસ્કાર થાઓ, તમને નમસ્કાર થાઓ, અને તમારા કેદારનાથના કંકણને પણ નમસ્કાર થાઓ. કારણ કે હજારમાંથી આજે સો પણ રહ્યા નથી અને બાંડા પુચ્છડાવાળો તો મળતો જ નથી.

ઉપરોક્ત દૃષ્ટાન્તમાંથી સાર એ લેવાનો છે કે, 'આજકાલ પણ ઘણા ઠગ ભગતો બીલાડીએ પહેરેલા કેદારનાથના કંકણની માફક પવિત્ર અનુષ્ઠાનોનો તથા પવિત્ર ધાર્મિક ઉપકરણનો દુરૂપયોગ કરી ભોળી જનતાને ઠગવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

## : દૃષ્ટાન્ત તરીકે :

ફ્રન્ટીયર મેલની ઝડપે હાથ ઉપર ફરતી મોટા મણકાવાલી માળાનો ઉપયોગ ભોળી જનતાને ફસાવવા માટે હોય પરંતુ તેમની પાછળ આત્મકલ્યાણનો હેતુ જો ન હોય;

કપાળ ઉપર કરવામાં આવતો ગોળ મટોળ ચાંદલો અજ્ઞાન જનતાને છેતરવામાં જ કામ લાગતો હોય, પરંતુ વીતરાગ પ્રભુની શક્ય આજ્ઞાઓને શિરે ધાર્ય કરવા માટે જો ન હોય;

સુંદર ક્વર અને સુંદર કાગળવાળા સંસ્થાઓના રીપોર્ટમાં માત્ર લાંબી લાંબી ડાહી ડાહી અને વાયડી સેવાની વાતોના તડાકાજ મારવામાં આવ્યા હોય, પરન્તુ તેમાં લખેલી એક પણ વસ્તુનો અમલ જો ન હોય;

સાધુવેશ માત્ર ભોળી જનતાને આકર્ષવા માટેજ હોય પરન્તુ તે વેશની સંપૂર્ણ વફાદારી અને તેની પાછળ રહેલા સુંદર આચરણનું દેવાળું હોય,

હાથવણાટના સુતરનો અને બગલાની પાંખ જેવો સફેદ ખાદીનો ઝભ્ભો માત્ર દેશભક્ત તરીકે ગણાવવા પૂરતોજ હોય, પરન્તુ તેની પાછળ દેશસેવાની સાચી સાકર અને શેરડીની મધુરતાને મહાત કરે એવી વ્યાખ્યાન વાણી માત્ર લોકરંજન માટે જ હોય પરન્તુ વાણી પ્રમાણે વર્તન જો ન હોય;

## તો

તે અને તેના જેવી સઘળીએ ડોળઘાલુ ક્રિયાઓ બીલ્લીબાઇએ પહેરેલા કેદારનાથના કંકણ જેવી સમજવી અને તેવી ક્રિયાઓને તથા તે ક્રિયાઓ કરનારા ડોળઘાલુઓને પણ સૌ કોઇએ નવ ગજના નમસ્કાર કરી તેમનાથી સાવધાન રહેવાની ખાસ ભલામણ છે.

## "જ્યોત"

લુહાર ઘણથી લોઢાને ટીપતો હતો. વાસ્તવિક રીતે તો લોઢું જ લોઢાને ટીપતું હતું, એક જ જાતિના એ બંધુઓમાંથી એક સબળ અન્ય નિર્બળને ખાઇ જવાની પ્રવૃત્તિ કરતો હતો. પરંતુ એમાં બિચારા ઘણનો શો વાંક? એ તો નિર્જીવ હતું, અન્યના હાથનું હથિયાર હતું, પરાધીન હતું! એને એમ કર્યા વગર ક્યાં છૂટકો હતો?

પણ આપણે?

આપણે ક્યાં પરાધીન છીએ? સ્વાધીન હોવા છતાંય આપણો સ્વાર્થ સરે એટલા ખાતર આપણા જ માનવબંધુઓને રીબાવવાની, બાળવાની અને મારવાની પ્રવૃત્તિ કરતાં, વર્ચસ્વ સ્થાપવા અન્ય નિર્દોષ વ્યક્તિઓને દુઃખ અને વ્યથાની જ્વાલામાં નથી હડસેલી દેતા?

એક જ દિવસે ફાંસીની સજા કરવી એ વધારે સારૂં છે, પણ એક દિવસે હાથ કાપવા, બીજે દહાડે પગ કાપવા આમ રોજ ને રોજ એક એક અંગનો વિચ્છેદ કરીને મારવા જેવું ક્રૂર કૃત્ય બીજું કયું હોઇ શકે? આપણા સુખ અને સ્વાર્થ, વર્ચસ્વ અને અભિમાનની ખાતર દરરોજ અન્યને માનસિક સંતાપના દાવાગ્નિમાં હડસેલી દેનારા આપણે એક એક અંગનો વિચ્છેદ કરીને મારનારા જેવા જ ક્રૂર છીએ, કદાચ એથીય વધુ નિષ્ઠુર અને પાપી છીએ.

—કુ૦ શ્રીમતી નિવેદિતાબ્હેન.




## નારી જીવનની પ્રતિષ્ઠા.

ઈતિહાસનાં પૃષ્ઠો પર નારીને–નારીનાં જીવનને તેની મહત્તા કે પ્રતિષ્ઠાને; તેના આચાર–વિચારોની પવિત્રતા, સરળ નિર્દોષતા, સંયમપૂત મર્યાદાશીલતા તથા આત્મવિલોપનની અદ્‌ભૂત શક્તિનાં કારણે જ અગ્રસ્થાન અપાયું છે. માટે જ નારીજીવન અમૂલ્ય ગણાયું છે. ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીના કાલથી–આ અવસર્પિણીની આદિથી અત્યાર સુધી; મહાદેવીરૂપ સતી–સાધ્વી સ્ત્રીઓએ જે અપૂર્વ ત્યાગ, અદ્‌ભૂત સ્વાર્પણ, લોકોત્તર સંયમ ઇત્યાદિ દ્વારા જીવન પુષ્પનો પમરાટ સંસારમાં વિસ્તારી મહત્તાને પ્રાપ્ત કરી છે, એ ખરેખર શબ્દાતીત છે.

માતા **મરૂદેવા**એ ઋષભદેવ જેવા પુત્રના જનેતા હોવા છતાં સ્તનકૂક્ષી તે માતાએ, પુત્ર પ્રત્યેના પોતાના વાત્સલ્ય, સ્નેહ, અપાર મમતા તથા મોહ, સ્વાર્થ–આ બધાયને જતા કરી, હયું કઠોર બનાવી; જગતના કેવળ ઉદ્ધારના માર્ગે પ્રયાણ કરનાર પોતાના લાડકા પુત્રને પોતાથી વિખુટો પડવા દીધો; વૃદ્ધવયે આશાનો દોર પુત્ર આમ એકાકી ચાલી નીકળે છતાં એ મહાદેવીએ આ બધું વજ્ર-હૃદયે સહન કર્યું.

**બ્રાહ્મી, સુંદરી** જેવી મહાસતીઓએ છ ખંડના માલીક જેવા પોતાના માડીજાયા ભરત તથા મહાબલી બાહુબલ જેવાના આગ્રહને નકારી; તપ, ત્યાગ, વૈરાગ્ય તથા સંયમના માર્ગે પ્રયાણ આદરી, સ્ત્રીજીવનની પ્રતિષ્ઠાનો વિજયધ્વજ જગતમાં લહેરાતો કર્યો.

**માતા કૌશલ્યા**એ તથા માતા સુમિત્રા-દેવીએ પોતાના પુત્રરત્નોને વડિલની આજ્ઞા ખાતર, શોકયના કારણે સંસારના વૈભવોને લાત મારતા જોવા છતાં આશાના દોર જેવા પોતાના સંતાનોને જંગલમાં જવા માટે, જંગલના ટાઢ, તડકો સહવા માટે મક્કમ દિલે અનુજ્ઞા આપી, સંસારમાં સ્વાર્થત્યાગનું–આત્મ બલિદાનનું આદર્શ ઉદાહરણ જે પૂરૂં પાડયું છે, તે જગતના ઇતિહાસમાં સુવર્ણના અક્ષરોયે લખાઈ ચૂકયું છે. તેમાં પણ **સુમિત્રામાતા**એ તો હૃદયની કોઈ અદ્‌ભૂત વિશાલતા, તથા આત્મ વિલોપન–આત્મ વિસર્જનની કલા દ્વારા નારીજીવનની શૌર્યકથાને રંગી દીધી છે. પોતાના એકના એક પુત્રને શોકયના પુત્રની પાછળ જવાને અનુમતિ આપી, એટલું જ નહિ પણ; લક્ષ્મણને શ્રી રામચંદ્રજીની પૂંઠે જવામાં વિલંબ થતો જોઇ, ઠપકો આપ્યો, એ તો ખરેખર સ્ત્રીજીવનની ધન્યતાનો ચિર-સ્મરણીય બોધપાઠ આપી જાય છે.

**શ્રી રાજમતી** જેવી મહાસાધ્વી, નવ–નવ ભવની પ્રીત–સગાઇને સાર્થક કરવા, શ્રી નેમિનાથ પ્રભુની ખાતર યુવાનવયે ભોગસુખોનાં સ્વપ્ના–મનોરથોને લાત મારવાનું સામર્થ્ય કેળવી, તે પ્રભુના ચરણોને શરણ સ્વીકારી આત્મ કલ્યાણને સાધવા ઉજમાળ બને છે, આ પ્રસંગ ખરેખર નારી–જગતની ધન્યતા પર કલશારોપણ છે.

**શ્રી** ધન્ના-શાલિભદ્રજીની પરમ સતી સ્ત્રીઓ, પતિના આત્મ કલ્યાણના પવિત્ર માર્ગે પોતાના વૈભવો, વિલાસો કે રંગરાગની ભૂખને છંડી, પ્રસન્નતાથી પતિદેવને સંયમી જીવન સ્વીકારવામાં સમ્મતિ આપે છે; એ આર્ય-સંસ્કૃતિની યશોગાથાનો સુવર્ણ પ્રસંગ જ કહી શકાય ને ?

**શ્રી** જંબૂસ્વામી, શ્રી ગુણસાગર-પૃથ્વીચંદ્ર ઇત્યાદિ ચરમ શરીરી પુરૂષરત્નોના આધ્યાત્મિક સંપત્તિની પ્રાપ્તિના માર્ગે કેશરીયા કરીને તેની પાછળ જીવનને ન્યોચ્છાવર કરી, વૈરાગ્ય, ત્યાગ, તપ, તથા ક્ષમા ઇત્યાદિ લોકોત્તર ગુણોને મેળવી; આત્મ કલ્યાણ સાધી જનારા તે તે મહાસાધ્વી સ્ત્રીરત્નોનો આત્મ-સંયમ ખરેખર સંસારને માટે નારી જગતને માટે સોહામણી કલગીરૂપ બને છે.

બુદ્ધ જેવા મહાત્માની પાછળ પોતાના સ્વાર્થને ગૌણ કરી, જીવનભર સાદાઇ, નમ્રતા તથા આત્મ વિલોપન દ્વારા જીવનને અજવાળી જનાર **યશોદા,** નારી સંસારના આદર્શરૂપ છે.

ભગવાન શ્રી મહાવીરદેવ જેવા પુરૂષોત્તમ પતિને, ભરયૌવનકાલે જગત ઉપકારના માર્ગે જવામાં પોતાની સમ્મતિ આપી, સંસારના વૈભવોની લાલચ, તથા જગતના ઋદ્ધિ-સમૃદ્ધિનાં મહાન પ્રલોભનોને લાત મારવાનું આત્મશૌર્ય પ્રગટાવી, વીર-મહાવીરની સાચી પટ્ટરાણી બન્યાનું મહાર્ધ્ય સામર્થ્ય મેળવનાર મહાદેવી **યશોદા** ખરેખર જગતની વંદનીય નારીરત્નરૂપ છે, એ નિઃશંક છે.

પૂર્વકાલીન ઇતિહાસના પૃષ્ઠો, આવાં અનેકાનેક સ્ત્રીરત્નોનાં યશસ્વી નામોથી અમર બની ચૂકયાં છે. તેમ જ ચિરકાલ પર્યંત ઉજ્વળ રહેવાને સરજાયાં છે, એમાં કાંઈ કહેવાપણું નથી રહેતું.

પણ 'સ્ત્રી સ્વાતંત્ર્ય, સ્ત્રી પ્રગતિ, સમાન હક્ક કે ક્રાંતિ, ઉત્ક્રાંતિ; તથા સ્રીશિક્ષણની' -વાતો કરનારા આજના યુગનાં આંદોલનોની પાછળ સ્ત્રીસમાજની પવિત્રતા, મહત્તા, પ્રતિષ્ઠા, તથા નારીજીવનની ધન્યતાનું જે છડેચોક લીલામ કરવાનાં જ ચક્રો એકી સાથે ચોમેરથી ગતિમાન થઇ રહ્યાં છે; તે ચિત્ર જ્યારે મન-શ્ચક્ષુ સ્હામે આવીને ઉભું રહે છે, તેથી અપાર દુઃખ, આઘાત અને મનોવેદનાથી આત્મા અકળામણ અનુભવે છે. કેવળ ભોગ તથા ભાગના હક્ક કે હડકવાના નાદનો નશો આજે સ્ત્રીસંસારના રમણીય આદર્શને પાયમાલીના પંથે દોરી રહ્યો છે. સ્ત્રીજગતની ઉપકારકતા, પવિત્રતા તથા ઉત્તમતા લગભગ ભૂંસાતી જાય છે. એનાં સાચાં સ્વમાન, ગૌરવ કે તેની વંદનીય પ્રતિષ્ઠાના ભાંગીને ભૂકકા થઈ રહ્યા છે. એનાં સ્થાને; સ્ત્રીનું કેવળ ભોગ-ભાગમાં પુરૂષ સમોવડીયું, તથા સમાનહક્ક ને સ્વાતંત્ર્યના નામે કદરૂપું, બિહામણું તથા સ્વચ્છંદિતાનું પાશવી સ્વરૂપ સંસારની લીલી વાડીને નંદવી નાંખી, સંસારના નંદનવનને વેરાન બનાવી રહ્યું છે.

કરૂણાસાગર ! મહાપ્રભો ! અવળા રાહે ચઢેલા આજના યુગને, મહાઅંધકારના-સ્વ-પરનાશના માર્ગેથી પાછા વાળવાનું તથા પૂર્વ-કાલીન સંસ્કૃતિનું શૌર્યતેજ પ્રગટાવવાનું આત્માસામર્થ્ય પ્રાપ્ત થાઓ ! તેમ જ વર્તમાન કાલના સ્ત્રીસમાજમાં નારીજીવનની પ્રતિષ્ઠા, ગૌરવ તેમ જ તેનું સમુજ્જવળ આત્મભાન જાગૃત થાઓ'! એજ એક **કૃપાનિધાન ! અનંતબલી તારા ચરણોમાં અભિલાષા.**

—પૂ. પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિ.

# પર્યુષણ પર્વનું જ્ઞાન-વાચન

## પં. બેચરદાસ

| | |
|---|---|
| પ્રાકૃત માર્ગોપદેશિકા | ૪–૪ |
| રાજપ્રશ્નીય [ ટીકા, વસ્તૃત અનુવાદ, પ્રસ્તાવના તથા કોશ સાથે ] | ૭–૦ |
| પ્રાકૃત વ્યાકરણ | ૪–૦ |
| ભ. મહાવીરની ધર્મકથાઓ | ૨–૮ |
| ભ. મહાવીરના દશ ઉપાસકો | ૧–૮ |

## પં. સુખલાલજી

| | |
|---|---|
| તત્ત્વાર્થ સૂત્ર | ૪–૮ |
| પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો ૧–૨–૩ | ૧–૮ |
| આધ્યાત્મિક વિકાસક્રમ | ૦–૬ |
| પ્રમાણ મીમાંસા | ૭–૦ |
| જ્ઞાનબિન્દુ | ૫–૦ |

## શ્રી ધૂમકેતુ

| | |
|---|---|
| ગૂર્જરેશ્વર કુમારપાળ ૧–૨ | ૯–૦ |
| હેમચંદ્રાચાર્ય | ૨–૮ |
| હેમસમીક્ષા [ મોદી ] | ૨–૮ |
| સુબોધવાણી પ્રકાશ [ ન્યાયવિજયજી ] | ૧૦–૦ |
| જૈન દર્શન ” | ૨–૦ |

## શ્રી જયભિખ્ખુ

| | |
|---|---|
| ભ.ઋષભદેવ | ૪–૮ |
| નરકેશ્વરી વા નરકેસરી | ૪–૮ |
| કામવિજેતા સ્થુલિભદ્ર | ૪–૮ |
| મહર્ષિ મેતારજ | ૪–૮ |
| વિક્રમાદિત્ય હેમુ ભા.૧–૨ | ૮–૪ |
| વીરધર્મની વાતો ૧–૨ | ૫–૦ |
| મત્સ્ય ગલાગલ | ૪–૮ |
| હિંમતેમર્દા | ૧–૮ |
| જવાંમર્દ ભાગ ૧–૨ | ૨–૮ |
| ઉપવન | ૨–૮ |
| પ્રેમભક્ત જયદેવ | ૪–૮ |
| ગઈ ગુજરી | ૧–૮ |
| રાજા શ્રીપાળ | ૦–૮ |
| જૈનધર્મની પ્રાણી કથાઓ | ૧–૪ |

## પ્રકીર્ણ

| | |
|---|---|
| આર્હત દર્શન દીપિકા | ૮–૦ |
| સુંદરીઓનો શણગાર | ૪–૦ |
| સોળ સતી | ૧–૮ |
| ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ૧–૨ | ૫–૦ |
| અર્હન્નીતિ | ૧–૮ |
| અનેકાર્થ સાહિત્ય સંગ્રહ [ ૧૧૬ અર્થવાળી કૃતિ ] | ૨–૮ |
| અમર બલિદાન | ૧–૮ |
| ભાઈબીજ | ૪–૦ |
| સૂરીશ્વર અને સમ્રાટ્ | ૩–૦ |
| The Jinist Studies | 5-0 |
| Studies in jainism | 3-0 |
| Jainas in the history of indian LITERATURE | 2-0 |

## જૈન બાલ ગ્રંથાવલિ

શ્રી જયભિખ્ખુએ નવીન રીતે સંપાદિત કરેલ, નવા ફેરફાર સાથે સુંદર ગેટઅપમાં પ્રગટ થયેલી બે શ્રેણીઃ કિં. ૭ રૂપિયા.

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય** ગાંધી રસ્તો–**અમદાવાદ.**

# ઉપેક્ષા........................ શ્રી જયકીર્તિ

ઉપેક્ષા બે પ્રકારની છે. ઉપકારી પણ છે, ને અપકારી પણ છે. એકથી જીવન ઉંચું ઉઠાવી શકાય છે ને એકથી અધ:પતને જવાનું આમન્ત્રણ મળી શકે છે. એવી બેય પ્રકારની ઉપેક્ષા અહીં વણી લેવાઇ છે તો વાંચકો સારને ગ્રહણ કરે. સં૦

'આજે તો ભાભી, તમારો વારો છે, રસોઇ બનાવવાનો.' સોમભૂતિએ ઘરમાં પેસતાં પોતાના મોટાભાઇ સોમની પત્ની નાગશ્રીને કહ્યું. 'જોઇએ છીએ હવે, કે શાક કેવું સુન્દર બનાવો છો, કાલ એની ખોડ કાઢતા'તાં તે.'

ગઇકાલે સોમભૂતિની પત્ની યક્ષશ્રીનો રસોઇ કરવાનો વારો હતો. જમતાં–જમતાં તેની રસોઈમાંથી નાગશ્રીએ શાકમાં ખોડ કાઢેલી; તે યાદ દેવરાવતાં સોમભૂતિ, નાગશ્રીને પાણી ચઢાવતો હતો, અને વ્યંગ કરતો હતો, કે 'આજ તો હવે અમેય જોઇએ છીએ, કે શાક કેવું સ્વાદિષ્ટ બને છે.'

'એ એવું જ સ્વાદિષ્ટ બનશે, કે તમે અન્નને બદલે શાકનો જ આહાર કરી જશો.' નાગશ્રીએ મોં મલકાવતાં જરા અભિમાન સાથે જવાબ આપ્યો.

'એમ, તો તો પછી જોઇએ જ શું!' કહીને સોમભૂતિ એકદમ બહાર જતો રહ્યો અને નાગશ્રી પોતાનાં કામે વળગી.

સોમ, સોમદત્ત અને સોમભૂતિ ત્રણે ભાઇ હતા. પૈસે–ટકે સુખી હતા અને સંપીને સાથે રહેતા'તા ત્રણેની પત્નીઓને વારાફરતી વારો, રસોઈ રાંધવાનો. આજે નાગશ્રીનો વારો છે. રસોઇ બનાવવામાં આમ તો નાગશ્રી પૂરી કુશળ હતી પણ ગઇકાલે યક્ષશ્રીનાં શાકની પોતે ખોડ કાઢી હતી, તેથી આજે તે રસોઈ અને તેમાંય શાક બનાવવામાં વધુ સાવધાન હતી.

એ સદાય બનતું આવ્યું છે, કે મનુષ્ય જે વસ્તુમાં હદથી વધુ સાવધાની અને ચીવટ રાખવા જાય છે તેમાં તે કંઇને કંઇ કાચું કાપે છે ને વહેલું ગોથું ખાય છે.

નાગશ્રીનું પણ એવું જ બન્યું. જે શાક વિષે તે વધુ કાળજી રાખતી હતી, એ શાકમાં જ તે ગોથું ખાઇ ગઇ. પૂરા મસાલાના સંસ્કાર પછી, શાક કેવું સુન્દર બન્યું છે; એ જાણવાની ઇચ્છાએ નાગશ્રીએ શાક જ્યાં ચાખ્યું, ત્યાં જ એને ખબર પડી, કે પોતે કેટલી મોટી ભૂલ કરી નાંખી હતી.

એકદમ ઉતાવળમાં અને સુન્દર બનાવવાની ધુનમાં નાગશ્રી શાકને ચૂલે ચઢાવતાં પહેલાં ચાખવું પણ ભૂલી ગઇ અને તૈયાર કર્યા પછી ચાખ્યું, ત્યારે ખબર પડી; કે તે શાકમાં એક તીવ્ર કડવાશ હતી.

નાગશ્રીના શોકનો પાર ના રહ્યો, તેને તેની મૂર્ખાઇ અને ઉતાવળ ઉપર બહુ જ ક્રોધ આવ્યો. પણ હવે શું થઇ શકે તેમ હતું. ભોજનનો સમય નજદીક આવી રહ્યો હતો. હમણાં બધાં જમવા આવશે ત્યારે શાક વિના શું પીરસીશ? એ વિચારે નાગશ્રી કંપી ઉઠી, તેલ-મસાલાથી ભરપુર શાકને ફેંકી દેવાની જીગર ચાલતી નહોતી અને તેનું શું કરવું, એ વિચારમાંથી ઊંચું અવાતું નહોતું. નહિ તો બીજું શાક બનાવી લેવાને હજુ પૂરતો સમય હતો.

નકામા વિચારોમાં વ્યગ્ર થઇ, યોગ્યનું આચરણ ન કરનાર મનુષ્ય બન્ને બાજુનું ગુમાવે છે.

પણ નાગશ્રીનું નસીબ કંઇક તેજ નીકળ્યું. સોમભૂતિ આવીને સમાચાર આપી ગયો, 'કે આજે અમે ત્રણે ભાઇઓ જશુ દૂર ફરવા જવાના છીએ એટલે જમવા મોડા આવીશું.' સાંભળતાં જ નાગશ્રીનો ખુશીનો પાર ન રહ્યો.

'કડવા શાકનું શું કરવું, એ પછી વિચારીશું' એમ ચિંતવીને કોઇની પણ નજરમાં ન આવે એમ ગુપ્ત સ્થળે તેને સંતાડી દઇને, નાગશ્રીએ નવું શાક રાંધી નાખ્યું.

બપોરે બધા જમીને ઊઠયા, ત્યારે નાગશ્રીનાં શાકની પ્રશંસા થઈ રહી હતી. તે સાંભળી નાગશ્રી ફૂલાતી હતી. પણ જ્યારે કડવા શાકની સ્મૃતિ વચમાં થઇ આવતી, ત્યારે તેનું બધું ફૂલાવું શમી જતું.

બધાનાં ગયા પછી, નાગશ્રી હવે વિચારી રહી

હતી, ' કે હળાહળ ઝેર શા કડવા શાકનું હવે શું કરવું ? આટલો બધો મસાલો અને તેલ જેમાં વપરાયું છે, એવું શાક ફેંકી કેમ દેવાય અને ખવાય પણ કેમ ? '

આ વસ્તુ અહિતકારી છે, નિરૂપયોગી છે. એમ જાણવા છતાં મોહ હોય ત્યારે મનુષ્ય તેને છોડી શકતો નથી અને કંઇક ઊંધું આદરી બેસે છે.

નાગશ્રીએ પણ આડું વેતર્યું. આંગણે આવેલા એક માસોપવાસી મુનિને ' ચાલો દાનમાં કામે લાગી ગયું, ફેંકી તો ન દેવું પડયું, ' એવો ઘેલો વિચાર કરીને આપી દીધું. મુનિ પણ નિર્દોષ જાણી લઇ ગયા ને નાગશ્રીએ પોતાના માટે દુર્ગતિ ખરીદી લીધી.

નજીવી વસ્તુનો મોહ ફેંકી દેવા લાયક ચીજમાં માત્ર અલ્પ સૌંદર્યના કારણે, ફેંકી દેવાની હિમ્મતનો અભાવ અને જેમ તેમ કરીને ઉપયોગમાં લાવવાની કે લગાડવાની ઘેલછા, પોતાનાં અને સામાનાં ભાવિ તરફ કારમી ઉપેક્ષા સેવડાવે છે. નાગશ્રીનું કર્તવ્ય તેનું પ્રત્યક્ષ ઉદાહરણ હતું.

માસોપવાસી મુનિને ત્યારે ખબર પડી, કે પોતે આહાર લાવવામાં કંઇક ભૂલ કરી નાંખી છે; કે જ્યારે તેમના ગુરૂ મહારાજે તે આહારને જોઇને નિર્જીવ ભૂમિમાં માટી સાથે મેળવી દેવાની આજ્ઞા કરી.

જ્ઞાની ગુરૂના જ્ઞાનથી એ ચીજ બહાર ન રહી શકી, કે આહાર અયોગ્ય શાક કડવું છે, ન ખાવા લાયક છે, અગર ખાવામાં આવે તો પ્રાણુહાનિ નિપજાવે તેવું છે, માટે ધર્મરૂચિ મુનિને આજ્ઞા કરી, કે, ' હે ધર્મરુચિ આ અયોગ્ય આહાર તારે ભોજન કરવા લાયક નથી, તેમ કરવાથી તો પ્રાણુનાશક નીવડે એમ છે, માટે યોગ્ય ભૂમિમાં યોગ્ય રીતે ત્યાગી દઇને, બીજો આહાર લાવી પારણું કર !

ગુરુની આજ્ઞા સાંભળી ધર્મરુચિ અણુગાર શૂન્યવન તરફ ચાલ્યા. એક જગાએ નિર્જીવ ભૂમિ જોઇને, તે કડવું શાક પરઠવવા માટે પાત્ર નીચે મૂકતાં તેમાંથી એક ટીપું નીચે પડી ગયું અને થોડીક જ વારમાં મસાલેદાર શાકનાં રસાનાં ટીપાંની ગંધથી ત્યાં હજારો કીડીયો ઉભરાઈ ગઇ અને તે ટીપાને ચાંખતાં વેંત જ મરી ગઇ. દયાના સાગર મુનિને એ વાત કેમ પાલવે !

પોતાના ભયંકર અપરાધિ સામે પણ અપૂર્વ સમતા ધારણ કરનાર અને તેનું ભલું ઈચ્છનાર મુનિ નિરપરાધી કીડિયોનો ઘાત કેવી રીતે સહી શકે!

મારી અનુકૂળતા ખાતર, મારી કાયા ખાતર આ રીતે હજારો જીવ અકાળે પ્રાણુ મુકત થઇ જાય, એવું કર્તવ્ય કરવાનો મને શો અધિકાર છે ? અને એમાં માનવતા, સાધુતા ને દયા પણ કયાં છે ? પોતાના નિમિત્તે કોઇ પણ જીવના થતા વધની ઉપેક્ષા કરવી, એ આત્મ વધ છે. મુનિનાં દિલમાં વિચારોની ઉર્મિઓ અને કરૂણાની છોળો ઉછળતી હતી.

આ શાક પરઠવવાથી હજારો જીવોનો નાશ થાય એમ છે એથી તો એ ઉત્તમ છે, કે હું પોતે જ આ શાકનો આહાર કરી જાઉં. હું જો આ શાકને નહિ ખાઉં, તો અનેક જીવોનો વિનાશ થઈ જશે, અને ખાઇ જઇશ તો માત્ર મારોજ. બીજાઓનાં દુ:ખની ઉપેક્ષા કરવા કરતાં, આત્મહિતાર્થે પોતાનાં દુ:ખની ઉપેક્ષા કરવી એજ સાધુતા છે.

અનેક વિચારોને અંતે જ્યારે મુનિએ નક્કી કરી લીધું, કે શાક મારે જ ખાઈ જવું, ત્યારે બિલકુલ સ્વસ્થ ચિત્તે ભૂમિ ઉપર બેસીને, એક પછી એક કોળિયે શાક ખાવા માંડયું. શાક ખાધા પછી શરીરમાં ભયંકર પીડા ઉત્પન્ન થઇ, તે પીડાને શુભભાવે સહન કરતા–કરતા મુનિ અવસાન પામ્યા ને પોતાનું કામ સાધી ગયા એમનો દેહ ઢળી પડયો ને હવામાં એક કારમો સુસવાટો આવ્યો ને મુનિની સ્વદુખ ઉપેક્ષાનો મંગલમય સંદેશો લઇને ચારે દિશામાં પ્રસરી ગયો.

અતીત દીર્ઘકાળની ઘેરી દિવાલો ચીરીને પણ આજે એ સંદેશો આપી રહ્યો છે, કે–

હે મૂઢ માનવો ! બીજાનાં દુ:ખને દૂર કરવા નિજ-કષ્ટની ઉપેક્ષા કરવી પડે તોય કરવી અને બીજાને સુખી કરવા તારા સુખ માટે બીજાને દુ:ખી કરવાનો તને બિલકુલ અધિકાર નથી.

# શંકા અને સમાધાન

સમાધાનકાર:-પૂ૦ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વર મહારાજ
[ પ્રશ્નકાર:-શ્રીયુત પથિક. ]

**શં૦** જીવનનો અર્થ શું ?

**સ૦** જિંદગી, પ્રાણનું ધારણ કરવું, આયુષ્ય કર્મનો ઉદય, ગુજરાતીમાં જેને આપણે જીવવું પણ કહીએ છીએ.

**શં૦** જિંદગી શા માટે જીવવી જોઇએ ?

**સ૦** સ્વપરનું કલ્યાણ કરવા માટે.

**શં૦** જીવન જીવવાથી ફક્ત આલોકમાં સારાં-નરસાં કાર્યોને હિસાબે કીર્તિ અને અવજ્ઞા મળે છે, તેથી જીવ કે આત્માને શું લાગે વળગે છે ?

**સ૦** આલોક પુરતું જો જીવન જીવાય તો તમારૂં લખવું બરાબર છે પરંતુ સ્વપરોપકારસ્તુતિરૂપે જીવાય તો તે જીવનથી ઘણોજ લાભ છે અને તે જીવન પુણ્યવંતોને જ મળે છે.

**શં૦** સર્વ કંઇ અહિં મૂકી નર્કમાં ચાલ્યા જવાશે, તો તે અગોચર છે તો પછી જીવન જીવવું જ શા માટે ?

**સ૦** ખરાબ જીવન જીવીએ તો નરકમાં જવાય પણ એવું સુંદર જીવન ગાળીએ કે જેથી મોક્ષ મળે અને એટલી પ્રાપ્તિની હદે પહોંચવાની તાકાત ન હોય તો અહિંના પદાર્થો છોડ્યા છતાં ય પરલોકમાં એના કરતાં હજારો સુંદર પદાર્થો મળે છે, માટે જીવનથી કંટાળી જવું નહિ, પરંતુ કુ-કર્મોથી કંટાળવું એ અતિશ્રેય છે.

**શં૦** લગ્નાદિ વિષય લાલસા પ્રતિના કામોમાં શા માટે ચિત્ત, રસ ધરાવતું હશે ? અને તેથી તેને શું આનંદ કે સુખ મળતું હશે ?

**સ૦** તીવ્ર કર્મના ઉદયથી, વળી તેમાં નથી તો વાસ્તવિક સુખ અને નથી તો આનંદ, કેવળ સુખ અને આનંદની ભ્રમણા છે.

**શં૦** સંયોગ પછી પણ તેને માનસિક અને શારીરિક સંકટોના ફળ સિવાય કશું પણ મળતું નથી, એ શાને મન નહિ સમજતું હોય ?

**સ૦** અવિરતિના ઉદયથી.

**શં૦** કેટલાક સાધુ-સાધ્વીઓ મૂળાની ભાજીનું શાક વહોરે છે, તે શું સત્ય છે ?

**સ૦** સ્વાદલોલુપી ગણાય એટલે તેવી ચીજો સાધુ-સાધ્વીઓએ તો વહોરવી ન જોઇએ અને શ્રાવકોએ પણ ન ખાવી જોઇએ. જ્યારે મૂળાનાં પાંચ અંગો અભક્ષ્ય ગણાય છે તો પછી તેવી વસ્તુઓ વાપરવી યોગ્ય ન જ ગણાય. જો કે સાધુઓને કૃત, કારિત અને અનુમોદિત ન હોવાથી અને પકવ થયા પછી પ્રાસુક હોવાથી લેવામાં વાંધો નથી એમ કેટલાક કહે છે પરંતુ સાધુઓ ગ્રહણ કરતા હોવાના દૃષ્ટાન્તથી શ્રાવકો ખાતા થાય છે અને આજ કારણ છે કે સ્થાનકવાસીઓમાં કંદમૂલ આદિની અધિક વપરાશ રહી છે, કારણ કે તેમના સાધુઓ છૂટથી વહોરે છે.

**શં૦** ધર્મલાભનો વાસ્તવિક અર્થ શું ?

**સ૦** દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારણ કરી રાખે અને સદ્ગતિમાં સ્થાપે એવી આત્માની અવસ્થાનો લાભ તેનું નામ 'ધર્મલાભ' છે.

**શં૦** પાત્રાના ગુચ્છા વગેરે પ્રથમના જમાનામાં

---

## એને બદલે

આજના બુદ્ધિમાન ગણાતા પુરૂષો પોતાનાં જીવનને મહામૂલુ બનાવી, બીજાને દુઃખ દે છે અને બીજાને પણ તે માર્ગે તત્પર કરે છે.

આંખ મીંચીને છતી આંખે અંધાપો વહોરીને પ્રગતિના નામે પાપમાં આગળ વધનાર આજના બુદ્ધિમાનો આંખ ખોલીને અતીતને નિહાળશે ?

ગામમાં જ્યારે ખબર પ્રસરી ગઈ કે અનુચિત ઉપેક્ષા કરીને નાગશ્રીએ માસોપવાસી મુનિને કડવું શાક દાનમાં વહોરાવ્યું હતું, ત્યારે એના નામ પર ફિટકારનો પહાડ ખડકાઇ ગયો

તેના પતિએ પણ ઘરમાંથી કાઢી મૂકી અને શ્રીમંત ઘરની નાગશ્રી ઘરઘરની રખડતી ભિખારણ બની. એ હતું એની માસોપવાસી મુનિની ઉપેક્ષાનું ઐહિક પરિણામ.

અચાનક અને સહસા વિહાર કરવા પડતા હતા તેથી બાંધવા આદિની આવશ્યક્તા બરોબર હતી પણ અત્યારે તો તેમાનું કશું પણ છે નહિ કારણ કે આજે બીજી પ્રવૃત્તિઓથી પરવારતા ઘણો સમય પસાર થઇ જાય છે, તો આમાં શીદને વ્યર્થ સમય બગાડવો જોઇએ ?

**સ૦** પાત્રાના ગુચ્છા બાંધવામાં ઘણા લાભો છે, માત્ર એકજ ધ્યેય નથી. આજકાલ પણ અચાનક અને સહસા વિહાર ન જ કરવો પડે એમ એકાન્તે કહી ન શકાય, કારણ એવા પ્રસંગો એકદમ થઈ જાય છે. વીતરાગદેવની આજ્ઞાના પાલનમાં સમય બગડે છે એમ માનનારની આસ્થા-શ્રદ્ધામાં ઠેકાણું નથી. ખરો સમયનો સુધારો પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવામાં છે અને આજ્ઞા ફરમાવનાર ત્રિકાલજ્ઞ હોવાથી એઓશ્રીના સિદ્ધાન્તો ત્રણે કાલમાં એક સરખા જ હોય છે, એમાં નાહકના વિકલ્પો કરી બુદ્ધિને વિકલ્પોમાં નાંખી ધર્મ-શ્રદ્ધાથી પતિત થવું ઠીક નથી.

**શં૦** ગુચ્છા બાંધવાનું તાત્પર્ય શું ?

**સ૦** તમસ્કાય વગેરેથી થતી હિંસાનો અભાવ, ઉપકરણનું સંરક્ષણ અને પ્રભુની આજ્ઞાનું પાલન આદિ દૃષ્ટાદૃષ્ટ અનેક ફાયદા છે.

**શં૦** સાધુઓના ઓઘામાં ઉનનાં જ ઓઘારીયાં બાંધવા જોઇએ કે ફલાલીન કે રેશમી ચાલી શકે ?

**સ૦** મુખ્યત્વે ઉનનાં ઓઘારીયાં વાપરવાનો આદેશ છે.

**શં૦** સાધુઓને શય્યાતરનું ઘર ત્યાગ કરવાની જરૂર શી ? કદાચ અપ્રીતિ દર્શાવાય તો તે બરોબર છે પણ તે કયા જમાનાને કે જે યુગમાં ગિરિકંદરાઓ અને વન જંગલોમાં વસતા...કો કદા ગામ-નગરોમાં આવતા ત્યારે કોઇ સદ્‌ગૃહસ્થના મકાનમાં માંગણી કરીને રહેતા અને બીજે દિવસે રહેવાની આવશ્યક્તા જણાતી તો જ તેના ઘરનું કશું લેતા નહિ ત્યારે. અત્યારે તો પરિસ્થિતિ જ ઊલટી જ છે, તો હવે શા માટે ત્યાગ કરવું જોઇએ અને તેનાથી આત્મિક લાભ શું ?

**સ૦** સજ્ઝાતરનું ઘર ત્યાગ કરવાનું ત્રિકાલજ્ઞ પ્રભુએ ફરમાવેલ હોવાથી તેનો સ્વીકાર ત્રણે કાલમાં જરૂર હોવો જોઈએ, કારણકે તેઓશ્રી લાભાલાભના જ્ઞાતા હતા. 'ત્યાં પહેલાના જમાનામાં આમ હતું અને હાલ આમ છે,'-એવું દોઢ ડહાપણ ચાલે નહિ. અત્યારે પણ મકાન આપનાર બીજા ખર્ચના બોજા તળે આવી જાય તો અપ્રીતિ થવાનો સંભવ રહે. સામુદાયિક ઉપાશ્રય હોય અને ત્યાં વારાફરતી રોજ એક એક ત્યાગ થતો હોય તો પ્રભુની આજ્ઞાનું બહુમાન ધરાવતું પાલન છે, એટલે તેના સામે વ્યર્થ બચાવ કરવો ઠીક નથી અને પ્રભુ આજ્ઞાનું પાલન એજ આત્મિક મહાન લાભ છે.

**શં૦** નવકારવાલી ગણવાથી શું લાભ ? અને કેવી રીતે ગણવી જોઇએ ? તેમજ ઓછામાં ઓછી એક સાથે કેટલી ગણવી જોઇએ ?

**સ૦** શ્રી પંચપરમેષ્ઠિનું ધ્યાન અજ્ઞાનને દૂર કરી પ્રાણીને સજ્ઞાન બનાવે છે. પાપ પ્રવૃત્તિવાળાઓને પણ હાર્દિક પ્રકાશ આપી ધીમે ધીમે શુદ્ધ બનાવે છે. ભીલ-ભીલડી જેવા પણ શ્રી નવકાર મંત્રના જાપથી રાજા-રાણી બની સ્વર્ગ સુખનાં ભાગી થઇ મુક્તિપદને પામ્યા છે. જે નવકારવાલીનું જાણીતું ફલ છે. તેમાં શો ફાયદો પૂછવું એ અમને તો ઘણું જ આશ્ચર્ય લાગે છે. કઈ આંગલીએ અને કેવી રીતે ગણવી, ઇત્યાદિ ગીતાર્થ ગુરૂ પાસેથી માહિતગાર થવું. ઓછામાં ઓછી એક નવકારવાલી ગણવી જોઇએ [ જે ગણવાની શરૂ કરી હોય તેને અધૂરી મૂકવી નહિ. ]

**શં૦** આરતિ ઉતારવાનો હેતુ શો ?

**સ૦** ભવની અરતિ-પીડા હરવા માટે.

**શં૦** આરતિ તથા મંગલદીવો ઉતારતાં જે આમથી તેમ ચક્કર લગાડવામાં આવે છે તેનું કારણ શું ? અને તે ચક્કર સાચા કેટલા જોઇએ તથા તે જમણી બાજુથી લેવા જોઇએ કે ડાબી બાજુથી ?

**સ૦** ભવ ચક્કરના ફેરા હરવા માટે આરતી અને મંગલદીવાના ચક્કર લગાડવામાં આવે છે, અને તે જ્યાં સુધી તેના પાઠો પુરા ન થાય ત્યાં સુધી જિનાલયમાં જેવી રીતે જમણી બાજુથી ભમતી ફરીએ છીએ તેવી રીતે આરતિ અને અને મંગલદીવાનું સમજવું.

**શં૦** મુહપત્તિની પ્રતિલેખતાં બોલ બોલવામાં આવે છે તેનું કારણ શું ? અને ન બોલે તો શું વાંધો ?

સ૦ મુહપત્તિના બોલમાં ઘણી પાપ પ્રવૃત્તિઓનો પરિહાર છે અને પુણ્ય પ્રવૃત્તિઓનો આદર છે, એટલે તે બોલો બોલતાં તે તે વિષયની ભાવનામાં વૃદ્ધિ થાય છે. બોલ બોલવામાં વિધિનો આદર અને ન બોલવામાં તેનો અનાદર છે. બોલ બોલવામાં પ્રભુની આજ્ઞાનું પાલન પણ છે.

શં૦ કાઉસગ્ગમાં અમુક લોગસ્સ જ કે નવકાર ગણવા તેનું શું કારણ ? વધારે કે ઓછા કેમ ન ગણાય ?

સ૦ તેટલી સંખ્યાવાળો કાઉસ્સગ જ તે તે સ્થાન પર આત્માને અમાન લાભ આપી શકે છે અને આ વાત કેવલજ્ઞાનગમ્ય છે એટલે આપણે તો કેવલજ્ઞાનના આદેશ પ્રમાણે ચાલવું, એમાં ઓછુવત્તું પરિમાણ કરવું તે દવાના ઓછા-વત્તા પરિમાણના વપરાશની જેમ નુકશાનકારી છે. ફાયદો થઇ શકતો નથી. શીશી ઉપર ડોકટરે જેટલા માપનાં નિશાન કર્યાં હોયતે મુજબ જ ડોઝ ન પીવાથી ફાયદો થતો નથી, તે મુજબ અહિં પણ સમજવું.

શં૦ ' नमोऽस्तु वर्धमानाय ' ગીત ગુરૂ એકલા ૧, યાતો ૨, ગાથા બોલે છે તે તથા પકિખ આદિમાં બધી ગાથા બોલે છે, તેનું શું કારણ ?

સ૦ ગુરૂ મહારાજ દેવસિક પ્રતિક્રમણમાં એક ગાથા અને પાક્ષિક આદિમાં સંપૂર્ણ બોલે છે તેનું કારણ ગુરૂ મહારાજ હંમેશાં બધી બોલે છે એક છોડતા નથી, પણ ગુરૂ મહારાજ એક ગાથા બોલી રહે એટલે બધા સાથે મળીને દેવસિક પ્રતિક્રમણમાં હાલ બોલે છે, અને પાક્ષિક આદિ પ્રતિક્રમણમાં સંપૂર્ણ બોલ્યા પછી બધા સાથે બોલે છે તેમાં હર્ષ ધોતક કારણ છે અને પાક્ષિક આદિમાં સંપૂર્ણ બોલે છે તે વિશેષ આનંદ પ્રદર્શક છે.

શં૦ હાલ જૈનોની વસ્તી કેટલી ? કેટલાક ભાઇઓ ૩૦ લાખની ગણાવે છે તો તે શું સાચું છે ?

સ૦ હવે નવી વસ્તી ગણતરી થઇ છે તે વખતે જૈન નામ લખાવવામાં સાવચેતી રહી હશે તો ખરી સંખ્યા બહાર આવવા સંભવ છે.

શં૦ મુસ્લીમો, વાઘરીયો, યુરોપીયનો અને કોળી-ઠાકરડા આદિની સાથે હળીમળી શકાય છે તો હરિજનો પણ શુદ્ધ વસ્ત્રાદિ પહેરીને આવે તો તેની સાથે શા માટે સમાન વ્યવહાર ન કરાય ?

સ૦ તેઓ સાથે વ્યવહાર નથી માટે.

શં૦ પકિખ સૂત્રમાં જે છ આલાવા 'जं मए इमस्स धम्मस्स' વગેરે સૂત્રો એક સરખા છે તેને શું વર્તમાનમાં ઓછો સમય અને બોલવાની સરળતા માટે પ્રથમ યા તો અંતિમમાં એક વખત રાખવામાં આવે તો શું વાંધો ?

સ૦ ત્રિકાલજ્ઞાની પ્રભુની આજ્ઞાના પાલનથી અખૂટ આત્મલાભ અને તેને છોડવાથી અનંત નુકશાન છે.

શં૦ એજ રીતે 'दंसणनाण चरित्ते' તથા 'आलय विहार समीओ' અને છેલ્લા ચાર આલવામાં 'सव्वेहीं पि एअम्मी' ઇત્યાદિ પણ ન બોલાય તો શું વાંધો ?

સ૦ જેમ એનો એ ખોરાક એક દિવસ ખાય અને બધા દિવસો છોડી દેતો મરી જાય માટે એની એ વસ્તુ તો વારંવાર ઉપયોગ કરવામાં તો કંટાળો આવતો હોય તો કાઢી નાંખવો કારણ કે વારંવાર એકની એક સ્તુતિ, એક જાતના પ્રાયશ્ચિત, એક જાતના સ્વાધ્યાય ધ્યાનમાં વિચક્ષણોએ પણ પુનરૂક્તિ દોષ માન્યો નથી એની એ દવા જ્યાં સુધી રોગ સર્વથા નિર્મૂલ ન થાય ત્યાં સુધી વપરાય છે. તેવી રીતે એક આલાવાની સાથે યોજેલ પાઠ સર્વ આલાવાની સાથે યોજાએલો હોવાથી તે તે આલાવાની સાથે તે તે સરખા પાઠો છે અને તે હંમેશાં ૧૫ દિવસ પાક્ષિક પ્રતિક્રમણમાં સાધુ મહારાજ બોલે છે. આવા વિધિવાદમાં થતો સમય ભોગ અતીવ સફળ છે તેને નકામો માનવો વ્યાજબી નથી.

શં૦ શીંગોડા, ખસખસ, ટાંમેટા, જામફલ, ફુલેવર, કુબી અને મૂળા વગેરે ખપે કે નહિ ? ન ખપે તો તેનું કારણ શું ?

સ૦ ઉપરની ચીજોમાં કેટલીક અનંતકાય, કેટલીક અધિક ત્રસજીવના નાશવાલી, કેટલીક ચુલા ઉપર ચઢા-

# જીવનની મહામૂલ્ય સંપત્તિ: સરળતા

**: પૂ. પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવર. :**

વિદ્વતા કે અજ્ઞતા આ બન્ને આપણા વ્યવહારમાં ગુણ-દોષ તરીકે ઓળખાય છે; છતાં આ વસ્તુ સ્વયં તેટલી આશિર્વાદરૂપ નથી કે હાનિકારક-અનર્થરૂપ નથી; જેટલી વક્રતા વાંકાઇ, ઘમંડ અને દુરાગ્રહ દોષપાત્ર છે. વિદ્વાન જો સરળ છે તો તે આશિર્વાદરૂપ છે, અને અજ્ઞાનપણ સરળ છે, પ્રકૃતિમાં ભદ્રિક છે, ઋજુ છે, તો તે પોતાનું હિત સાધવા સાથે કોઈને પણ અહિતકર નથી, પણ ઘમંડી વિદ્વાન કે વક્ર અજ્ઞાની, આ બન્ને સ્વ-પર ને માટે ખરેખર અહિતકર્તા છે.

રાજપુરોહિત હરિભદ્ર વિદ્વાન હતા, પણ એ દિગ્વિજયી પંડિતમાં કોઇ કલ્પી ન શકે તેવી બાલકના જેટલી ખરેખર સરળતા હતી. ચિત્રકૂટના મહારાજાના સન્માન્ય પુરોહિતનો મોભો, દર્શનશાસ્ત્રોની અગાધ વિદ્વત્તા, મહાપંડિત હરિભદ્રમાં રહેલું આ વ્યક્તિત્વ ભલ-ભલા દિગ્ગજ પંડિતોને અકળાવી મૂકતું. પણ હરિભદ્ર; ઘમંડી, મિથ્યાભિમાની કે જાતને મહત્ત્વ આપી ફુલાઇ જનારા પંડિત નહતા. જિજ્ઞાસુભાવ એમનામાં એક નાના-નવા વિદ્યાર્થી જેવો હતો. નવું જાણવું સાંભળવું અને સમજવું-આ માટે હરિભદ્ર ઉત્સુક હતા.

નિત નવું નવું જાણવાની એમની જિજ્ઞાસા જ્યારે ન સંતોષાતી, ત્યારે તેઓ મૂંઝાતા; પોતાના જ્ઞાનનો ઘડિભર તેઓને ગર્વ થઇ જતો. કુલપરંપરાગત મિથ્યાશાસ્ત્રોનો વારસો હરિભદ્ર પુરોહિતને સ્વાભાવિકપણે મળેલો હતો; આથી જૈન શાસ્ત્રો, જૈન દર્શન કે તેનાં પવિત્ર ધર્મસ્થાનો પ્રત્યે તેમને સ્હેજે અરૂચિભાવ હતો. જો બની શકે તો આ બધાથી દૂર-સુદૂર રહેવા તેઓ ટેવાયેલા હતા.

એક બપોરે ખાસ કારણસર રાજદરબારમાં જવાનો અવસર આવ્યો. રાજ રસ્તેથી પસાર થતા તે પંડિતની પાછળ 'ભાગો નાસો ગાંડો હાથી દોડતો આવે છે.' ની બૂમો આવવા લાગી. હરિભદ્ર પંડિતે પાછું વાળીને જોયું, તો જાણે સાક્ષાત્ મૃત્યુ ધસી આવતું હોય તેવો રાજહસ્તી મદોન્મત બનીને જે અડફેટમાં આવે એને પછાડતો, પૃથ્વીને ફાડી નાંખે તેવી ઘનઘોર ગર્જનાઓ કરતો, દોડ્યો આવતો હતો. પંડિતજી અકળાયા. 'શું કરવું-' એની ક્ષણભર મૂંઝવણમાં મૂંઝાયા. રસ્તો નાનો હતો, દોડીને આગળ વધી શકાય

---

વવા છતાં અજીવ ન થનારી, કેટલીક બહુબીજવાળી તેમજ કેટલીક અનાચીર્ણ છે.

**શં૦** જનહિત અને ધર્મપ્રચારની દૃષ્ટિએ સાધુઓ લાઉડસ્પીકરથી વ્યાખ્યાન આપી શકે કે કેમ ? કદાચ વાઉકાયની વિરાધના થાય તેથી મનાઇ હોય તો સાધુ મહારાજ દરરોજ જે રીતે ઉપદેશ આપતા હોય [મુહપત્તિ બાંધીને કે મુખવસ્ત્રિકા હાથમાં રાખીને] તે રીતે આપે અને કોઇ સદ્‌ગૃહસ્થ તે સમયે વચ્ચે લાઉડસ્પીકર ગોઠવી દે અને તેમાં અવાજ જાય અને અન્ય જનતા સાંભળે તો શું વાંધો ? કારણ કે તેમાં અનુમોદન કે કરાવવું છે નહિ જ, જો આ રીતે અખતરો કરાય તો શ્રી પર્યુષણાદિ પર્વના દિવસોમાં જે ઘોંઘાટ અને પડાપડી કે કવચિત ધમાલ થાય છે તેથી સંઘ બચી જાય અને આખા વર્ષનો લાભ સારી રીતે મલી શકે, એમાં શું અયોગ્ય છે ?

**સ૦** કલ્યાણ માસિક વર્ષ ૬, અંક ૮ ના પૃષ્ઠ ૩૩૩ જુઓ: તેમજ જનહિત અને ધર્મપ્રચારની દ્રષ્ટિએ પણ શાસ્ત્રવિરૂદ્ધ કાર્ય ન થઇ શકે. ખરી રીતે શાસ્ત્રમાં લખેલા આચારોના પાલનપૂર્વક જ જનહિત તથા ધર્મોન્નતિ થઇ શકે છે તે સિવાય નહિ. આજે લાઉડસ્પીકરોની વાત કરતાં રેલ્વે, એરોપ્લેન આદિનો ઉપયોગ કરવાથી પણ જનહિત અને ધર્મપ્રચારના કારણો બતાવનારાઓનો દુનિયામાં તોટો નથી. એક પગથીયું ચુકતા બીજા પગથીઆથી પણ લથડી જવાય છે. વ્યાખ્યાનમાં કોઇ લાઉડસ્પીકર ગોઠવે પણ સાધુ માઇકની સામે મુખ રાખી બોલે નહિ ત્યાં સુધી તે ગોઠવેલું નકામું થાય છે અને તેની સન્મુખ મુખ રાખી બોલે તો ઉપયોગ કર્યો જ કહેવાય. શ્રી પર્યુષણપર્વમાં ઘોંઘાટથી બચવા માટે સ્વયંસેવકો આદિની ગોઠવણ કરી શકાય છે.

તેવું ન હતું, તરત જ બાજુના મકાનમાં તેઓ ધુસી ગયા, અંદર જઈને જોયું તો તે મકાન સાદું મકાન ન હતું, પણ સુંદર જિનમંદિર હતું. શ્રી વીતરાગ ભગવંત અરિહંત દેવની શાંત-વૈરાગ્યરસમગ્ન ભવ્ય મૂર્તિ, મંદિરના મધ્ય ભાગમાં બિરાજમાન હતી. સ્હેજે પંડિતજીના હાથ તથા માથું તે પવિત્ર મૂર્તિની સમક્ષ જોડાઇ ગયાં.

પણ પેલી કુલપરંપરાગત અરૂચિ આવા સમર્થ પંડિતના હૃદયમાં ભારોભાર ભરી હતી. શ્રી જિનેશ્વર દેવની સ્તુતિ કરતાં તેઓના હૃદયમાં સદ્‌ભાવ ન જાગ્યો; તેઓએ સ્તુતિમાં કહ્યું;-

'वपुरेव तवाचष्टे स्पष्टं मिष्टान्नभोजनम्'

'વાહ. તારૂં શરીર જ સ્પષ્ટ કહી આપે છે કે' તું મિષ્ટાનને આરોગે છે.'

શ્રી તીર્થંકરદેવ-જૈનોના દેવની મશ્કરી કરવામાં અત્યારે હરિભદ્ર પંડિતને રસ પડ્યો. ક્ષણ પહેલાંનો ભય ચાલ્યો ગયો. હાથીના ગયા પછી સ્વસ્થ થઇ પંડિત પોતાના ઘેર આવ્યા. પણ સરળ હૃદયના હરિભદ્રને હજુ જગતમાં ઘણું ઘણું જાણવા જેવું લાગ્યા કરતું; પોતાના જ્ઞાનનો ગર્વ હોવા છતાં કોઇ નવું બતાવનાર મળે તો તેના ચરણોમાં આળોટવાની સહૃદયતા આ રાજ્યમાન્ય પુરોહિતમાં અપૂર્વ હતી. તેમણે એક દિવસે પ્રતિજ્ઞા કરી, 'જે કોઇની પાસેથી મને નવું જાણવાનું મળે, તેનો હું શિષ્ય થઇને રહું.' વિદ્વત્તાનો મોભો જાળવીને ગૌરવપૂર્વક ફરનારા પુરોહિત હરિભદ્રની આ પ્રતિજ્ઞા; કેટલાકને મન જ્ઞાનનો ઘમંડ લાગતી, કેટલાકને વાદીઓનો પરાજય મેળવ્યા પછીની વિજયપતાકા જણાતી, એ ગમે તે હો; પણ આ પ્રતિજ્ઞા મનોમન કરનારા પંડિતજીના આત્મામાં ઘમંડ, ગર્વ કે દુરાગ્રહ કરતાં સરળતા વિશેષ હતી, નાના બાળક જેટલી હતી, એમ કહીએ તો પણ ચાલે.

એક મોડી સાંજે રાજકાજથી પરવારી પંડિત હરિભદ્ર ઘેર તરફ ઉતાવળા જઇ રહ્યા હતા. રસ્તામાં શું-થઇ રહ્યું છે, એ જાણવાની પણ તેમને પરવા નહતી. આજે ઘેર જતાં મોડું થયું હતું, એટલે એમના પગ જોસમાં પડતા હતા. અચાનક રસ્તાની નીરવ-શાંતિમાં એમના કાનમાં કંઇક શબ્દો અથડાવા લાગ્યા. કૌતક જાગ્યું, ધીરે પગલે પંડિતજીએ એ બાજુ કાન માંડયા. સ્વર સ્ત્રીનો હતો, શબ્દો તદ્દન અપરિચીત હતા, રસ્તાપરના મકાનની બાજુમાંથી આવતા એ શબ્દો હરિભદ્ર પુરોહિતે ધ્યાનપૂર્વક સાંભળ્યા;-

**दो चक्की हरिपणगं, पणगं चक्कीण केसवो चक्की।**
**केसव चक्की केसवदु चक्की केसीअ चक्कीय ॥**

હરિભદ્રને આ ગાથા નવી લાગી, એમાં રહેલા ચક-ચક શબ્દોમાં પંડિતને કાંઇ ન સમજાયું. જવાની ઉતાવળ છતાં સરળ હૃદયી હરિભદ્રનો જિજ્ઞાસુભાવ ઉત્કટ બન્યો. તેઓ મકાનમાં પેઠા, મર્યાદાપૂર્વક હરિભદ્ર પુરોહિત અંદર ગયા. જૈનસાધ્વીજીઓનો એ આવાસ હતો. અનેક સાધ્વીજીઓ સ્વાધ્યાય આદિ ધર્મપ્રવૃતિઓમાં રકત હતાં. પેલી ગાથા બોલનાર સાધ્વીજીની પાસે જઈ, તેમણે વિનયપૂર્વક પૂછ્યું; 'માતાજી! આ ચાક-ચીક શું છે? આ ગાથા સમજાતી નથી, કૃપયા આનો અર્થ સમજાવો!' રાજમાન્ય પુરોહિતના મોભાભર્યા સ્થાનને ભોગવનાર પંડિતજીની સહૃદયતા કોઇ ઓર જ દીપી ઉઠી. સઘળા દોષોને ઢાંકનાર એક જ ગુણ છે, તે આ સહૃદયતાપૂર્વકની સરળતા.

વયમાં કાંઇક પ્રૌઢ એવાં તે યાકિની મહત્તરાએ જવાબ આપ્યો 'ભાઇ, આ રાત્રીના અવસરે અમે કોઈ પુરૂષની સાથે વાત કરી શકીયે નહિ, અમારી એ મર્યાદા નથી. ઉપદેશ આપવાનું કાર્ય અમારા આચાર્ય મહારાજનું છે, તેઓ તમને આ ગાથાનો અર્થ સમજાવશે.' સાધ્વીજીનાં મુખથી ધીર-ગંભીર શૈલીયે કહેવાયેલી આ વાત હરિભદ્રના ગળે ઉતરી. આચાર્ય મહારાજના વસતિસ્થાનને જાણીને પુરોહિત ત્યાં ગયા, વંદન કરી, બહુમાનપૂર્વક જૈનાચાર્ય શ્રી જિનભદ્રસૂરિ મહારાજશ્રીની પાસે તેઓ બેઠા. અત્યાર સુધી જૈન શ્રમણોથી દૂર રહેનાર હરિભદ્ર પંડિતને જૈન શ્રમણોના વાતાવરણમાં રહેલી પવિત્રતા, વિદ્વત્તા તથા ઉદારતાના પહેલ-વહેલાં ત્યાં દર્શન થયાં. તેઓનું નિર્મળ હૃદય ત્યાં ઝુકી પડયું. સહેજ જિજ્ઞાસાથી તેમણે પૂછ્યું: 'ભગવન્! માતાજીના મુખેથી જે ગાથા સાંભળી તેનો અર્થ કૃપયા ફરમાવો!'

જવાબમાં આચાર્ય મહારાજે, જૈનશાસ્ત્ર શૈલીથી કાળનું-અવસર્પિણી-ઉત્સર્પિણી ઇત્યાદિનું સ્વરૂપ વિસ્તારથી હરિભદ્રને સમજાવ્યું.-'એક અવસર્પિણીમાં ક્રમવાર બે ચક્રવર્તી, પાંચ વાસુદેવ, પાંચ ચક્રવર્તી, ૧ વાસુદેવ, ૧ ચક્રવર્તી, ૧ વાસુદેવ, ૧ ચક્રવર્તી, ૧ વાસુદેવ, ૨ ચક્રવર્તી, ૧ વાસુદેવ ૧ ચક્રવર્તી, આ રીતે ઉત્સર્પિણી કાળમાં પણ ૧૨ ચક્રવર્તી તથા ૯ વાસુદેવો થાય છે.' જૈન સિદ્ધાંતોમાં રહેલા આવા સુસંવાદી કાળ આદિના સ્વરુપને સાંભળ્યા-સમજ્યા પછી શ્રી હરિભદ્રનો પોતાના જ્ઞાનનો ગર્વ ઓગળી ગયો. તેમની સરળતા જીતી ગઇ. જૈનદર્શનશાસ્ત્રોનું અધ્યયન કરવાની તેમને તાલાવેલી લાગી. તેઓએ પોતાની પ્રતિજ્ઞાના પાલનને આચર્યું. આચાર્ય મહારાજશ્રીની પાસે તેમણે જૈન-દીક્ષા સ્વીકારી. શ્રી જિનમંદિરમાં બિરાજમાન શ્રી વીતરાગપરમાત્માની ભવ્યમૂર્તિ જોતાંજ તેમને નવી દૃષ્ટિ લાધી. મિથ્યાત્વનો આંચળો દૂર થયો. તેઓ સહસા હૃદયના બહુમાનભાવે બોલી ઉઠયા;

'वपुरेव तवाचष्टे भगवन् वीतरागताम्' 'હે ભગવન્! તમારી આકૃતિ જ કહી આપે છે, કે તમે રાગાદિ દોષોથી દૂર એવી વીતરાગ દશાના સાક્ષાત્ સ્વરૂપ છો.' જેમ જેમ જૈન આગમોનો અભ્યાસ વધતો ગયો તેમ તેમ સાધુ શ્રી હરિભદ્રના અંતરમાં દિવ્ય દૃષ્ટિનું તેજ પ્રગટવા માંડયું. જગત-સંસાર માત્રના તારક તરીકેની જૈનાગમોની ઉપકારકતા તેઓને સમજાઇ, જૈન સિદ્ધાંતોના આ નિસ્સીમ ઉપકારને તેઓ ભૂલી શકતા નહિ. શ્રી જિનેશ્વરદેવની સ્તવના કરતાં તેઓનો આત્મા અંદરથી બોલી ઉઠતો:—

'कत्थ अम्हारिसा जीवा, दुसमादोसदूसिआ !
हा हा ! अणाहा कहं हुंता, जइ ण हुंतो जिणागमो ॥'

હે ત્રિલોકનાથ! દુ:ષમ કાલના મિથ્યાત્વ આદિ દોષથી દૂષિત અમારા જેવા અનાથ આત્માઓને જો આ તારા આગમો, તારાં પ્રવચન ન મલ્યાં હોત તો અમે કયાં હોત?'

જતે દિવસે તે હરિભદ્ર સાધુ આચાર્ય બન્યા. છતાં સર્વ પ્રથમ માર્ગદર્શક બનીને જેણે નવી ગાથાનું શ્રવણ કરાવ્યું, તે યાકિની સાધ્વીજીને તેઓએ પોતાના 'ધર્મમાતા' તરીકે સ્વીકાર્યાં. ત્યારથી તેઓશ્રી 'યાકિની ધર્મપુત્ર' તરીકે જૈનશાસનમાં પ્રસિદ્ધ બન્યા.

૧૪૪૪ ગ્રંથરત્નોના રચયિતા, જૈન શાસનના અલંકારરુપ પૂજ્યપાદ આચાર્ય દેવ **શ્રી હરિભદ્રસૂરિ મહારાજને આપણા કોટિશ: વંદન હો!**

**મનની શાંતિ, આત્માની એકાગ્રતા, સદ્-વિચારોની અવિચ્છિન્ન ધારા માટે વાતાવરણ પણ તેવું જ સુગંધમય સર્જવું પડે છે.**

દહેરાસરો, મંદિરોમાં જેની સુવાસ જુદી જ તરી આવે છે, તે ઉમદા સુગંધીમય પદાર્થોમાંથી બનાવેલી—

# દિવ્ય અગરબત્તી

ઘણું જ સુંદર વાતાવરણ સર્જે છે. આપ આજે જ મંગાવી ખાત્રી કરો! અમારી બીજી સ્પેશીયલ બનાવટો

**દિવ્ય સેન્ટ, કાશ્મીરી, શાંતિ, ભારતમાતા.**

નમૂના માટે લખો,

૧ **ધી નડીઆદ અગરબત્તી વર્કસ**
ઠે. સ્ટેશન રોડ, **નડીઆદ**

સોલ એજન્ટ,

૨ **શા. નાગરદાસ ખેતસીદાસ**
કરીયાણાના વેપારી,
અમદાવાદી બજાર, **નડીઆદ**

## જૈન પાઠશાળા ઉપયોગી
# નિત્યનોંધ

પાઠશાળા તથા કન્યાશાળામાં ભણતા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને હંમેશનો પૂરવાનો કાર્યક્રમ છે, એક બુક પાંચ મહીના ચાલે છે.

**૧૦૦ ના રૂા. ૧૨-૦-૦.**

**સોમચંદ ડી. શાહ... ...પાલીતાણા.**

## વિવેક ભ્રષ્ટનો શતમુખ વિનિપાત.

માનવીને નીચું જોવડાવનારી, માનવતાને કલંકિત કરનારી, જંગલીયતના અવશેષરૂપ એક ક્રૂરતાની કલ્પાંત ઉપજાવતી આસામ–કામરૂપદેશની પરીકથા જેવી કરૂણ કથની હિંદમાં બની ગઇ, જે મુંબઈના દૈનિક પત્રમાં પ્રસિદ્ધ થઇ છે. વાત એમ છે કે, 'આસામના ગવર્નર જયરામદાસની દીકરી કલા, શીલોંગના તળાવમાં માંછલાઓ સાથે રમત આદરી બેઠી અને કિનારા પર બેઠેલી તેના હાથમાંની વીંટી સરકી તળાવમાં પડી.'

બસ; આટલો જ આ બનાવ; પણ કોંગ્રેસનું રાજ; તેમાં પણ કોંગ્રેસના ગવર્નર સાહેબ! તરતજ હુકમ કરી દીધો; 'તળાવનું પાણી ખાલી કરાવો' તરત સેંકડો સેવકો પ્રજાના પૈસે પગાર મેળવનારા કામે લાગી ગયા; તળાવ ખાલી કરાયું; પણ પેલી વીંટી ન જડી; ગવર્નર સાહેબનો બીજો હુકમ છૂટયો; 'તળાવના માછલાંઓ કદાચ વીંટી ગળી ગયા હોય માટે તેઓનાં પેટ ચીરવા માંડો.' ક્રૂરતા અને જંગલીપણાએ માઝા મૂકી દીધી. કોંગ્રેસના કહેવાતા અહિંસક રાજની એ બલિહારી કે પ્રજાના પૈસા, મતદાન અને પ્રતિષ્ઠા પર કૂદા–કૂદ કરનારા આ તેના મહારથીઓ રાક્ષસને શરમાવનારી ઘોર હિંસાના તાંડવો નિર્દયપણે ખેલવા તૈયાર થયા.

કોઇએ કહ્યું: 'માછલીઓને મારવાનું રહેવા દ્યો, એમના પેટને ચીરવાનું પડતું મૂકો, 'એક્સરેથી પેટમાંની વીંટી જણાઇ જશે.' પણ નહિ, ગવર્નરના મગજમાં આ વાત ન જચી; સેંકડો, હજારો બલ્કે લાખો માછલીઓના પેટ ચીરાણાં; તે પણ પ્રજાના પૈસે, પ્રજાના પગાર ખાતા સરકારી માણસોને વેઠે પકડીને; શા માટે ફક્ત જયરામદાસ ગવર્નરની લાડકી દીકરી કલાના આંગળી પરની હીરાની વીંટી ખાતર; જો આવો બનાવ આજથી પાંચ વર્ષ પહેલાં કોઇ રજવાડામાં બની ગયો હોત તો પ્રજાશાસનનો ઢોલ પીટનારા આપણા ગુજરાતી છાપાંઓએ કાળી લીંટીઓમાં, ધગધગતા અક્ષરોથી કલમની કડછીમાંથી અગ્નિ ચાંપી તણખાઓ વેરી દીધા હોત, પણ આ બનાવને અંગે કોઇ પૂછનાર છે કે? અને મશરૂવાળા કે જે ગૌવધના વિરોધમાં ઉપવાસ કરનારની ટીકા કરવામાં પણ 'હરિજન'નાં પાનાઓ રોકવામાં સમય, શક્તિનો દુર્વ્યય કરતા અચકાતા નથી, તેઓ આને અંગે હજી સુધી મૌન છે! એ પણ સમયની બલિહારી!

ધનંજયની દિશા ફેરવોનો ઘોર ગર્જારવ કરનાર અને તેમાં સાથ આપનાર આપણી કોન્ફરન્સના મંત્રી તથા 'પ્રબુદ્ધજૈન'ના તંત્રી આ અત્યાચારને અંગે જરૂર કડક સમાલોચના લખી, સત્યની નિષ્પક્ષ સેવા કરવાને તૈયાર રહેશે જ; પ્રજાનો પૈસો, સમય, શક્તિનો પોતાના અંગત અને તુચ્છ સ્વાર્થ ખાતર વેડફવા જેવો આના કરતાં બીજો કોઇ અક્ષમ્ય અપરાધ ઇતિહાસના પૃષ્ઠો પર સાંભળવા મળ્યો છે? નિર્દોષ, અનાથ તથા કેવળ પાણીમાં રહી કલ્લોલ કરતાં લાખો માછલાઓની ક્રૂર કત્લેઆમનો આ અત્યાચાર નાદીરશાહ, હીટલર કે ચંગીખાનના અત્યાચારની પુનરાવૃત્તિ રૂપજ કહી શકાય કે બીજું કંઈ? ગવર્નર જયરામદાસના આ ઘાતકી કાર્યનો જવાબ માંગવાની કોઇ પ્રજાજનની તૈયારી છે કે? ખરેખર, નિર્બળતાએ માઝા મૂકી છે; અને સત્તા પ્રતિષ્ઠા તથા પૈસા અને લાગવગના નશામાં આજે કોંગ્રેસીઓ અંધાપાથી ઘેરાઈ ગયા છે; માટે જ કહ્યું છે-ને! 'विवेकभ्रष्टानां शतमुखो विनिपातः' વિવેક ભ્રષ્ટ માણસો, સેંકડો સન્માર્ગેથી ચૂકી નીચે પડવા માંડે છે.

## ઈનામી યોજનાની સમજૂતિ.

૧ આડી તથા ઉભી ચાવી વાંચી તેને બંધબેસતા શબ્દો કોઠામાં પૂરવાના છે.

૨ 'કલ્યાણ' માં છપાયેલા કૂપનમાં જ શાહીના સ્વચ્છ અક્ષરોમાં ખૂટતા શબ્દો ભરી પોષ્ટથી મોકલી આપવું.

૩ **'કલ્યાણ'માં પ્રગટ થયેલ કૂપન સિવાય, અન્ય કાગળો પર લખેલ કૂપન હશે તે રદ ગણાશે.**

૪ છેક-છાક, ડાઘ-ડૂઘી કે આડું અવળું લખાયેલું કૂપન નકામું ગણાશે.

૫ ભરેલું કૂપન કોઇ પણ કારણસર ટપાલમાં ગેરવલ્લે જાય કે અમને ન મલે તેની જોખમદારી અમારે શિરે નથી.

૬ અમારા કાર્યાલયમાં આ યોજનાનો સાચો ઉકેલ બંધ કવરમાં સાચવીને રખાશે, તે મુજબ જેના બધા જવાબો બરાબર હશે તે સાચો ઉકેલ ગણાશે.

૭ બધા સાચા જવાબવાળાઓની વચ્ચે જાહેર કરેલ પહેલું ઇનામ વ્હેંચી દેવામાં આવશે

૮ બીજું ઇનામ એક ભૂલવાળાઓની વચ્ચે વ્હેંચી દેવામાં આવશે.

૯ કૂપનમાં નામ-ઠામ, પોષ્ટનું નામ બરોબર લખી મોકલવું, નામ-ઠામ બરોબર નહિ હોય તો કુપન રદ ગણાશે.

૧૦ આ ઇનામી યોજનાને અંગે કોઇપણ જાતનો પત્ર-વ્યવહાર કરવો નહિ.

૧૧ દરેક સંયોગોમાં સંપાદકનો નિર્ણય છેવટનો ગણાશે.


## શ્રી જૈન શ્રેયસ્કર મંડળમાં મળતાં ધાર્મિક પુસ્તકો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | બાળ પ્રવેશિકા | ૦-૪-૦ | ૧૭ | કર્મગ્રંથ ભા. ૧ લો. ૧-૨ | ૨-૦-૦ |
| ૨ | પહેલી ચોપડી | ૦-૪-૦ | ૧૮ | કર્મગ્રંથ વિભાગ ૨ જો ૩-૪ | [પ્રેસમાં] |
| ૩ | જૈન વાંચનમાળા [હિંદી] | ૦-૪-૦ | ૧૯ | " ભા. ૩ જો ૫-૬ | [પ્રેસમાં] |
| ૪ | બે પ્રતિક્રમણ મૂળ [ગુજરાતી] | ૦-૮-૦ | ૨૦ | રત્નાકર પચ્ચીશી | ૦-૨-૦ |
| ૫ | બે પ્રતિક્રમણ મૂળ [હિંદી] | ૦-૮-૦ | ૨૧ | સમકિત સડસઠ બોલની સજ્ઝાય | [પ્રેસમાં] |
| ૬ | પંચપ્રતિક્રમણ મૂળ-ગુજરાતી | ૧-૧૨-૦ | ૨૨ | યશોવિજય ચોવિશી સાર્થ | ૦-૮-૦ |
| ૭ | પંચપ્રતિક્રમણ મૂળ-શાસ્ત્રી | ૧-૧૪-૦ | ૨૩ | દ્રવ્યગુણપર્યાયનો રાસ | ૧-૦-૦ |
| ૮ | બે પ્રતિક્રમણ અર્થ સહિત | ૧-૧૨-૦ | ૨૪ | આત્મહિતકર આધ્યાત્મિક વસ્તુ સંગ્રહ | ૧-૦-૦ |
| ૯ | પંચ પ્રતિક્રમણ અર્થ સહિત | [પ્રેસમાં] | ૨૫ | ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન | [પ્રેસમાં] |
| ૧૦ | જિનગુણ પદ્યાવલી | ૧-૬-૦ | ૨૬ | અભક્ષ્ય અનંતકાય ગુજરાતી | [પ્રેસમાં] |
| ૧૧ | પાંત્રીશ બોલ | ૦-૫-૦ | ૨૭ | અભક્ષ્ય અનંતકાય [હિંદી] | ૦-૧૦-૦ |
| ૧૨ | સામાયિક-ચૈત્યવંદન સાર્થ | ૦-૬-૦ | ૨૮ | પ્રશ્નોત્તર રત્નચિંતામણિ | ૨-૦-૦ |
| ૧૩ | જીવવિચાર સાર્થ | ૦-૮-૦ | ૨૯ | બ્રહ્મચર્ય વ્રત | ૦-૮-૦ |
| ૧૪ | નવતત્ત્વ સાર્થ | ૧-૬-૦ | ૩૦ | આત્મ જાગૃતિ | ૦-૪-૦ |
| ૧૫ | દંડક-સંગ્રહણી સાર્થ | ૧-૦-૦ | ૩૧ | સ્નાત્ર પૂજા | ૦-૪-૦ |
| ૧૬ | ત્રણ ભાષ્ય સાર્થ | ૧-૧૪-૦ | ૩૨ | વિવિધ પૂજા સંગ્રહ | ૨-૧૨-૦ |
| | | | ૩૩ | દેવવંદનમાળા | ૧-૮-૦ |

પ્રાપ્તિસ્થાન :—જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા. [ ઉ. ગુ. ]

# સાધ્વી શિરોમણિ ચંદનબાળા — શ્રી મનવંતરાય મણીલાલ શાહ

મધ્યાન્હનો એ સમય હતો, બળતી બપોરનો અસહ્ય તાપ, ઝાડ પર બેઠેલું પક્ષી પણ તરફડીને હેઠું પડે તેવો હતો.

એક યોગીશ્વર આવા સમયે ચાલ્યા જાય છે રાજ્યમાર્ગે ખુલ્લા પગે. તેજનો એ અંબાર ! કરૂણાની મૂર્તિ ! કામદેવનું સાક્ષાત્ સ્વરૂપ ! જાણે આદિત્યકુમાર પૃથ્વી પર ફરવા નીકળ્યો ! નથી એને પોતાના શરીરની મમતા. નથી એને મન સુખ અને દુઃખ. નથી એને આરામ કે થાક. તેનું ધ્યેય સંસારની પેલેપાર કોઈ અલૌકિક વસ્તુ પ્રાપ્ત કરવા તરફ છે. હજારો લોકોની મીટ મહાત્મા પ્રત્યે મંડાઇ છે, લાખો અને કોટયાધિપતિઓ પણ તેમની પાછળ વિનવતા ચાલ્યા જાય છે. સામાન્ય માણસોને દુઃખ થાય છે, લાગતા–વળગતાઓને આઘાત પહોંચે છે, ભક્તગણો ચોધાર આંસુડે રડી લે છે. તે યોગીશ્વર નથી લેતા કોઇના ઘેરથી આહાર કે નથી લેતા પાણી. કોઈના ઘરમાં દિવ્ય પ્રકાશ પાથરતા તેઓ પ્રવેશ પામે, પરંતુ તે જ ક્ષણે તે તેજસ્વી મુખડું આહાર લીધા વગર પાછું ફરે. કોણ જાણે કેટલાયે વખતથી તેમણે આહાર લીધો નથી. અરે ! તેમણે દુઃખો પણ સહન કરેલાં છે. અનેક વેળા તો ઇન્દ્ર મહારાજ સ્વયં પણ ઉતરીને તેમની સાથે રહી તેમના ઉપસર્ગો હરણ કરવા તેમણે પ્રાર્થેલા. ઘણી વખત તો મૃત્યુના મુખમાં પડાય એટલા ગાઢ ઉપસર્ગો પણ તેમણે સહેલા. જ્યારે ઇન્દ્ર મહારાજા સેવાનો લાભ લેવા પ્રાર્થતા ત્યારે,

**અન્ય બળે અરિહંત નવ, ચાહે કેવળજ્ઞાન;**
**એમ કહીને વિચરતા, અવની પર ભગવાન.**

શેના માટે હશે આ સાધના ? કઇ સિદ્ધિએ તેમને લલચાવ્યા છે ? શું છે એમનામાં, કે જેથી ઇન્દ્ર મહારાજા અને લોકો તેમની સેવા ઉઠાવવા તૈયાર થાય ? પોતાની ઇચ્છિત સિદ્ધિની શકયતા પામવા બસ તે યોગીશ્વર આમને આમ વગર આહારે ચાલ્યા જ જાય છે !

કોણ હશે એ ?

એ...એ તો આપણા માનનીય, વંદનીય અને પૂજનીય ચરમ તીર્થંકર ભગવાન **શ્રી મહાવીર પરમાત્મા** તેમણે તો અભિગ્રહ ધાર્યો છે, કે 'જેના પગમાં લોખંડની બેડી હોય, મસ્તક મુંડેલ હોય, ત્રણ ઉપવાસ થયા હોય, રૂદન કરતી હોય, રાજાની પુત્રી હોવા છતાં કર્મવશ દાસી બની હોય, એક પગ ઉંબરા બહાર અને એક પગ અંદર હોય તે સ્થિતિમાં, ભોજનનો અવસર વ્યતીત થયા પછી સૂપડાના ખૂણામાંથી અડદના બાકુલા જો તે સ્ત્રી મને વહોરાવે તો મારે પારણું કરવું.'

અહોહો ! કેટલો છે આ દુષ્કર અભિગ્રહ ! કયાંથી રખાય આવી અશકય સિદ્ધિની આશા ? કેવી રીતે મળી શકે આ બધા પ્રસંગો ? પરંતુ કર્મદળને ચૂરવા તત્પર થયેલા ભગવાન વીરને તે કોઇ અશકય વસ્તુ લાગી જ ન હતી. તેમને તો પોતાના માર્ગે ડગ ભરવાના હતા. કવિએ ગાયું,

**સહેતા પરિસહ અતિ દુઃખકાર,**
**અભિગ્રહ ધારે વિવિધ પ્રકાર;**
**કર્મ ખપાવે રે સમ્યગ ભાવથી રે.**

ઓહો ! કર્મરિપુની સામેની જ આ લડાઇ ! તેની સામે જ આ મોરચો ! ! અરે દુષ્ટ, કર્મ તું આ અનંત શક્તિના ભંડાર ધણી ભગવાન શ્રીમહાવીરની સામે તોફાન કરવાં રહેવા દે ! તાકાત નથી તારી કે તેના અતુલ બળ સામે ક્ષણ માત્ર પણ તું ઉભો રહી શકે ?

## ૨

ચંપાનગરીનો રાજા દધિવાહન અને ધારિણી તેની સ્ત્રી. રૂપનો ભંડાર વસુમતી–ચંદનબાળા તેની પુત્રી. કૌશાંબીના શતાનિક રાજાના વૈરને લીધે તેની સાથે સંગ્રામ થયો. દધિવાહન હાર્યો, તેની મહાન ધાર્મિક સ્ત્રી ધારિણી અને તેથી સવાઇ ધાર્મિક ભાવનાથી રંગાયેલ પુત્રી ચંદનબાલા દુશ્મનોના હાથમાં સપડાઇ. નારીનાં ભૂષણ શીલને ખાતર ધારિણીએ રસ્તામાં જ આપઘાત કર્યો. ધન્ય નારી ! ! પરન્તુ ચંદનબાળા એક સુભટના હાથમાં સપડાઇ. દ્રવ્ય લોભી સુભટે તેને વેચવા બજારમાં આણી. રે દુષ્ટ કર્મ ! તું આવી સાધ્વી સ્ત્રીઓની પણ આકરી કસોટી કરે છે.

વેશ્યાએ તેને ખરીદી, પરંતુ ધર્મના પ્રભાવે વેશ્યાની દુર્દશા થઇ અને ત્યાંથી ચંદનબાળા મહાન

ધાર્મિક શેઠ ધનાવહને ત્યાં આવી અને તેને ત્યાં દાસી માફક કામ કરવા લાગી. પ્રભુ મહાવીર દેવના અભિગ્રહને ૬ મહિનામાં પાંચ દિવસ ઓછા છે. તે પ્રસંગની આ વાત છે.

ધનાવહ શેઠને એક પત્ની હતી. મૂળા એનું નામ. ઇર્ષ્યાળુ અને ઘમંડી તેનો સ્વભાવ. શુભભાવનાથી ધનાવહ શેઠે પુત્રીની જેમ રાખેલી ચંદનબાળાને તેણે પોતાની ભાવિશોક્ય માની. નિર્દોષ કુસુમને એણે સંતાપવા માંડયું. બાજના પંજામાં જેમ ચકલી સપડાય તેમ મૂળાના હાથમાં ચંદનબાળા આવી. પરિણામે અવસર પામી એણે ચંદનબાળાને માથે દુઃખની ઝડીઓ વરસાવી ! ! !

એક દિવસ શેઠની ગેરહાજરીમાં તેણે હજામને બોલાવીને તેના વાળ ઉતરાવ્યા, અને તેથી પણ સંતોષ ન માનતાં પગમાં બેડીઓ પહેરાવીને ભોંયરામાં પૂરી દીધી. આ કાર્યને માટે તેને હર્ષ થયો.

પોતાની પુત્રીની ખબર ધનાવહને ત્રણ દિવસે પડી. તરત જ તેણે તપાસ કરાવી તેને બહાર કાઢી અને પોતાના ઘરમાંથી ખાવા માટે કાંઇ પણ ન મળવાથી છેવટે અડદના બાકુલા સૂપડામાં આપી તેના પગની બેડી તોડવા લુહારને તેડવા તે દોડયો.

તત્ક્ષણે ધાર્મિકભાવનાથી પૂર્ણ રંગાયેલ એ સતી શિરોમણિ ચંદનબાલાને એ સદ્‌વિચાર આવ્યો કે, 'જો અત્યારે કોઇ મહાત્મા પધારે તો તેને વહોરાવી હું પારણું કરૂં.' કેટલી ધૈર્યતા ? કેવો સુંદર ધર્મરાગ !

ચાર જ્ઞાનના ધણી, ઘોર અભિગ્રહધારી-વિશ્વ-તારણહાર વીર વિભુ ત્યાં ભિક્ષાર્થે પધાર્યા. જાણે તેજ-પૂંજની વરસા વરસી. અહાહા ! આવા સમયે ભગવાનને જોઇને ચંદનબાલા અતિ હર્ષિત થયાં. અને એક પગ ઉંબરામાં અને એક પગ બહાર રહે એ રીતે ઉભાં થયાં.

અભિગ્રહ પૂર્ણ થયેલો જણાયો. અને ત્યાં જ સાધ્વી શિરોમણિના પવિત્ર હાથે બાકુલાનો આહાર ગ્રહણ કર્યો. પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થયો. ભક્તગણોમાં આનંદ છવાયો. આકાશમાં રહેલ દેવતાઓ આનંદ-પ્રમોદ પામ્યા. બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી, 'અહો-દાન અહોદાન'નો જયધ્વનિ થયો. દિવ્ય દુંદુભિનો મધુર નાદ આકાશમાં ગાજ્યો.

**તે જ ક્ષણે ચમત્કાર થયો, ને તુટી પગની બેડી,**
**માથે સુંદર વાળ થયા, ને વરસી સુખની હેલી.**
**ધન્ય મહાસાધ્વી ચંદનબાળા ! !**

---

# શબ્દોની પલટાતી વ્યાખ્યાઓ —ચાણાકય.

**પોઝીશન:** નાક અને નોખની ખાતર ગળુ કાપનારી છૂરી.
**જેન્ટલમેન:** એક નંબરનો ડોળઘાલુ ડાકુ.
**ચાઠીઓ:** વગર દોરડાનો તાર-ટેલીફોન.
**સટ્ટો:** કાયદેસરનો જુગાર.
**ભણેલી ભામિની:** ભાષણે ભૂલાવામાં નાંખતી ભૂંગળ.
**અદેખો:** થર્ડ સ્ટેજે પહોંચેલો ક્ષયનો દરદી.
**ખુશામતખોર:** ફુંકી-ફુંકીને ખાઇ જનારો ઉંદર.
**નિશાળ:** છોકરાઓને ઠાંસી-ઠાંસીને ભરવાનું ગોડાઉન.
**નાતનો શેઠ:** હોળીનું નાળીએર.
**દલાલ.** ઘર-ઘરનો ઘુસણીયો.
**આરસી:** 'તમે કેવા છો'-એ તમારી આંખ સામે મારનાર
**જાહેર સેવક:** પ્રેસ-પ્લેટફોર્મનો પહેલવાન.
**ફેશન:** નાગાઇનો નમૂનો.
**કવિ:** વગર લેવે-દેવે દુનિયા આખીનો ભાટ-ભાંડ.
**પત્રકાર:** દુનિયાની પત્તર ખાંડનારો ભણેલો ગુંડો.
**લેખક:** ભૂખે પેટે બૈરી-છોકરાંને રઝળાવનારો ભણેલો બેવકૂફ.
**વિવેચક:** સાહિત્યક્ષેત્રનો પંચાતીયો.
**વક્તા:** જીવતી રેકર્ડ.
**કોલેજીયન યુવક:** વર્તમાન યુગનો વિશ્વામિત્ર.
**કોલેજીયન યુવતી:** નવા જમાનાની મેનકા.
**રેસ:** શ્રીમંતાઇનું પૂર્ણવિરામ.
**ઉદ્‌ઘાટન સમારંભ:** સત્તા પ્રદર્શનનો શોખ.
**જૈન કોન્ફરન્સ:** ઓકસીજન પર જીવતું પ્રાણી.
**એરોપ્લેન મુસાફરી:** પ્રજાકીય પ્રધાન-વડાપ્રધાનો માટેનો સ્પેશ્યલ પ્રવાસ.
**ચૂંટણી જંગ:** રાજકીય પક્ષોની ઘોડાદોડની હરિફાઇ.




શ્રી પંકજ.

## આનું નામ ધીરજ !–શ્રી પ્રશાંત.

**પ્રિય** બાળકિશોરો ! જીવનમાં શ્રદ્ધા, ધીરજ તથા સ્થિરતાની કેટ-કેટલી જરૂર છે ? એની આજે તમને કદાચ ન પણ ખબર હોય; પણ જેટલા મહાપુરૂષો થયા છે, તે બધાયે આ ગુણોના યોગે જ આગળ વધી રહ્યા છે; તમારા જીવનને ઉન્નત, ઉર્ધ્વગામી તથા ઉપકારક બનાવવા માટે તમારે આજે તમારા વડિલો પ્રત્યે શ્રદ્ધા કેળવવાની ખૂબ જ જરૂર છે. ધીરજપૂર્વક કષ્ટોને સહન કરવાનું, આત્મ બલ પ્રાપ્ત કરવાની જરૂર છે; તદુપરાંત; ખૂબ જ સ્થિરતા, નીડરતા અને એકલક્ષી બનવાની જરૂર છે.

ડૉકટર પાસે દવા કરાવનાર દર્દીને આપણે ઈંગ્લીશ ભાષામાં 'પેશન્ટ' કહીએ છીએ. આનો સીધો ગૂજરાતી અર્થ 'ધીરજવાળો' એ રીતે થાય છે. દરદી જો ધીરજ અને શ્રદ્ધા વિનાનો હોય તો એને દવાની અસર થતી નથી અને મહેનત માથે પડે છે. આવા એક ધીરજપૂર્વક શ્રદ્ધાથી વૈદરાજની દવા કરીને પોતાના અસાધ્ય જેવા ગણાતા રકતપીત્તના રોગને મૂળથી સારો કરનાર દરદીની કથા અહિં રજૂ થઇ છે—

૧

વઢવાણની બાજુમાં રામપુરા ગામમાં ગંગારામ બ્રાહ્મણ રહે છે. તે વખતમાં કાઠીયાવાડમાં પ્રખ્યાત નાનભટ્ટ વૈદ ગામડાઓના દરદીઓની દવાઓ કરતા હતા. બહુ જ પ્રેમપૂર્વક સેવાભાવથી તેઓ વૈદું ચલાવતા હતા. પૈસા ભેગા કરવાનો લોભ તેઓને મુદ્દલ ન હતો. એક વખતે નાનભટ્ટ વૈદરાજ ફરતા ફરતા રામપુરા આવ્યા. નાન બાપા જેવા પરોપકારી વૈદરાજને આવેલા સાંભળી ગામના દુઃખી દરદીઓ વૈદરાજની પાસે પોતાના દરદોની ફરિયાદો કરી, આશ્વાસન મેળવવા તેઓની આગળ ટોળે-ટોળાં મળી ગયા. વૈદરાજ પીઢ અને અનુભવી હતા. દેશી વનસ્પતિઓ અને ઔષધોના સારા જાણકાર હતા. એક પછી એક દરદી આવે જાય. તેને નાનભટ્ટ વૈદ શાંતિથી દેશી ઔષધીઓ બતાવતા જાય; બધા દરદીઓને વૈદરાજ પર પૂરેપૂરી આસ્થા હતી. શા માટે ન હોય ? પૈસાનો લોભ ન હોય, દવા તદ્દન નિર્દોષ અને ખર્ચાળ ન હોય, ઉપરાંત વૈદરાજ સેવાભાવી હોય પછી પૂછવું જ શું ? ગંગારામ બ્રાહ્મણને છેલ્લા કેટલાક ટાઈમથી શરીરમાં રકતપીત્તનો રોગ થયો છે. 'શરીરનું લોહી સૂકાતું જાય, અંગ–ઉપાંગ અને હાથ-પગનાં આંગળાં ઠૂંઠાં થતાં જાય છે. રસી જેવું પાણી નીકળ્યા કરે. આ રોગ ચેપી ગણાય. ગંગારામ તો નાનભટ્ટ વૈદ પાસે આવ્યા, શરીર બતાવ્યું, વૈદરાજે શરીર તપાસી રોગનો ઇલાજ બતાવ્યો, અને કહ્યું; ' આ દરદ પર એરંડીયું-દીવેલ તેમજ ગળો દરરોજ પીવાનું રાખવું, તેમજ ખાવામાં કોઇ પણ જાતના મીઠા કે મસાલા વિનાની મગની દાળ તેમજ ચોખાની ખીચડી ખાવાની, એ સિવાય બીજું કાંઇ ખાવા-પીવાનું નહિ. '–ગંગારામે નાનભટ્ટ બાપુની સલાહને શ્રદ્ધાપૂર્વક માથે ચડાવી. તે દિવસથી તેમણે વૈદરાજના કહ્યા મુજબ દવા અને ચરી ચાલુ કરી દીધાં. આમ કરતાં કરતાં નવ વરસ નીકળી ગયાં. છતાં ગંગારામે તો એ જ રીતે દવા તથા ચરી ચાલુ રાખ્યાં છે. તેનો રોગ સર્વથા દૂર થઇ ગયો, તો પણ જ્યાં સુધી નાનભટ્ટ રજા ન આપે, ત્યાં સુધી દવા કે ચરી તેઓએ મૂકી નહિ. નવે વરસે નાનભટ્ટ વૈદ ફરી રામપુરામાં ફરતા–ફરતા આવ્યા. તે વખતે ગંગારામે નાનભટ્ટ વૈદરાજના ચરણોમાં પડી, દવાની ફી તરીકે ૨૫) રૂ. એમને સમર્પિત કર્યા. રકતપિત્તના જે રોગમાં આજે ડૉકટરોના હાથે ચઢેલો રોગી હજારો ખર્ચે છતાં પરિણામ શૂન્ય આવે છે, તે રોગ નાનભટ્ટ જેવા વૈદ ફકત ૨૫) રૂ. માં મટાડે; તે પણ દરદીની ઇચ્છા હોય અને આપે તો વૈદરાજ લે, નહિતર અવસરે આવા સેવાભાવી વૈદો તો રોગીને પોતાના ઘરના પૈસા આપીને માતાની જેમ તેના પર અપાર વાત્સલ્ય બતાવે. છે **આજે આવા વૈદો કે ડાકટરો !**

નાનભટ્ટ વૈદે ગંગારામને બે હાથે પકડી ઉભા કર્યા. પૂછયું: ' ભાઇ! આ પચીશ રૂ. શાના ? ' ગંગા-

રામ કહે છે. 'વૈદરાજ મારી દવાના. ફૂલ નહિ તો ફૂલની પાંખડી.' વૈદરાજે કહ્યું; 'શાની દવા?' દરદી ગંગારામે નવ વર્ષ પહેલાંની વાત વૈદરાજને યાદ દેવડાવી. નાનભટ્ટ બાપુ ગળ-ગળા થઇ ગયા. ગંગારામે આપેલા ૨૫ રૂા. માં બીજા રૂા. ૨૫ ઉમેરી નાનભટ્ટે તરત જ ગંગારામના પગમાં ૫૦ રૂા. મૂકયા. ગંગારામ અને લોકો બધા આશ્ચર્ય પામ્યા. નાનભટ્ટે ખૂલાસો કર્યો; 'ભાઇઓ! ગંગારામ મારો દરદી હતો, પણ એણે મને ગુરૂજ્ઞાન આપ્યું. આયુર્વેદમાં કહેલી ઔષધિઓ કેટલી લાભદાયી અને સચોટ છે, એ હકીકતનો મારો અનુભવ મક્કમ બન્યો. જો ગંગારામે નવ વરસ સુધી આ રીતે કડક ચરી ન પાળી હોત તો રક્તપીત્તના ગંભીર રોગમાં આયુર્વેદની ઔષધિઓ ચમત્કારિક અસર કરનારી છે, એ મારી શ્રદ્ધા દૃઢ ન બનત, માટે આ રીતે નવ નવ વરસ સુધી ધીરજ રાખી, શ્રધ્ધાપૂર્વક જે રીતે દવા અને ચરીને વળગી રહ્યા તેથી એ મારા ગુરૂ બન્યા છે. માટે ગુરૂ દક્ષિણારુપે રૂા. ૫૦ મેં એને આપ્યા છે.'

ખરેખર વડિલો પ્રત્યે, દેવ-ગુરૂના વચનો પ્રત્યે આવી અનન્ય શ્રદ્ધા-બહુમાન તથા તેની પાલનામાં આવી ધીરજ અને સ્થિરતા આવી જાય તો જરૂર માનવભવ સફલ બની જાય, એમાં કાંઇ આશ્ચર્ય નથી.

*

### : સવાલો :

૧ ભ૦ શ્રી મહાવીરદેવના માતા-પિતાનું આયુષ કેટલું? ૨ ભોજરાજાની સભાના રત્નસમા જૈન પંડિત ધનપાલની અમર સાહિત્યકૃતિ કઇ? ૩ ૧૪૪૪ ગ્રંથરત્નોના પ્રણેતા શાસનપ્રભાવક જૈનાચાર્યનું પુણ્ય નામ શું? ૪ દરેક કાઉસ્સગ્ગ વખતે નિયમિત બોલાતું સૂત્ર કયું? ૫ આવશ્યક સૂત્રોના રચયિતા કોણ? ૬ અમેરિકાના પ્રેસીડેન્ટે જેને પદભ્રષ્ટ કર્યા તે યુનોની સેનાના સરસેનાપતિ કયા?

### જવાબો શોધી કાઢો:

૨ તિલકમંજરી. ૪ અન્નત્થઉસસિએણં. ૬ જ૦ મેકઆર્થર. ૫ ગણધરદેવો. ૩ પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ. ૧ પિતા સિધ્ધાર્થ રાજાનું આયુષ ૮૭; ત્રિશલાદેવીનું આયુષ ૮૫.

**તમે જાણો છો?-** આખી દુનિયામાં તારસંદેશ ૫ મીનીટમાં ફરી વળે છે. હવામાં શબ્દની ગતિ એક સેકન્ડમાં ૨૮૦૭૫૦૦ માઇલની છે. જ્યારે બંધીયાર ઓરડા જેવા સ્થાનમાં શબ્દની ગતિ એક સેકન્ડમાં ૩૦૦ માઇલની ઝડપે છે. * માઇક્રોસ્કોપ-સૂક્ષ્મ વસ્તુને જુવે છે. ટેલીસ્કોપ-દૂરને જુવે છે. સ્ટ્રોબોસ્કોપ-વેગને જોવાની શકિત ધરાવે છે. * હવાના દબાણને માપવા બેરોમીટર. શરીરની ગરમીને માપવા-થર્મોમીટર. વાહનોની ગતિને માપવા-સ્પીડોમીટર. હવામાં ભીનાશને માપવા માટે-હાઇગ્રોમીટર. અવાજને માપવા-ઓડીયોમીટર, દૂધમાં પાણીને માપવા-લેક્ટોમીટર, ઉંચાઇને માપવા-પીડોમીટર.

*

**શબ્દોની ગમ્મત:** આખડી-પ્રતિજ્ઞા, નિયમ. આંખડી-આંખ. દ્વિપ-હાથી, દ્વીપ-બેટ. દિન-દિવસ. દીન-ગરીબ, કંગાલ. સૂરિ-આચાર્ય મહારાજ, પંડિત. સુરી-દેવી. પાસ-પરીક્ષામાં પાસ થવું, પાશ-ફાંસો. કિલ-ખરેખર. કીલ-ખીલો. શિલા-પત્થરનો મોટો ટુકડો. શીલા-શીલવાનસ્ત્રી. સુત-પુત્ર. સૂત-સારથિ. ગુણ-ગુણ, ગૂણ-ખાલી કોથળો. આહુત-હોમમાં નાંખવાનું દ્રવ્ય, આહૂત-બોલાવેલું.

*

**કેટલીક ઉંધી સમજણો:** ૧ રાવણને શ્રી રામચંદ્રે નથી માર્યા, પણ લક્ષ્મણે માર્યા છે. ૨ રાવણને દશમુખ ન હતાં, પણ એક જ મુખ હતું, પણ ગળામાં નવ હીરાનો હાર હતો, તેમાં તેનું પ્રતિબીંબ પડતું હતું, તેથી દશ મોંઢા દેખાતાં હતાં. ૩ અપાસરો નહિ પણ ઉપાશ્રય બોલવું. ૪ દેરાવાસી નહિ પણ મંદિરમાર્ગી કે મૂર્તિપૂજક કહેવું. ૫ અપવાસ નહિ પણ ઉપવાસ બોલાય. ૬ હનુમાન વાનર ન હતા, તેમને પૂંછડું પણ ન હતું, પણ વિદ્યાધરવંશની પરંપરામાં વાનરના ચિહ્નવાળો રાજધ્વજ રાખનાર વંશમાં ત્પન્ન થયા હતા; બાકી તેઓ પુરૂષ હતા, અને ચારિત્રની આરાધના કરી, એ જ ભવમાં મોક્ષે ગયા છે.

## ઉઘાડી બારીઃ

'બાલજગત'ને અંગે જે કાંઈ લેખો, પત્રો કે સૂચનો આવતાં રહેશે, તેને અંગે જવાબ, સ્પષ્ટીકરણ કે સૂચના આ વિભાગમાં નિયમીત રજૂ થશે. **સં૦**

**બાબુભાઈ દોશી**–ભાઇ દોશી! તમારાં ત્રણેય લખાણો મલ્યાં છે; 'બાલજગત'નું લખાણ તમને ગમી ગયું એ જાણી આનંદ. તમારા બાલમિત્રોને 'કલ્યાણ'ના સાહિત્યમાં રસ લેતા જરૂર કરજો ! તમારા લેખો 'બાલજગત'માં અવાર-નવાર પ્રગટ થતા રહેશે.

૧ **પ્યારા** બાલમિત્રો ! 'કલ્યાણ'ના 'બાલજગત'માં તમારાં લખાણો મોકલતી વેળા, તમારી છબી, તમારી ઉમ્મર, ઇત્યાદિ વિગતો સાથે લખાણ મોકલતા રહેવું.

૨ સુધારા-વધારા સાથે તમારા લખાણોને બની શકે ત્યાંસુધી પ્રસિદ્ધ કરવા શક્ય કરીશું.

૩ **શબ્દગોષ્ઠિ** ઇનામી યોજના 'કલ્યાણ'માં પ્રસિધ્ધ થાય છે, તો તેમાં જરૂર ભાગ લઇને તમારી બુદ્ધિ શક્તિનો વિકાસ કરતા રહેજો !

એજ લ્યો ત્યારે, નમસ્તે. **પ્યારા બાલમિત્રો !**

*

## સુવાકયોની ફૂલમાળ

(૧) **જે** માણસને વીતરાગની ઓળખાણ હોય, અને વીતરાગની ભક્તિ કરતો હોય,–તેને આ જગતનાં મહાન્ સુખો મળે છે, તે વહેલો મુક્તિપુરીમાં જાય છે. જેને આ ત્રણ વસ્તુના વાંધા તેને આ સંસાર તરવાનાં વાંધા છે, ઘડી પછી શું થવાનું છે? તને કંઇ ખબર નથી માટે હે માનવી ! તું ચેતી જા, અને સંસારને તરી જા.

(૨) **વી**તરાગની જેને જેટલી પીછાણ તેટલો તે સુખી છે.

(૩) જે માણસ જગતના સુખોની સામે આંખો બંધ કરે તેને જ વીતરાગની પીછાણ થાય છે.

(૪) જેટલી તપશ્ચર્યા કરી તેને તેટલાંજ કર્મના ચુરા કર્યા છે.

(૫) જે વીતરાગનો સેવક તે સુખી અને જગતનો ઉપરી છે.

(૬) **હે** માનવી ! તેં જ્યારે સોનાનાં બટન પહેર્યાં હોય છે, ત્યારે તું ગર્વમાં અક્કડ થઇને તેના પર હાથ ફેરવે છે, પણ તને ખબર નથી કે કર્મરાજા તારી મશ્કરી કરી રહ્યો છે. અત્યારે તો તને મિઠાઇને બદલે કોલસા આપી રહ્યો છે, માટે હે માનવી ! તું જાગી અને ચેતી જા.

**દોશી બાબુભાઈ રતીલાલ મુંબઈ ૨.**
રાધનપુરવાળા; ઉમ્મર વર્ષ; ૧૪.

*

## પાન-સોપારી.

શિક્ષક–બોલ કનુ ! સૉલ્જર અને ડોકટરમાં શો ફેર ?

કનુ–સાહેબ ! એક સાથે ઘણા માણસોને એકી સાથે મારે તે સૉલ્જર. ને ધીરે ધીરે એક પછી એકને રીબાવીને મારે તે ડોક્ટર !

*

ઇતિહાસનો શિક્ષક–કેમ જયંતિ ! બોલ જોઉં, અમેરીકાની મુખ્ય પેદાશ કઇ ?

જયંતિ–સાહેબ ! પૈસો અને ધાક-ધમકી.

*

એક ડોકટરે ગામડીયાને કહ્યું; 'તું મુંબઈ જઇ તારી છાતીનો ફોટો લઈ આવજે, પછી ખબર પડે કે આ તાવ તથા ખાંસી શાથી છે?' [ગામડીયો મુંબઈ ગયો, સારા કપડાં, દર-દાગીના પહેરી મુંબઇના સારા સ્ટુડીયોમાં સુંદર પૉઝમાં ફોટો પડાવી તે પોતાના ગામમાં આવ્યો ને ડોકટરને ફોટો આપ્યો.]

**ગામડીયો**–'કેમ સાબ' મારો ફોટો કેવો મજાનો પડ્યો છે? હું કેવો દેખાઉં છું !'

ડોકટર–'અરે મૂરખ ! આ ફોટાની જરૂર ન હતી, તારી છાતીની અંદરનો ફોટો જોઇએ !'

ગામડીયો બિચારો મૂંગો જ બની ગયો.

*

---


## પચ્ચક્ખાણના કોઠાઓ

**પ્રભાવના માટે મંગાવો !**
**૧૦૦ના રૂા. ૬–૪–૦.**
દરેક પચ્ચક્ખાણો તેમજ સમયનો કોઠો.
**સોમચંદ ડી. શાહ, પાલીતાણા.**

# ધર્મમહોત્સવોની સ્હામે કટાક્ષો ન કરવા જોઇએ!

## પ્રેષક પૂ. મુનિરાજ શ્રી રૂચકવિજયજી મહારાજ

**આજે** સાત ક્ષેત્રોમાં શ્રાવક–શ્રાવિકા ક્ષેત્ર સિદાઇ રહ્યા છે, એ પ્રત્યે સાધન સંપન્ન ધર્માત્માઓએ સ્હેજ પણ ઉપેક્ષા કરવા જેવી નથી જ. પણ સાધર્મિક ભાઇઓના ઉત્કર્ષના બ્હાને જેઓ ધાર્મિક અનુષ્ઠાનો સ્હામે ટીકાઓ કરીને, પોતાની શુદ્ધનિષ્ઠા માટે જૈન સમાજને વિશ્વાસમાં લેવાના પ્રયત્નો કરી રહ્યા છે, તે લોકો આ લેખને ખૂબ જ સ્વચ્છ હૃદયે વાંચે, વિચારે અને માર્ગદર્શન મેળવે; પ્રસ્તુત લેખ **પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં** વ્યાખ્યાનમાંથી ઉદ્ધૃત કરીને અહિં રજૂ થાય છે.

—સં૦

**મા**રી યાદ મુજબનો ખંભાતનો એક પ્રસંગ કહું. એક વાર દુષ્કાળ અગર તો એવી કોઇ આફતને અંગે જનતાને રાહત આપવાનું કાર્ય હાથ ધરાયું, અને ત્યાંના અધિકારીઓ વગેરે ઉપાશ્રયમાં વ્યાખ્યાન વખતે એ અંગે ફંડ કરવાને માટે આવ્યા.

તેમણે ઉભા થઇને પોતે લઇ આવેલ કાર્યનું મહત્ત્વ વર્ણવ્યું અને તે અંગે **'દયાનું આ કાર્ય શ્રાવકોએ કરવા જેવું છે,'** એવું સૂચન મેં પણ કર્યું.

પછી ટીપ શરૂ થઇ. ટીપમાં જે રકમ ભરાઇ, તેથી ટીપ કરાવવાને આવેલ અધિકારીને સંતોષ થયો નહિ. આથી તેમના એક આગેવાને ઉભા થઇને 'જૈનો ધાર્મિક ઉત્સવો, ઉજમણાં, જમણવારો, વરઘોડા અને મન્દિરો આદિ પાછળ અઢળક ખર્ચ કરે છે,' આ વગેરે કહીને, એ કાર્યોની જરા ટીકા લાગે તેવું કહ્યું, અને થયેલી ટીપ ઘણી ઓછી છે તેમ જણાવ્યું.

એ અધિકારી બોલી રહ્યા પછીથી, મેં કહ્યું કે, **"અમારા જૈનો જેમ ઉત્સવાદિ સુંદર પ્રકારે કરી શકે છે, તેમ જીવદયાદિના કાર્યો પણ સુંદર પ્રકારે કરી શકે છે. ગરીબ માણસોની અને જીવોની દયાનાં કાર્યોમાં પણ મોટે ભાગે જૈનોનો જ મોટો હિસ્સો હોય છે. કારણ કે જૈનો જે દેવ–ગુરૂના ઉત્સવો આદિ કરે છે, તે દેવ–ગુરૂ એમને દયા કરવાનું કહે છે જ.** આ કાર્યમાં તમને સંતોષ થાય એવી ટીપ ન થઇ, તેમાં કારણ એ પણ હોઇ શકે કે આ કાર્યનું તમે જેટલું મહત્ત્વ આંકો છો, તેટલું મહત્ત્વ તમે આમનાં ખ્યાલમાં લાવી શકયા ન હો, અથવા તો આમને આ કાર્ય કરનારાઓને અંગે કાંઇ કહેવાપણું હોય આમ છતાં પણ તમે એમ કહો કે 'આ કાર્યને અંગે અમારે આમની પાસેથી અમુક રકમની જરૂર છે,' તો આ જૈનો તમને એ પૂરી કરી આપશે, એ વિષે મને જરા પણ શંકા નથી; બાકી તમને જો આ કાર્ય માટે આટલું બધું લાગી આવે છે, તો એમ કરો કે એક મહિનાનો પગાર તમે અને તમારા બધા અધિકારીઓ આ કાર્યમાં આપી દો! અને જો તમે એમ કરો તો અહીં બેઠેલા જૈનો પોત–પોતાની એક એક મહિનાની કમાણી આ કાર્યમાં આપી દેવાને અચકાશે નહિ, એમ હું માનું છું. **જૈનો પોતાના દેવ–ગુરૂ આદિના ઉત્સવાદિમાં અઢળક ધન ખર્ચે છે. આ કાંઇ ઘેલાપણું નથી, પણ જૈનો માને છે કે 'લક્ષ્મીનો સારામાં સારો ઉપયોગ જ આ છે.' એની ટીકા કરીને જૈનો પાસેથી પૈસા કઢાવવાની રીત એ વ્યાજબી નથી, એથી તો જૈનોને દુઃખ થાય. બાકી જૈનો સંકટગ્રસ્ત જીવોના રક્ષણમાં પણ માને જ છે** અને આ કાર્ય અંગેનું તમે ધારો છો તેવું મહત્ત્વ તેમના ખ્યાલમાં આવી જાય, તો એ છૂટે હાથે દાન દીધા વિના રહેજ નહિ."

આ પછી તો એ અધિકારીએ ઉભા થઇને પોતે જે કાંઇ બોલ્યા હતા તે બદલ શ્રી સંઘની માફી માંગી.

પછી મેં પૂછ્યું કે 'તમારે આ બધાની એક મહિનાની કમાણી જોઇતી હોય તો તેમ કહો;' એટલે એ અધિકારી કહે કે 'મારા બધા અધિકારીઓ એક એક મહિનાનો પગાર આમાં આપી દે, એ હું કહી શકું તેમ નથી.'

પછી મેં પૂછયું કે 'તો તમને આમની પાસેથી કેટલી રકમ જોઇએ છે, એ કહો', એ અધિકારીએ જે રકમ કહી, તે રકમ ટીપની થયેલી રકમ કરતાં દોઢી લગભગ હતી; આથી સ્હેજ સૂચના કરતાં સૌએ ટીપમાં જે રકમ મંડાવી હતી તે બેવડી કરી આપી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, ધાર્મિક ઉત્સવો અને **શ્રી જિનમન્દિરાદિમાં ખર્ચ કરનારાઓ, સાધર્મિક વાત્સલ્યો અને જીવદયા આદિનાં કાર્યોમાં જેવી ઉદારતાથી ખર્ચ કરી શકે છે,** તેવી ઉદારતાથી બીજાઓ તે કાર્યોમાં ખર્ચ કરી શકતા જ નથી. આથી **ધાર્મિક ઉત્સવો તથા શ્રી જિનમન્દિરાદિમાં ખર્ચ કરનારાઓની ટીકા કરનારાઓ તો અજ્ઞાન જ છે. કોઈ વખતે કોઈ ક્ષેત્ર સિદાતું હોય અને જૈનોનું લક્ષ્ય એ તરફ દોરવું હોય, તો બીજા ક્ષેત્રો તરફ અપાતા લક્ષ્યની ટીકા કર્યા વિના જ, સિદાતા ક્ષેત્ર તરફ જૈનોનું લક્ષ્ય દોરવું જોઇએ.**

આપણે ત્યાં શ્રી જિનમૂર્તિ, શ્રી જિનમન્દિર અને જિનાગમ તથા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. એમ સાતક્ષેત્રો ગણાય છે અને એ સાતે ય ક્ષેત્રોને શ્રી જિનશાસનમાં પવિત્ર ક્ષેત્રો માનવામાં આવ્યા છે. એ સાતક્ષેત્રોમાં પહેલા બે દેવ સંબંધી હોવાથી સામાન્ય રીતે સમાન ગણાય. ત્રીજું ક્ષેત્ર સમ્યગ્જ્ઞાન સંબંધી છે, ચોથું-પાંચમું સાધુ અને સાધ્વી ક્ષેત્ર પણ સામાન્ય રીતે સમાન ગણાય તથા છઠ્ઠું-સાતમું શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્ર પણ સામાન્ય રીતે સમાન ગણાય. આમ છતાં ય એમ પણ કહી શકાય કેઃ– **'એ સાત ક્ષેત્રોમાં પહેલેથી ગણીએ તો એક એકથી નીચું અને છેલ્લેથી ગણીએ તો એક એકથી ઉંચુ એવી એ સાતક્ષેત્રોની મર્યાદા છે.'** વાત તો એ કહેવી છે કે શ્રી જિનમૂર્તિ આદિ આ આ સાતક્ષેત્રોની એક એકથી ચઢયાતી સ્થિતિને જણાવનાર શાસ્ત્રોએ, એવી પણ એક ટાંક મારેલી છે કે **'જે ક્ષેત્ર સિદાતું હોય, તે ક્ષેત્ર પર ધ્યાન આપવું.'** આ વાતને કેટલાકો ભૂલી ગયા છે, તે ધ્યાન પર લાવવાની જરૂર છે. જો આજે બધા સુખી જૈનોને આટલું ધ્યાન પર આવી જાય ને હૈયું ખૂલી જાય, તો જૈન ભાઇઓને કોઇ દુઃખી ન કહી જાય. **આજે કેટલાક જૈનો રોટલે દુખી છે. એ વાતને સાંભળતા અમને શું થાય છે, તે નહિ કહી શકું, પણ અમારાથી એ સહાતું નથી.** જેમ કેટલાકો શ્રાવક–શ્રાવિકાઓના દુઃખના નામે, શ્રી જિન-મન્દિરાદિ ક્ષેત્રોમાં વ્યય કરનારા પુણ્યવાનોની નિન્દા કરે છે, તેમ આજે કેટલાકો સાધુઓમાં દયા નથી એમ પણ કહે છે. **જેઓનાં હૈયામાં શ્રી જિન-મન્દિરાદિ પ્રત્યે ભક્તિ નથી, તેના હૈયામાં શ્રાવક–શ્રાવિકા પ્રત્યે શ્રાવક–શ્રાવિકા તરીકેની ભક્તિ હોય જ નહિ.** એ લોકો તો આ નિમિત્તે ય, પોતાના હૈયામાં રહેલા ધર્મ પ્રત્યેના દ્વેષને જ વ્યકત કરે છે. એવાઓ ગમે તેમ બોલે, પણ તમે તમારા કર્તવ્યને ચૂકી શકો નહિ. સાધુઓ ઉપદેશ આપી શકે અને બીજાઓને જોઇતું પરિણામ ન આવે, તો તેઓ અજ્ઞાનપણે સાધુઓમાં દયા નથી એમેય કહી દે. આવા કપરા કાળમાં અન્ય નજીવી બાબતને લક્ષ્યમાં લીધા વિના જૈનો જીવી જાય એવું તો કરી છૂટવું જ જોઇએ. આ કામ હાથ ધરનારા-ઓએ પહેલા કદી પણ એમ પૂછવું નહિ કે પૂજા કરે છેકે નહિ ? પણ જૈન છે કે નહિ. એ જોવું અને જૈન હોય તો એ જીવી જાય એવી સહાય કરવી. સહાય કર્યા પછી આઠ–દશ દિવસ બાદ અવસરે પૂજાનું પૂછશો, તો એ જો પૂજા નહિ કરતો હોય તો નીચું જોશે અને પ્રાયઃ પૂજા કરતો થઇ જશે.

મને તો ખાત્રી છે કે આવા નબળા જૈનોને સાચવી શકે એવા નબીરાઓ હજુ પણ આ જૈન સમાજમાં જીવે છે; પણ એમનામાં ઉદારતા આવે અને પોતાનાં સાધર્મિક ભાઇ–બેનોને માટે લાગણી જન્મે તો કામ થાય ને ? જૈન ભાઇ–બ્હેનો દુઃખી હોય, છતાં પૈસા તીજોરીમાં જ પડયા રહે તો સારું, એવું કોને લાગે ? તમારા પૈસા તમારાં છોકરાં જ ખાય, નહિ તો મરતાં તમારી પથારીમાં નાંખે તો સારું, એમ લાગ્યું છે ? આજે સુખી જૈનોનાં મન-માંથી એ નીકળી ગયું છે કે **આખા જૈન સમા-જના છોકરાં એ પણ અમારાં છોકરાં છે. સાધર્મિક તો સગા છોકરાં કરતાંએ વધારે**

**લાગવા જોઇએ.** જ્યારે ઘણે ભાગે હું ને મારાં છોકરાં સિવાય પ્રાય: લાંબો વિચાર નથી. આજે તો વ્યવહારમાં પણ જરા આઘેના સંબંધી માટેય ઘસાવાની તૈયારી બહુ ઓછાની છે. આવા કામોમાં સુખી સામે જ આંખ જાય ને ?, કેમ કે એ મનમાં લે તો કામ થાય. આજે આ વિષેનો ઘોંઘાટ એટલો વધી ગયો છે કે અમારી પાસે આવી વાતો વારંવાર આવે છે. દરેક ધર્મકાર્ય પ્રસંગે આ વાત હોય જ છે, આ વસ્તુ એવી છે કે અવસર યોગ્ય અને શક્તિ અનુસાર કર્યા વિના ધર્મ દીપે નહિ. જ્યાં સુખી માણસો ધર્મ કરવાને એકઠા થયા હોય, ત્યાં સાધર્મિકો દુ:ખી છે એ વાત અમારે કાને આવે જ શાની ? અસલ તો આખા શહેરમાં કોઇ રોટલા માટે દુ:ખી માણસોને સુખી કર્યા વિના રહે નહિ. આજે સુખી ગણાતાનું એટલું ગજું નથી. સુખી માણસો પણ બહાર જેટલા સુખી ગણાય છે તેટલા અંદરખાને સુખી નથી. કહે છે કે સરકારની પદ્ધતિ વગેરે એવું છે કે આજે સુખી ગણાતા પણ બહુ માલદાર રહ્યાં નથી. આવક ઉપર મોટા અંકુશો આવી ગયા છે. આવકના વહેતાં વહેણ અટકી ગયાં છે કે છીછરાં થઇ ગયા છે અને એથી જે સુખી છે તેમના મનમાં પણ ભય પેસી ગયો છે. આવકનું વહેણ ચાલુ હોય તો વધારે ઉદારતા રહે,

પરન્તુ આજે એ વિચાર કરવા જેવો છે કે, **ભૂખનો ભય એ બધા કરતાં મોટો ભય છે. તમને સંપત્તિ ઘટવાનો ભય છે. એ ભય પાસે તમારા ભયની કાંઈ કિંમત નથી.** આથી નક્કી કરો કે, 'તમારાથી શક્ય હોય ત્યાં સુધી તમે જે ક્ષેત્રમાં હો તે ક્ષેત્રમાં તો કોઈ જ ભૂખ્યો નહિ રહેવો જોઈએ.' કાંઇક યોજના પૂર્વક આ વિચાર થઇ જાય, તો આપણો ધર્મ એવા સુન્દર પ્રકારે થઇ જાય કે–આ ધર્મની આરાધના જીવનભર યાદ રહી જાય. કદાચ આ કામ કરવામાં મૂડીને ઘસારો લાગશે, પણ તેમાં ચિન્તા કરવા જેવું શું છે ? **'ઘસારો લાગીને પણ ભાઇને માટે લાગતો હોય, તો તે ભોગવી લેવાની સાધર્મિક તરીકે મારી ફરજ છે,'–એમ તમારે સમજવું જોઇએ.** ઉપદેશથી આગળ વધવું એ મને વ્યાજબી લાગતું નથી. સોનાની જાળ પાણીમાં નાંખવાની ભૂલ કોણ કરે ? પણ તમે આટલી વાતમાં ઘણું સમજી જાવ એવા છો ને ? **દરેકે દરેક જૈનના હૈયામાં 'શ્રી જિનને માનનાર જૈન તરીકે દુ:ખી નહિ હોવો જોઇએ,' એવું અભિમાન અવશ્ય હોવું જોઇએ.** આપણે સુખી હોઇએ અને આપણને કોઈ એમ કહે કે જૈનોને ભૂખે મરવાનો વખત આવ્યો છે, ત્યારે આપણું હૈયું ચીરાઇ જતું હોય, એવું આપણે જૈન હોઇએ તો આપણને લાગ્યા વિના રહે નહિ, આવી ઉમદા ભાવના જૈનોમાં હોય તો તે સ્વાભાવિક ગણાય.

[ શ્રી 'જૈન પ્રવચન' માંથી સાભાર ]


# અખિલ ભારતવર્ષીય-
# શ્રી વર્દ્ધમાનતપ સહાયક સમિતિ.

જે સ્થળોએ શ્રી વર્દ્ધમાન તપ આયંબિલ ખાતાંઓ ચાલતાં હોય તે સ્થળોનાં આ ખાતાઓને અત્યારના સમયની વધુ પડતી મોંઘવારીને લીધે પોતાના ખાતાઓ ચાલુ રાખવામાં નડતી મુશ્કેલીઓ દૂર કરવાની છે. તેમજ તેમને જરૂર પડતી મદદ કરવાની છે, અને તે ખાતાઓ બરાબર ચાલુ રહે એ અંગે માર્ગદર્શન કરવાનું છે. માટે જે સ્થળોએ નબળી આર્થિક સ્થિતિને લીધે ચાલુ ખાતામાં તોટો હોય તે ખાતાઓને રીતસર મદદની માગણી કરવા માટે નીચેના સ્થળેથી ફોર્મ મંગાવી, ભરી મોકલવા સૂચના કરવામાં આવે છે.

પત્રવ્યવહારનું ઠેકાણું:-

**જમનાદાસ મોનજી ઝવેરી**

બુલિયન એક્ષચેન્જ હોલ, મુંબઈ ૨.

જૈન સમાજનું અગ્રગણ્ય માસિક

**કલ્યાણ.**

વાર્ષિક લવાજમ રૂા. ૫–૦–૦

છૂટક નકલ ૦–૮–૦ આજે જ લખો.

# ✽ આત્મહિતકર સુવિચારમાળા ✽

**વકીલ કેશરીચંદ નેમચંદ શાહ,** બી. એ. એલ. એલ. બી.

**૧ આત્મા** એ અનંત શક્તિનો અખૂટ ભંડાર છે. આત્માનું સ્વરૂપ શુદ્ધ અને નિર્મળ છે. આત્મા જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ ગુણોને ધારણ કરનાર છે. આત્મા પોતાના અનંત ગુણોને તથા ત્યાગ, સદાચાર, તપ, શીલ આદિ શુભ ગુણોને પ્રકાશમાં મૂકવાની પ્રબલ શકિત ધરાવે છે. આત્માનું એ સામર્થ્ય છે કે, એ પાપાદિની ઝેરી હવાને નાબુદ કરી શુદ્ધ આત્મગુણમાં પ્રગતિ કરવાની શક્તિ ધરાવે છે.

**૨ જન્મવું**, મરવું, એશઆરામને વિલાસ ભોગવવો, ઇન્દ્રિયોના સુખોમાં આનંદ માનવો, એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. મોક્ષ એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. સંસાર એ આત્માનું વિકૃત સ્વરૂપ છે. અનાદિ કાળથી આત્મા કર્મ સત્તાની ભયંકર ગુલામીમાં કેદ બની ગયો છે, અને પાપ આદિ કર્મના પડળોથી-આવરણોથી, આત્માની જવલંત શકિત ઢંકાઇ ગઇ છે આત્માના પ્રકાશ પર અંધારપટ આવી ગયો છે. આવી કફોડી સ્થિતિ ને ભયંકર દશા આજે આત્માની છે. એ ઢંકાઈ ગયેલી આત્માની જવલંત જ્યોતિ કયારે પ્રગટે ? સંસારનો મોહ, મમતા, માયા ને મારાપણું જે ઘર કરી બેઠેલું છે, તેની ઉપર કાપ મૂકાય, ને વિષય કષાયો ઉપર જિત મેળવાય, ને પાપનો ભય લાગ્યા જ કરે, આટલું થાય તો આત્માનું સાચું સ્વરૂપ પ્રગટયા વિના રહેજ નહિ.

**૩ આત્માનો** શરીર સાથે શો સંબંધ છે ? આત્મા શરીરથી જુદો છે. શરીર આત્માનું બંધન છે. શરીર એ આત્માનું કેદખાનું છે. શરીર ક્ષણિક છે, મનુષ્ય મરે છે એટલે આત્મા એક શરીર છોડી બીજા શરીરમાં દાખલ થાય છે. મૃત્યુ એટલે શરીરની ફેરબદલી. મરણ પછી જીવ કઈ ગતિમાં જશે એનો આધાર સંસારમાં જીવન કેવું જીવ્યા ? પાપ પ્રવૃત્તિઓ કેટલી કરી ? એના સરવૈયાના હિસાબ ઉપર ભવિષ્યનો આધાર છે. આ ભવ મળ્યો છે તે પણ ભૂતકાળમાં કરેલી આરાધના યોગ જ મળ્યો છે. પરલોક સુધારવો હોય તો પુણ્યની જમા બાજુ વધારવી જોઇએ, અને પાપની ઉધાર બાજુ ઘટાડવી જોઇએ. વેપારમાં જો જમે પડેલું નાણું ખર્ચાઈ જાય, ને ઉધાર બાજુ ખર્ચ વધ્યાજ કરે, તો દેવાનો ભાર વધી જાય ને પેઢી નાદારીમાં જાય; ધર્મની બેંકમાં આરાધનારૂપી નાણું જમે ન હોય ને પાપનું ખાતું જ ચાલુ રહે તો દુર્ગતિ સિવાય બીજો કયો માર્ગ હોઇ શકે ?

**૪ સંસારની** રંગભૂમિ ઉપર જગતના જીવો કર્મને આધીન છે. કર્મનો યોગ અનાદિકાળનો છે. આ જગતમાં કર્મસત્તાનું સામ્રાજ્ય ચાલે છે. કોઇ રાજા ને કોઇ રંક, કોઈ શેઠ અને કોઇ નોકર, કોઇ વિદ્વાન ને કોઈ અભણ, કોઇ શ્રીમંત ને કોઇ ભીખારી' આ બધું શાથી ? જો ભાગ્યમાં લક્ષ્મી નહિ હોય તો માથું પટકીને મરીશું અગર ગમે તેટલી દોડધામ કરીશું, તો પણ એક પાઇ મળવાની નથી. પુણ્યાઇ પૂરી થશે એટલે માથે હાથ દઇ રોવું પડશે. પુણ્યમાં લક્ષ્મી હશે તો તે બારણું ઠોકતી તમારે ઘેર આવશે. માટે સંસાર એટલે કર્મજન્ય વિષમતાઓનું ઘર.

**૫ જીંદગી** ગમે તેમ, સ્વચ્છન્દીપણે જીવીશું એ નહિ ચાલે. ધર્મની ભાવના, ધર્મનો વિચાર, આત્મામાં ચોવીસે કલાક રહેવો જોઇએ, આત્માની સદ્ગતિ થાય એટલા માટે શરીરને ધર્મનું સ્થાન બનાવવું જોઇએ. આપણે શરીરની બહુ કાળજી રાખીએ છીએ ને આત્માને ભૂલી જઇએ છીએ. શરીરને રોગ લાગુ પડે, શરીર માંદુ પડે, ખવાશે પીવાશે નહિ, શરીરની શકિત ઘટી જશે, એ વખતે શરીરનું શું થશે, એનો બળાપો અને ચીંતા બહુ થાય છે; પણ આત્માને કામ, ક્રોધ, મોહ, માયા ને મમતારૂપી રોગ લાગુ પડેલો છે તેનો બળાપો કે ચિંતા થતી જ નથી. આવો વિચાર સરખો પણ આવતો નથી. જો બધા આવો વિચાર કરતા થઇ જાય, ને શરીર કરતા આત્માની ચિંતા વધારે રાખે તો આત્માની સદ્ગતિ થયા વિના રહેજ નહિ.

**૬ આત્માને** આ દુર્લભ મનુષ્યભવ મળ્યો છે એનો વિચાર કરવો જોઇએ. એની મહત્તા સમજવી જોઇએ. જીવની ચાર ગતિઓ છે:-(૧) દેવ (૨) મનુષ્ય (૩) તિર્યંચ ને (૪) નારકી. દેવગતિ કરતાંયે મનુષ્યગતિ ઉત્તમ છે. એ શાથી ? દેવો ભોગવિલાસમાં એટલા બધા રાચ્યાપચ્યા રહે છે કે તેમનાથી આત્મ-

કલ્યાણની સાધના થઇ શકતી નથી, દેવભવમાં પાપ વગર જીવી શકાય એવી સામગ્રી જ નથી. તિર્યંચો પરાધીન છે. નારકીના જીવો પારાવાર દુઃખથી રીબાય છે. મનુષ્યભવ જ એવો છે કે જેમાં માણસ ધારે તો પાપ વગર જીવી શકાય, પાપનો ત્યાગ કરી શકાય. એટલા માટે જ મનુષ્યભવને, બીજા ભવો કરતા કીંમતી ગણ્યો છે. ધર્મધુરંધરોએ મનુષ્યભવના ખૂબ વખાણ કર્યા છે, આ મનુષ્યભવ પૂણ્યથી મળ્યો છે. તમે, જ્યાં જન્મ્યા છો તે સ્થાન કેવું છે તેનો વિચાર કરવો જોઇએ. આર્યદેશ, જૈન જેવું ઉત્તમકુલ દેવ ગુરૂને ધર્મની સામગ્રી,—આ બધું પુણ્યથી મળ્યું છે. તેને શું એળે ગુમાવી દેવું ? આવો મનુષ્યભવ એટલે ચિંતામણિ રત્ન, કોહીનુર હીરો પુણ્યથી મળ્યો છે તેને કાચનો કકડો અજ્ઞાનતાથી સમજી ફેંકી દેવો ? આવી મૂર્ખાઇ કદી થઇ શકે ? ના. માટે મનુષ્યભવમાં ઉત્તમ પ્રકારનું જીવન જીવવું એટલે આત્માની સાચી ઓળખાણ થવી. કદી એવો વિચાર આવે છે કે આ જીવને આમને આમ ક્યાં સુધી પરિભ્રમણ કરવાનું છે ? જન્મવું અને મરવું, ફરી જન્મવું અને મરવું, એ પ્રમાણે ચક્રની માફક ફરવું પડે છે ને ? માટે 'હું કોણ છું, ક્યાંથી આવ્યો છું, ક્યાં જવાનો છું, આ જીવનમાં મારે શું શું કરવું જોઇએ, નહિ કરવાનું હું કેટલું કરી રહ્યો છું,'......આવો વિચાર કરવામાં આવે તો આત્માની સાચી ઓળખાણ થાય, નહિ તો રણમાં પડેલા મૃગલાની માફક આમ તેમ ઇન્દ્રિયોના સુખ પાછળ ક્યાં સુધી ભટક્યા કરીશું ? જો સંસારના સુખો ભયંકર લાગે, અને પાપની કંપારી છૂટે, તો જ આત્મકલ્યાણનો માર્ગ સહેલો થઈ જાય ને આત્માની સદ્‌ગતિ થયા વિના રહે જ નહિ; પણ કેટલાકને તો આવા વિચારો જ આવતા નથી તેનું શું ? આવા વિચારો કરવાની ટેવ રાખવી જોઇએ. વિચાર, વાણી ને વર્તનમાં પાપરહિત જીવન જીવાય તો આ ભવ સુધર્યા વગર રહે જ નહિ. એટલું તો નક્કી જ છે કે, અહીં ગમે તેટલું મેળવ્યું હશે, ગાડી વાડી ને લાડી હશે, લાખો રૂપીયા તીજોરીમાં પડ્યા હશે, ફક્કડ થઇને બાદશાહની માફક ફરતા હઈશું, પદવી પઇસો ને પ્રતિષ્ઠા મેળવવા ગમે તેટલી દોડધામ કરીશું,......પણ આ બધું મૂકીને એક દિવસ જવાનું છે, એનો ખ્યાલ આવે છે ? મરણ ગમે ત્યારે આવે,-બાળપણમાં યુવાનીમાં કે ગમે તેવા સુખના કાળમાં પણ આવે.' માટે હંમેશા તૈયાર રહેવું જોઇએ, સાવધ રહેવું જોઈએ, જાગૃત રહેવું જોઇએ. બે આંખો મીંચાયા પછી આમાંનું કંઇ પણ આપણું રહેવાનું નથી જ બધું મૂકીને જવાનું છે. આત્મા સાથે આવનારી ફક્ત બે વસ્તુઓ છે—પુણ્ય અને પાપ.


## જુના અને જાણીતા
## આંગીના કારીગર

**લુહાર મોહનલાલ કરશનદાસ**
ઠે. નાની શાક માર્કીટ પાસે, **પાલીતાણા.**

ભગવાનની આંગી, મુગટ, કલ્પવૃક્ષ, કળશ, ચાંદીની ડબીઓ, ચાંદીનાં પ્રતિમાજી તથા સિધ્ધચક્રજી વગેરે તમારી ઇચ્છા મુજબ બનાવી આપવામાં આવશે. એક વખત કામ આપી ખાત્રી કરો. રૂબરૂ બોલાવવાની જરૂર પડે તો આવવા-જવાનો ખર્ચ આપવાનો રહેશે.

'લક્ષ્મી છાપ'
## સતૂઇસબ ગુલ

કબજીયાતો મટાડે છે સાથે આંતરડાંનાં ચાંદાં અને કડણાઈ પણ નાબુદ કરી યથાસ્વરૂપમાં લાવે છે.

૧ કચ્છી મેડીકલ સ્ટોર્સ-પાલીતાણા.
૨ પારેખ મેડીકલ સ્ટોર્સ
ગાંધી રોડ, **અમદાવાદ.**

## ચોકખું ને ચટ્ટ ............શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી.

**કાઠીના ભાવમાં ઘટાડો** [ જા.ખ ]

–**લો**ભીયાને મરવાનું મન થાય એવું આકર્ષણ.

**શ્રીમતી લીલાવતી મુનશીએ કેરીની ગોટલીમાંથી ખાદ્ય વાનગીઓ બનાવવાનો જનતાને અનુરોધ કર્યો છે.**

–ફળદ્રુપ જમીનમાંથી બનેલું ભેજું ફળદ્રુપ છે કે જે મગજમાંથી વિના ખાતરે હજારો યોજનાઓનો ફાલ ઉતર્યે જાય છે.

**દીલ્હીમાં ઉડેલું તીડનું ટોળું.**

–કાંઇ ફીકર નહિ. દીલ્હીના ચોખા કયારનાય બંગલામાં ઘૂસી ગયા છે. બાકી રહેલા મહાસમિતિના સભ્યોની સેવામાં રોકાઇ ગયા છે.

**મતભેદો ફગાવી દઇ રાષ્ટ્રને સમૃદ્ધ બનાવો.** [ નહેરૂ ]

–અમારે મતભેદ હતો કયારે કે ફગાવી દઇએ. કૃપલાણી અને જયપ્રકાશને આપની સાથે મતભેદ છે. કૃપલાણીને મૂકો સરદારની જંગ્યાએ અને જયપ્રકાશને મૂકો પ્રચારમંત્રીની જગાએ. એટલે બધા મતભેદો તરત જ શમી જશે.

**દવા એક ફેશન થઇ પડી છે.–ટંડનબાબુ**

–હકીકત તદ્દન સાચી, પણ તે આમ જનતા માટે નહિ. જેમને ત્યાં ખુદ આપના જેવા નેતાઓનાં નિવાસ હોય છે, તે મોટરોવાળા મહાશયોની મહેલાતની શોભા આજે દવા બની છે. બાકી તો આમજનતાની એ સ્થિતિ છે કે, " માંદગી કરતાં મોત સારૂ "

**નહેરૂએ મજુર મહાજન સંઘની મુલાકાત લીધી.**

–ભાણીયો મોસાળે જાય ને વહુ સાસરે જાય એમાં નવું શું કર્યું ? કદીક રેશનાલાઇઝેશનની યોજના સફળતાપૂર્વક પાર શી રીતે ઉતરે તેની ચર્ચા કરવા ગયા હશે.

**ચીનને આક્રમણખોર ઠરાવવાના ઠરાવ ઉપર રાષ્ટ્રવાદી ચીનના પ્રતિનિધી ડો. સીયાંગ અમેરીકાને પોતાનો ટેકો આપશે.** [સમાચાર]

–ને ડોકટર હોવાથી ટ્રુમેનને એવી ભલામણ પણ કરશે કે માઓત્સેતુંગનાં મગજનું ઓપરેશન કરવાનો સમય પાકી ગયો છે.

**એશીયાઈ દેશોની અવગણના કરીને ચીનને આક્રમણખોર જાહેર કરવામાં આવ્યું છે** [સમાચાર]

–આજે તો આખું ય યૂરોપ જ યુદ્ધના નશે ચઢયું છે ત્યાં કોણ કોને આક્રમણખોર ઠરાવે ?

**અમદાવાદમાં મહાસમિતિની બેઠક વખતે ૬૦ સભ્યોનું કોરમ પૂરૂં કરવા માટે સભાગૃહને બીજી ૨૦ મીનીટ રોકાવું પડયું હતું.** [સમાચાર]

–રાજદ્વારી નેતાઓ તો ફકત પ્રજાને શિસ્ત અને સંયમની શીખામણ દેવા જ સર્જાયા હોય છે. જો તેઓ પોતે ખુદ અમલ કરે તો નેતા શાના ?

**પ્રજાને નવ ઔંશ રેશન અને મહાસમિતિના સભ્યોને બાર ઔંશના રેશનથી પ્રજામાં કચવાટની લાગણી ઉત્પન્ન થઇ છે.** [સમાચાર]

–ભારતની પ્રજાએ સમજવું જોઇએ કે " મોટાનું પેટ મોટું હોય છે. "

**અનાજ સાફ કરનારી કહેતી હતી કે, મહાસમિતિના સભ્યો માટે આવેલું અનાજ ઉંચી જાતનું છે.**

-હિંદુસ્તાનના ઉદ્ધારકો માટે દેવતાઓએ કદાચ સ્વર્ગમાંથી મોકલ્યું હોય એમ બને !

**ત્યાગ, બલિદાન અને સેવાભાવની આજે વધારે જરૂર છે.** (કાનજીભાઇ)

કોને ? પ્રજાને જ ને ? બાકી રાજકીય નેતાઓને તો લાગ, લાભ અને લેવાની જ જરૂર છે ?

**માનવજાત ઉપર યુદ્ધની આફત ન ઉતરે એ માટે પ્રભુને પ્રાર્થના કરો.** [રાજેન્દ્રબાબુ]

–બાબુસાહેબ, ઘર ભૂલ્યા. પ્રભુને પ્રાર્થના કરવા કરતાં યૂરોપનાં માંધાતા મહારથીઓને કાંઇ સમજણ આપો તો ઠીક પડશે !

# છેવટે તેનો આત્મા જાગ્યો

શ્રી ચીમનલાલ શાહ

તેમણે ધીમે ધીમે બાલ્યાવસ્થા, કુમારાવસ્થા અને યુવાવસ્થા પસાર કરી, લગ્નની તૈયારીઓ કરવા માંડી. યુવાવસ્થામાં પગરણ માંડ્યા, ત્યાં લગ્નની તડામાર તૈયારી થઇ રહી. અને એક દિવસે મિંઢોળબાંધી નવોઢા તેમના ઘરમાં આવી પહોંચી.

તેના આવતાં તેમની પેઢી તરતી થવા લાગી. દરેકમાં અચાનક લાભ જણાયો. વળી વ્યવહારમાં શું કે ધર્મમાં, લગ્નમાં શું કે મૃત્યુ પ્રસંગે તેમને હાજર રહેવું પડતું. ગામના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થ તરીકે તેઓની ગણતરી થતી. તેઓ ગામનું નાક ગણાતા. ધીમે ધીમે અનુભવે પણ પીઢ થયા. તેમના ગામમાં સાધુઓ આવે તે પણ ઓળખે અને વહેપારી પણ ઓળખે. તેઓ એક જાણીતા શેઠ થયા.

ધીમે ધીમે તેમને સાધુસંતનો સમાગમ થવા લાગ્યો. અને સંતો પણ તેમની ફરજ મુજબ અસાર સંસારનો ત્યાગ કરવાનો બોધપાઠ આપવા લાગ્યા. સાચા માર્ગે ચડાવવા અવનવી રીતથી શેઠને સમજાવતા; પણ શેઠ એકના બે ન થતા. શેઠ મહાજીદ્દી હતા.

એક વખત શેઠના માથે ખૂબ કામ આવી પડ્યું. બોજો એટલો બધો વધી ગયો કે શેઠ કંટાળી ગયા. અને ખરેખર જ થાકી ગયા. કોઇ દિવસ તેમને આટલો થાક લાગ્યો ન હતો. વૈદ બોલાવ્યા, હકીમ બોલાવ્યા; શાન્ત્વન માટે ગવૈયા બોલાવ્યા, પણ શેઠને કંઈ ફેર પડે નહિ.

શેઠ તો ગુંચળું વળીને પડી રહે. થોડા દિવસ ગયા પછી જણાયું કે, શેઠ મૃત્યુ પામ્યા છે. એટલે પૂરી તપાસ કર્યા બાદ શેઠની પાછળ શોક વ્યક્ત કરવા હોય–વૉય થવા લાગી. જો કે, શેઠનો પ્રાણ ખરેખર ગયો ન હતો. થાકના કારણે ગુંચળું વળી પડી રહેતા.

'આ સંસારમાં બધું મૂકી જતા રહ્યા. ઘર બંધાવેલા તે પણ મૂકી ગયા. જો જવું હતું તો અમને પહેલેથી કહેવું હતું ને? સ્વપ્નેય અમને આવો ખ્યાલ ન હતો. અમારા આધાર! અમને છોડીને ક્યાં ચાલ્યા ગયા?' વગેરે શબ્દો અને વાક્યોનાં ઉચ્ચારણ સ્ત્રી–પુરૂષ, મોટાં-નાનાં, આડોશી-પાડોશી સર્વે કરવા લાગ્યા. સ્ત્રીઓ તો બહુજ છાતીફાટ રૂદન કરવા લાગી.

લાકડા મહાજનમાંથી સ્મશાન મોકલવા ઓર્ડર મૂકાઇ ગયો. ધીમે ધીમે નનામી પણ પુરૂષોએ તૈયાર કરી લીધી.

પણ એક પ્રશ્ન ઉપસ્થિત થયોઃ ગુંચળું વળેલું મુડદું નાનકડા બારણામાંથી કેવી રીતે કાઢવું? ઘણા વિચારના અંતે એમ નક્કી કર્યું કે, બારણા અને બારશાખ તોડી નાખવા. અને સહુ ડાહ્યુઓ તેમ કરવા લાગ્યા.

શેઠની સ્ત્રી એકદમ આવ્યા. અને જોરથી કહેવા માંડ્યું "આ શું કરવા માંડ્યું છે? ના. ના. એમ કરતા નહિ. હવે, હું તો થઇ વિધવા. મારૂં હવે કોઇ કરે તેમ નથી. આ નબાપા છોકરાને હવે કોણ ઊછેરી મોટા કરવાનાં છે. જો બારણું તૂટશે તો પછી સમું કોણ કરાવી આપશે? એ કરતાં એક બીજી રીત અજમાવો. મારા ધણીનું તો જે થવાનું હતું તે તો થઇ ગયું. તેના હવે હાથ અને પગ કાપી નાખો એટલે સુગમતાથી મુડદું લઇ જઇ શકાય."

આ સાંભળી અચાનક ચેતના આવતા, પેલો શેઠ બરાડી ઉઠયો કે, 'રાંડ! મારા હાથ પગ કાપી નાખવા છે કેમ?'

# ❀ પ્રકાશનાં કિરણો—શ્રી ભદ્રભાનુ. ❀

**પાપ !**

પાપ જેની ખાતર કર્યું તે નહિ બચાવે,
પાપ જે ચીજ ખાતર કર્યું તે તમારી નથી.

**કેવી મજેની ચાવી !–**

" ધર્મ દુર્લભ છે એમાં કાંઇ શંકા છે ? ધર્મને દુર્લભ માનનારો વાયદા કરે ? કાલે કરીશું એમ કહે ? "

દુનિયાદારીમાં શું કહો છો ? લેણું ટાઈમ કરતાંએ વહેલું આપવા આવે તો લઈ લો ને ?

**આજનો સંસાર !**

પત્ની એટલે કામની પૂતળી ને પતિ એટલે ભોગનો ભૂત ! આજનો સંસાર કેવો કદરૂપો !

**કેવી અવળી દલીલ !**

" સંસારના અનુભવ વગર ત્યાગી ન થવાય ! વૈરાગ્ય નકામો ! " સમુદ્રના ઠેઠ તળીએ જઇ કાદવ ડોળ્યા વિના સમુદ્ર તરાય નહિ એમ ?

**નવયુગના પાંચ ગુણ !**

(i) પાપમાં સાહસિક વૃત્તિ–(ii) નામના ખાતર સુકૃતો વેચવાની ઉદારતા–(iii) તુચ્છ વસ્તુઓમાં સંતોષ (iv) મિથ્યાત્વમાં અચળ ચિત્તતા. (v) રાગાદિ સેવકો પ્રત્યે વાત્સલ્યભાવ.

**આજ્ઞા:–**"શ્રી વીતરાગ-પરમાત્માની વાસ્તવિક સેવા એમની આજ્ઞા માન્યા વિના ન થઇ શકે–"

આજ્ઞા પ્રત્યેની રૂચિ થઈ, અને સંસાર કડવો ઝેર જેવો ન લાગે એ બને ખરૂં ?

**પહેલું પગથીયું:–**ધર્મમાં આવવાનું પહેલું પગથિયું ભવ પર બહુમાન નહિ.

**સુકૃત–દુષ્કૃત:–**પોતાનાં સુકૃતની અનુમોદના કરનારને પોતાના દુષ્કૃત અવશ્ય ડંખે જ.

**દુર્દશા–**આજે કેટલાકની એવી દુર્દશા છે કે વ્યવહારમાં ધર્મ યાદ નથી આવતો. અને ધર્મમાં વ્યવહાર ભૂલાતો નથી ! આવાઓએ પોતાની શક્તિમાં પોલાણ છે એમ સમજવું જોઇએ.

**શરીર એ હું છું !**

પશ્ચિમની વિદ્યાઓથી "શરીર એ હું છું" એ સ્મરણ સતત રહેછે.

આર્ય વિદ્યામાં એનું ધીરે ધીરે વિસ્મરણ કરાવાય છે.

**ભાષા સમૃદ્ધ બની !**

" માપબંધી, અંકુશ, ભાવનિયમન " આ શબ્દોથી ભાષા સમૃધ્ધ બની ! અને મગજમાં સૂતેલા જ્ઞાનતંતુઓને ધકકો મારી કુવિચારનું તથા અસમાધિનું બળ આપ્યું.

**આઝાદી–બરબાદી ને આબાદી !**

આઝાદી પછી આબાદી આવે જ એવું કંઈ જ નહી ઉલટું વાદાવાદી, તડાતડી ને બરબાદી બેસુમાર આજની તકલાદી આઝાદીમાં દેખાઇ રહી છે.

**ધર્મભાવના ઘવાય છે !**

ગાંધીજીએ ગોવધને કાયદાથી અટકાવવાની ના પાડી. 'કેમકે ગોવધ માનનારની

---

છેવટે તેનો મોહમૂઢ આત્મા જાગ્યો. સાધુ મહાત્માની વાણી હવે તેનાં સ્મરણ પથમાં આવી. સંસારમાં સહુ સ્વાર્થનાં જ સગા છે, એમ તેને બરાબર સ્હમજાયું. તે ત્યાંથી તરત જ સાધુની નિશ્રામાં ગયો. કલ્યાણને માર્ગે ચડયો. સાચોરાહ સ્વીકાર્યો અને તેણે આત્મ કલ્યાણ સાધ્યું.

ધર્મભાવના ઘવાય છે–'.

–દેવદ્રવ્ય–હરિજન મંદિરપ્રવેશ આદિમાં ધર્મભાવના નહિ ઘવાતી હોય એમને ?

**નૂતન યુગની નફ્ફટાઈ !**

આજની સુધરેલી નારીઓમાં, ફેશન, સીગારેટ, શરાબ, સોસાયટી, શોકચ બની બેઠી. દુષ્ટ મનોવૃત્તિ, સોના–ચાંદીના ચગદા, રેશમી સાડીઓ ને પરદેશી સેન્ટ–ફોરમે, તો સ્થાન જમાવી મૂક્યાં છે !'

'સીનેમાગૃહોની આસપાસ ચક્કર લગાવવા તે તો તેમની ખાશિયત, અંધકારમાં ઓગળી જતી મર્યાદા અને વિસરતી સરાફત, ચુમ-ચમાટ, રેસ્ટોરાં કોફિહાઉસ ને આરામ-ગૃહોના ફેમેલીરૂમોના પડદા પાછળ તેમની પાપલીલાઓ જૂઓ–'

'ચોપાટી–પાલવા કે જુહુના કાંઠાની રેતી પર ઘુંટાતા રોમાન્સના અક્ષરો ઉકેલો !'

**ઉઘરાણી !**

માગ્યા દાગીના પહેરી સામાની ઉઘરાણી પહેલાં પાછા આપવા તે ઉત્તમ લેખાય–તેમ આ ભાડુતી શરીર મૃત્યુની ઉઘરાણી પૂર્વે મમતા મૂકીને ધર્મની આરાધનામાં સોંપાય તો !

**ગરીબ અશરણ પ્રાણીનો વકીલ !**

અમેરીકન દયાધર્મ પ્રચારક સોસાયટીના પ્રમુખ જ્યોર્જ ટી. એંજલે સભા સમક્ષ જાહેર કરેલું કે "હું તમારી સન્મુખ 'ગરીબ અશરણ પ્રાણીઓના વકીલ' તરીકે ઉભો રહી જાહેર કરૂં છું કે જો આપણી બધી સ્કુલોમાં પ્રાણીવર્ગ તરફ દયાના ગીત કે સાહિત્ય દાખલ કરતા જઇશું તેટલે અંશે તેટલી ઝડપથી–ક્રૂરતાના મૂળનો નાશ થશે ને ગુન્હાના મૂળ નાશ પામશે–".

**ચાલો ખુરશીને મારીએ !**

"સાલી ખુરશીએ મારા બચુને વગાડયું ! ચાલો ખુરશીને મારીએ !"

આજે ખુરશીને મારવાના સંસ્કાર આપ્યા કાલે કુતરાને મારવા જશે. દયાનું ખૂન જ કે બીજું કાંઇ !

પણ જો એમ કહે તો "જો તારાં અથ-ડાવાથી ખુરશીને વાગ્યું. ખુરશી ય રડે છે ! લાવ એને શાંત કરીએ," તો બચ્ચું તરત શાંત થાય.

**હવાનાં બાચકાં !**

પૃથ્વીપતિ થવાને કેટલાય લોકો ફાંફાં મારે છે ! કેટલાની ખુવારી કરે છે ! કેટલું લોહી વહેવડાવે છે ! કેટલો અન્યાય કરે છે ! પણ એ ખબર છે કે પૃથ્વી કોઈની થઇને રહી છે ? એનો વિચાર જો પૃથ્વીના ભૂખ્યા નૃપતિઓ કરે તો દુનિયામાંથી ઘણો અનર્થ ઓછો થાય–


**जे० एच० राठोड एन्ड सन्स.**

ज्वेलर्स, **कोल्हापुर.**

**मेन्युफेक्चरर्स अने होलसेल सप्लायर्स**

—: चांदीनी :—

**हाइक्लास प्रेझन्टेशन नोव्हेल्टीझ**

**अने**

**धार्मिक प्रसंगोमां प्रभावना माटे**

**सुंदर अने सस्ती**

**सोनेरी अने चांदीनी**

**नवकारवाळीओ**

**नानी–मोटी साइझमां तैयार मळवानुं**

**भरोसापात्र मथक.**

**मफत सुचिपत्र**

**मळो अगर लखो उपरना सिरनामे.**

# શાશ્વત સુખનો અધિકારી—શ્રી મફતલાલ સંઘવી.

સુખની શોધમાં બહાર ભટકતા હે બાંધવ! સાચું સુખ તારા અંતરમાં જ રહેલું છે. ભૌતિક બળોના આકર્ષણમાં ન અંજાતાં ઘડી-ભર અંતર–સરવરના શુદ્ધ–નિર્મળ વાતાવરણમાં મનને સ્થિર કર. ત્યાંની હવાનો સ્પર્શ તારા રોમે–રોમે શાંતિનું સુરમ્ય સંગીત રેલાવશે અને બહાર ભટકવાની તારી વૃત્તિઓ ઉપર કાબૂ જમાવવાની તને સન્મતિ સૂઝશે.

બહાર છે શું? જે સાચું ગણાય તે તો સઘળું અંતરમાં જ છે. બાહ્ય જગતને અજ-વાળવાની ધૂનમાં જે નર નિજની આંતરિક સંપત્તિને વેડફી નાખે છે, તેનાથી મોટો કોઈ નથી આ દુનિયામાં. સુખની ધૂનમાં, જેના વડે સાચું સુખ મેળવી શકાય, તેજ શક્તિનો દુઃખ ખરીદવામાં ઉપયોગ કરનારને કોણ ડાહ્યો કહે?

ત્યારે આપણે બધા શું કરીએ છીએ? પાંચે ઇન્દ્રિયોના વિષયોની ગુલામી ટાળી શકયા છીએ ખરા? જડાત્મક પદાર્થો તરફની આપણી આસક્તિ સર્વથા ટળી છે? આપણા મનમાં સમભાવનું અજવાળું ફેલાયું છે? અંતરમાં 'અરિહંત' નું સ્થાન કાયમ થયું છે? હાલતાં ચાલતાં વધુ કોણ યાદ આવે છે, શારીરિક સુખના ખ્યાલમાંથી જન્મેલી દૃષ્ટિ સંસારમાં ક્ષણિક સુખની શોધ પાછળ જ ભમશે. જ્યારે આધ્યાત્મિકસુખના ખ્યાલમાંથી દૃષ્ટિ દરેકને સુખી કરવાનીજ ભાવનાને મૂર્ત બનાવવા પાછળ મથશે.

આજે લગભગ સંસાર આખો ભૌતિક સંસ્કૃતિની ઉપાસના પાછળ ગાંડો બનતો જાય છે, અને પછી તેના પરિણામે જન્મતી અશાંતિ અને વૈર–વિરોધની ભાવનાને દાબવા માટે નવા–નવા માર્ગો સૂચવાય છે; પરંતુ જન-સમાજનો મોટો ભાગ જ્યાં સુધી કેવળ બાહ્ય-સુખ માટે જ વલખાં મારતો રહેશે ત્યાં સુધી આ દુનિયામાં સાચી શાંતિ જેવુ કશું સ્થ-પાશે નહિ જ.

આધ્યાત્મિક સુખ–શાંતિના હોય જે ઇચ્છુકો, તેમણે શરીરના પીંજરની ગુલામી છોડી દેવી જોઇએ. ખોળિયું કે જે છેવટે જવાનું છે યા ઉતારી નાખવાનું છે એના પ્રત્યે વધુ પડતી મમતા રાખનાર આત્માનું હિત નથી જ સાધી શકતો.

જ્યાં રાગ–દ્વેષ ઓછા ત્યાં સાચા સુખની ઝલક જોવા મળે, અને નાશવંત સુખને મેળ-ળવા માટે જેઓ ભયંકર પગલાં ભરતા પણ અચકાતા નથી તેઓને સાચા સુખની કલ્પના પણ ન આવી શકે.

દુઃખના અભાવમાં સુખ રહેલું છે એમ જાણવા છતાં સુખનો સાચો માર્ગ અંગીકાર કરવામાં નબળાઈ દાખવતા માણસો નથી તો નિજનું શ્રેયઃ સાધી શકવાના કે નથી કોઇને ય લાભકારક બનવાના. સાચું શું છે તે જાણ્યા પછી પણ જેઓ તે પ્રમાણે આચરતા નથી તેના માટે કહેવું શું?

ઘડીભર પછી ઉપટી જનારા વાદળાંના અનુપમ રંગો જેવું નશ્વર સુખ આત્માના બંધનના જ કારણરૂપ બને છે. સાચા સુખની ઝલક જોવી હોય તો ખોટાનો ત્યાગ કરવો જોઇએ. ખોટું જો નહિ ખસે અંતર–મનમાંથી તો સાચું ત્યાં દાખલ નહિ જ થઈ શકે.

અનંત સુખમય જીવનની અભિલાષા પૂરવાની શક્તિ એક માત્ર ધર્મમાં છે. જે તેનું શરણું સ્વીકારશે તેજ જન્મ, જરા, મૃત્યુના પંજામાંથી છૂટીને શાશ્વત સુખનો અધિકારી બની શકશે.

# મધપૂડો

## : નવી લોકકહેવતો :

નબળો માટી બૈરી પર શૂરો ને સલામતીધારો પ્રજા પર શૂરો.

નરેણી તો નખજ કાપે-પણ અખબારનો તંત્રી હાથ આવ્યું તે છાપે.

નમી પડ્યા ત્યારે કહે નમસ્કાર કર્યા-એમ કરતાં કરતાં યે સરકારે વર્ષો ગાળ્યાં.

નવરો બેઠો નખોદ વાળે-ચમરબંધીનો દિકરો ચડતો ચાળે.

નવા રાજા નવી પ્રજા-લોકશાહી સરકાર પ્રજાના ભોગે કરતી મજા.

નહિ મામા કરતાં કેણો મામો સારો-દિકરાનો મામો પણ બાપનો સાળો; અને સાળો એ સદાય કાળો.

નાક કટા પણ ઘી ચટા છાપું કાઢવા પ્રેસ લીધું પણ ધંધો ન ચાલે તો છાપવા ડટા.

નાગો નાહ્ય શું અને નિચોવે શું ?-પણ દાંતના ડાકટરને ઘરાક ન મળે ત્યારે પત્નીના દાંત જોવા વાંકો વળે.

નાચવું ન હોય ત્યારે આંગણું વાંકું-પણ લાંચ લઇને રાચે, એ અમલદાર આંગણે આંગણે નાચે.

નાણું દેખી મુનિવર ચળે-ગાંધીજીના ચેલા કહેવરાવતા ફરે, પણ ઉકરડે ચારો દેખી ઊભા ઊભા ચરે.

નામ રહંતા ઠક્કરા, નાણા નવ રહંત-હાંકે રાખે સુખી થાયે, એમ ચકોર કહંત.

નામીચો ચોર માર્યો જાય-એ જમાનો ગયો હવે તો બધેય ભીનું સંકેલાય.

નેવનાં પાણી મોભે ન ચડે પ્રધાનો મારે ફૂંક તો આકાશનું પાણી નીચું પડે.

## હિંદના ઇતિહાસમાં ઓગષ્ટ માસનું જાણવા જેવું મહત્વ.

ભારતના ઇતિહાસમાં ઓગસ્ટ માસે કેવો મહત્ત્વનો ફાળો નોંધાવ્યો છે તે અહીં રજુ થતાં ૪૫૦ વર્ષના ઇતિહાસ પરથી જાણવા જેવું છે.

–૨૫ મી ઓગસ્ટ ૧૪૯૮ ને દિવસે પોર્ટુગીઝ યાત્રી વાસ્કોડીગામા સૌથી પહેલીવાર જ ભારતને કિનારે ઉતર્યો, એ દિવસથી જ હિંદની ગુલામીના બંધનો શરૂ થયાં:

–ઓગસ્ટ સને ૧૬૯૯ બંગાળામાંથી અંગ્રેજોને તેમના વતન મોકલી દેવાની ચળવળ શરૂ થઇ પણ તે પાછળથી દબાઇ જવા પામી હતી.

–૩ જી ઓગસ્ટ ૧૭૪૯ કર્ણાટકમાં રાજા ચાંદસાહેબે અંગ્રેજોની મદદ લઇ શાસન કારભાર શરૂ કર્યો.

–ઓગસ્ટ ૧૭૬૫ માં અંગ્રેજોએ બંગાલ, બિહાર અને ઓરિસા પર કબજો મેળવ્યો.

–૫ મી ઓગસ્ટ ૧૭૭૫ માં અંગ્રેજોએ દેશવીર નંદકુમારને ફાંસી આપી.

–૨૪ ઓગસ્ટ ૧૮૦૪ માં યશવંતરાય હોલ્કરે અંગ્રેજોને શિકસ્ત આપી.

–૨૩ મી ઓગસ્ટ ૧૮૦૯ માં શ્રી રંગપટ્ટમમાં બળવો થયો.

–૧૯ મી ઓગસ્ટ ૧૮૩૨ માં હિંદમાં મેજીસ્ટ્રેટ અને જ્યુરરો હિંદી હોવા જોઇએ એવો કાયદો ઘડાયો.

–ઓગસ્ટ ૧૮૩૩ માં હિંદ સાથે ઇગ્લાંડના વ્યાપારને લગતો કાયદો ઘડાયો.

–૪ થી ઓગસ્ટ ૧૮૪૫ માં સર ફીરોજશાહ મહેતાનો જન્મદિન.

–૨૦ મી ઓગસ્ટ ૧૮૫૩ માં 'ન્યુ ઇન્ડિયાબીલ' પસાર થયું.

–૨ જી ઓગસ્ટ ૧૮૫૮ હિંદનો કારભાર કંપની સરકારના હાથમાંથી બ્રિટિશ સરકારે સાંભળી લીધો.

–ઓગસ્ટ ૧૮૬૯ માં કેશવચંદ્રસેને બ્રહ્મી સમાજની સ્થાપના કરી.

–૧૫ મી ઓગસ્ટ ૧૮૭૨ અરવિન્દઘોષનો જન્મદિન.

–૭ મી ઓગસ્ટ ૧૯૦૫ વિદેશી માલના બહિષ્કારની પ્રથમ ઝુંબેશ.

–૧૬ મી ઓગસ્ટ ૧૯૦૮ માં દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ સત્યાગ્રહ શરૂ કર્યો.

–૧૯ મી ઓગસ્ટ ૧૯૦૮ માં ખુદીરામ બોઝને ફાંસી

–ઓગસ્ટ ૧૯૧૭ 'મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા'ની હિંદને ભેટ.

–૧ લી ઓગસ્ટ ૧૯૨૦ ગાંધીજીએ રાજકીય સત્યાગ્રહનું આંદોલન શરૂ કર્યું. આ દિવસે તિલક મહા-

રાજનું અવસાન થયું.

–૨૧ મી ઑગસ્ટ ૧૯૩૩ શ્રી ગાંધીજીને છોડી મૂકવામાં આવ્યા.

–૨૩ મી ઑગસ્ટ ૧૯૩૩ સત્યાગ્રહ બંધ કરવામાં આવ્યો.

–૭ મી ઑગસ્ટ ૧૯૪૧ ટાગોરનો સ્વર્ગવાસ.

–૮ મી ઑગસ્ટ ૧૯૪૨ 'ક્વીટ ઇન્ડિયા'નો ઠરાવ અખિલ ભારતીય મહાસભાએ મુંબઇમાં પસાર કર્યો.

૯ મી ઑગસ્ટ ૧૯૪૨ ના સ્વાતંત્ર્ય આંદોલનની શરૂઆત અને દેશનેતાઓની ગિરફતારીઓ.

–૧૫ મી ઑગસ્ટ ૧૯૪૨ મહાદેવ દેશાઇનું આગાખાન મહેલમાં અવસાન.

–૨૫ મી ઑગસ્ટ ૧૯૪૨ નેતાજી સુભાષચંદ્રે આઝાદ હિંદની ફોજની સ્થાપના કરી.

–૧૯ મી ઑગસ્ટ ૧૯૪૫ નેતાજીનું વિમાની અકસ્માતમાં અવસાન.

–૧૬ મી ઑગસ્ટ ૧૯૪૬ મુસ્લીમલીગની 'પાકિસ્તાન દિન'ની ઉજવણી; પરિણામે હુલ્લડો થયાં.

–૨૨ મી ઑગસ્ટ ૧૯૪૬ મધ્યવર્તી સરકારની સ્થાપના થવાની જાહેરાત.

–૧૫ મી ઑગસ્ટ ૧૯૪૭ ભારતના ભાગલા પડ્યા. હિંદ સ્વતંત્ર બન્યું.

●●

## :શોધ અને બોધ:

છેક ૧૮૫૧ સુધી આપણા લોક વ્યવહારમાં કોડીનું ચલણ હતું, ઘણાને કદાચ ખબરે ય નહિ હોય કે એ વખતે 'અરધી પાઈનો સિક્કો બહાર પાડવામાં આવેલો અને કોડીના ચલણની વચ્ચે માનભર્યું' સ્થાન પામેલો. એ દર્શાવે છે કે, ત્યારે કેટલી બધી સોંઘવારી હશે! આજે એ કોડીનું અસ્તિત્વ પેલી તુચ્છકાર દર્શક કહેવતમાં જ સચવાઇ રહ્યું છે કે, 'કોડીની કિંમતનું યે નથી.'

પેટના કેન્સરનું દર્દ મોટા ભાગે ગરમ ધગધગતું પીણું–ખાસ કરીને ચાહ પીવાથી થાય છે. ગમ્મતની વાત એ છે કે, નાહવામાં ૧૧૦ અંશથી વધુ ગરમ પાણી ન નખાય, પણ ૧૫૦ અંશ જેટલો ધગધગતો ચાહ ગટ–ગટાવી જઈ શકાય! પરિણામે જઠરમંદ થતાં પેટમાં ચાંદી પણ થઇ જાય છે.

ચોખાના દાણા પર કે ચણાની દાળ પર કરેલાં ચિત્રકામ કે લખાણોની વાતો આપણે સાંભળીએ છીએ. પણ ઇટાલીના એગિડીયોબૉશી' નામના ૪૭ વર્ષના ચિત્રકારે ટાંકણીના માથા પર ૮ ચિત્રો દોર્યાં છે, ને હવે તે ટાંકણીના માથા પર નવમું ચિત્ર ૧૨ મા પોપનું દોરી રહ્યો છે. આ સૂક્ષ્મ ચિત્રકામ તે પોતાની ખાસ બનાવેલી પીંછી વડે કરે છે. એ પીંછી એટલે એક દીવાસળીને છેડે ચોંટાડેલો પોતાના જ માથાનો એક વાળ. તેના વડે તે ચિત્રો દોરે છે. તેણે દોરેલાં આ સૂક્ષ્મ ચિત્રોની કીંમત અત્યારે લગભગ સવા લાખ રૂપિયા અંકાઇ રહી છે.

મુંબઇમાં એક અંધસપ્તાહ ઉજવાયો હતો. એના કાર્યક્રમ વખતે એક અંધે પોતાનાં સાધનો વડે 'જલતરંગ'ની માફક જે સંગીત વગાડી બતાવ્યું, તે અદ્દભૂત હતું. એ અંધનાં સાધનો હતાં પૉલીશની ખાલી ડબીઓ, તથા વાંસની સળીઓ. આ સાધનો વડે જલતરંગની જ રીતે તેણે હીંડોળ રાગ ગાઇ સંભળાવી પ્રેક્ષકોને આશ્ચર્યચકિત કર્યાં હતા.

ત્રણ અંશ વજનનો બેટરીથી ચાલતો એક ટચુકડો અંગત પંખો અમેરિકામાં હમણાં તૈયાર થયો છે. પોચા પ્લાસ્ટિકના ૩$\frac{1}{2}$ ઈંચ લાંબા અને ૧$\frac{1}{2}$ ઈંચ પહોળા ૩ પાંખીયાં એમાં છે. ગમે ત્યાં માણસ એને સાથે રાખી શકે છે.

ટાઇપીંગ કરવાની સૌથી વધુ ઝડપ અત્યાર સુધી એક મીનીટે ૧૪૯ શબ્દ છે. શિકાગોમાં મિસ હમ્મા નામની કુમારિકાએ ૧૯૪૧ માં ઇલેક્ટ્રીક મશીન પર એ રેકોર્ડ કરેલો.

નેશનલ જ્યોગ્રોફિક સોસાયટીની તપાસમાં જણાયું છે કે, 'દુનિયાની આખી ભાષાઓમાં હિંદીનું સ્થાન બીજું છે. જગતમાં અંગ્રેજી બોલનારા ૨૬ કરોડ, રશિયન બોલનારા ૧૪ા કરોડ, ને સ્પેનીશ બોલનારા ૧૧ા કરોડ માણસો છે.'

મિત્તર ઐસા કીજીયે; ઢાલ સરીખા હોય;
સુખમેં પીછે પડ રહે, દુઃખમેં આગુ હોય.

ઉકળતાં પાણીમાં ચાના થોડાંક પાંદડાં નાંખીને એક કલાક રહેવા દીધા બાદ એ પાણીને ગાળીને એક શીશીમાં ભરી રાખો. આ પ્રવાહીથી કાચની વસ્તુઓ, આરીસા ઇત્યાદિ સાફ કરવાથી ચમક આવવા સાથે માખીઓથી પણ એનો બચાવ થાય છે.

## ૧ ત્યાગ અને સંગ્રહ

એક સમયે બે માનવો સાથે પ્રવાસ કરતા હતા, તેમાંનો એક પોતાના આચરણમાં સંગ્રહ કરવાની મનોવૃત્તિવાળો હતો, અને બીજો ત્યાગી હતો. સંગ્રહ અને ત્યાગના વિષયો પર વિવાદ કરતા કરતા તેઓ એક નદીને કિનારે આવ્યા. છેક સાંજ પડી ગઇ હતી. ત્યાગીની પાસે તો કંઇ પૈસા ન હતા, પણ પેલા બીજા પાસે હતા. ત્યાગી બોલ્યો, 'આપણે શરીરની શી પરવા ? હોડીવાળાને આપવાને આપણી પાસે પૈસા નથી. ઈશ્વરનું સ્મરણ કરતા કરતા આ કીનારે જ રાતવાસો કરીએ.' પૈસાવાળો બોલ્યો, 'આપણે જો નદીના આ તીરે રહીએ તો અહીં ગામ નથી, વાડી નથી, ઝુંપડી નથી. તેમ જ કોઇની સોબત પણ નથી. તેથી કદાચ વરૂઓ આવી ફાડી ખાય. સાપ જેવા ઝેરી જીવો કરડી જાય કે ઠંડીથી ઠરી જવાય, માટે સામે કાંઠે જઇએ. હોડીવાળાને હું પૈસા આપી દઇશ. મારી પાસે પૈસા છે માટે ગભરાવાની કાંઇ જરૂર નથી. કારણ કે સામે કાંઠે એક નાનું ગામડું છે. ત્યાં આપણે સુખે રાત પસાર કરીશું.'

એટલામાં હોડીવાળો આવ્યો, અને તેણે તે બન્નેને નદીના સામા કાંઠે ઉતાર્યા. હોડીવાળાને પૈસા ચૂકવનાર પેલાએ સાથે રહેલા ત્યાગ ભાવનાવાળાને કહ્યું, 'ભાઇ ! સંગ્રહ કરવાનો ફાયદો હવે તમને સમજાયો કે નહિં ? એ પૈસાને પ્રતાપે જ આપણે બે બચ્યા, માટે હવેથી કદિ પણ કોઇને ય ત્યાગનો ઉપદેશ ન કરશો. હું પણ તમારા જેવો જ ત્યાગી હોત તો આખી રાત પેલે પાર ભૂખ્યા રહેવું પડત અને કદાચ કોઇ હિંસક જાનવરે ફાડી ખાધા હોત તો મરી પણ જાત'. ત્યાગી બોલ્યો. 'તમારી વાત હું માન્ય કરી શકતો નથી. તમો હજુ બરાબર સમજ્યા નથી. જો તમે પૈસા સંગ્રહી રાખ્યા હોત તો આપણે પેલે પાર કદાચ મરી જાત, પણ તમે પૈસા આપી દીધા [હોડીવાળાને] અર્થાત્ સંગ્રહી રાખવાનો મોહ છોડયો તેથી જ એટલે ત્યાગથી જ આપણે જીવતા રહ્યા. મારી ઝોળીમાં હું કોઇ દિવસ પૈસા રાખતો નથી, તો પણ તમારા જેવાની પૈસાવાળી ઝોળી મારી બની જાય છે. મારે કોઇ દિવસ કશી ખોટ પડતી નથી. જ્યારે મને કોઇ પણ વસ્તુની જરૂર પડે છે, ત્યારે તે હરેક પ્રકારે મને મળી જ રહે છે,

–જ્યાં સુધી માણસ પરિગ્રહ ઉપર કાપ મૂકવાની વૃત્તિવાળો બનતો નથી, ત્યાં સુધી તેનામાં ક્ષણે ક્ષણે લોભવૃત્તિ સતેજ બનતી જાય છે અને તેથી 'લોભનો થોભ નહિં' એ કહેવત અનુસાર હજાર મળતાં લાખની ઇચ્છા જાગે છે, લાખ મળતાં ક્રોડાધિપતિ બનવાની મહેચ્છા જાગે છે; આમ ઇચ્છાઓનો અંત આવતો નથી અને તેના પરિણામે, અનેક પાપના આરંભો કરવામાં આત્મા મશગુલ બનીને ખરાબ ગતિનો અંતે મહેમાન બને છે, માટે સદ્ગતિમાં જવાની જો ભાવના હોય તો દરેક આત્માએ પરિગ્રહનું પરિમાણુ કરી લેવું, અને બની શકે તો સર્વથા ત્યાગ કરી, મુક્તિમાર્ગના પૂનિત પંથે પ્રયાણુ કરીને માનવભવને સફળ બનાવવો એમાં જ માનવજીવનની સાચી સફળતા છે.

## ૨ અપશુકન આમ ટળ્યાં !

એક વાર ચાર પાંચ શ્રદ્ધાળુ ગૃહસ્થો સંત કબીરજીની ખ્યાતિ સાંભળીને તેમનાં દર્શન કરવા માટે કાશીએ જવા ઉપડ્યા. સવારમાં વહેલા ગંગામાં નાહીને તેઓ શહેરમાં જવા નીકળ્યા. ત્યાં જ રસ્તામાં સૌથી પહેલાં એક પોતડી પહેરેલો, ને માથે મૂંડો

કરાવેલ કોઈ સાધુ જેવો માણુસ, ખભે ફાળીયું બાંધીને ગંગાસ્નાન કરવા આવતો સામે મળ્યો. ઘણે દૂરથી કબીર જેવા પવિત્ર પુરૂષનાં દર્શન કરવા આવ્યા, ને સવારના પહોરમાં જ આ મુંડીયાનાં અપશુકન થયાં, આથી આ ગૃહસ્થો કાંઈક નિરાશ થયા અને આ અપશુકન ટાળવા માટે શું કરવું, તે વિચારવા લાગ્યા. એક જણે સૂચના કરી કે, 'આ મૂંડીયાના માથામાં એક એક જોડો મારીએ એટલે અપશુકન ટળી જશે.' આ સાધુ જેવો નજીક આવ્યો, એટલે સૌએ પોત-પોતાના પગમાંથી જોડો કાઢયો ને એક પછી એક એ સાધુના મુંડા પર માર્યો. સાધુ એટલો વખત બંને હાથ જોડીને, અને જોડા મારનારને મારવાની અનુકૂળતા પડે એ રીતે માથું ધરીને ઉભો રહ્યો. જોડાપ્રહારનો વિધિ પૂરો થયા પછી અપશુકન ટળ્યાનો સંતોષ લઇ આ ગૃહસ્થો કબીરનું ઘર પૂછતા ગામને છેડે વણકરવાસમાં જઈ પહોંચ્યા. એક જણાએ એક નાનું એવું ઝુંપડું ચીંધ્યું. ત્યાં જઇને પૂછતાં તેમની સ્ત્રીએ કહ્યું કે, 'તેઓ તો સવારના વહેલા ગંગાસ્નાન કરવા ગયા છે. હમણાં આવશે.'

આ ભકતો પેલા અપશુકનથી આટલે દૂર આ લત્તા સુધી ચાલીને આવ્યા, આથી લાગેલા થાકથી અને આ નાના એવા ઝુંપડાથી કાંઇક નિરાશ તો થયા જ હતા પણ હવે આટલી મહેનત લીધી ત્યારે રાહ જોવી, એમ નકકી કરીને બેઠા. ત્યાં થોડી વારે પેલા ગંગા કિનારે સામા મળેલા સાધુ આવી પહોંચ્યા. પાછો પેલો સાધુ અહીં આવ્યો, એ જોઇ અકળાએલા આ ગૃહસ્થોએ જ્યારે જોયું કે 'સાધુ સીધા પેલી ઝુંપડીમાં જ ગયા, ત્યારે તેમને ખાતરી થઇ કે, 'આજ મહાત્મા કબીર છે' તેથી તે બધા ખસીયાણા પડી ગયા ને મહાત્મા કબીરજીને પગે પડયા. 'મહારાજ અમે તમને ગંગા કિનારે ઓળખ્યા નહિ. અમે તો કેવળ અપશુકન ટાળવાના ઈરાદાથી જ એ કામ કર્યું હતું. અમે આપની માફી માગીએ છીએ.'

કબીરજીએ કહ્યું. 'એમાં કાંઇ ખોટું નથી થયું. તમારાં અપશુકન ટળ્યાં ખરાં ને? અને તમે જે કામે આવ્યા હતા, તે સિદ્ધ થયું ને? તો બસ.'

[ જીવનપ્રકાશ ]

—સજ્જન પુરૂષોનો સ્વભાવ ક્ષમાથી ભરપૂર હોય છે. આપણા જૈન મુનિપુંગવોનાં દ્રષ્ટાંતો જોઇએ તો, આથી પણ અનેક રીતે ચઢીઆતાં એ મહામુનિઓનાં જીવન હતાં. મેતારજ મુનિને અપરાધ વિના પણ પેલા સુવર્ણકારે ખોટી શંકાથી વાધરથી નહોતા વીંટયા? ગજસુકુમાલને તેમના બ્રાહ્મણ સસરાએ ધખધખતી અંગારા ભરેલી સગડીની પાળ બાંધીને મહાન દુઃખ કયાં ઓછું આપ્યું હતું? અને ખંધક મુનિની જીવતાં ચામડી ઉતારવાનો કમકમા ઉપજાવે તેવો કરૂણ પ્રસંગ યાદ કરીએ તો? એ મહાન મુનિઓની ક્ષમાશીલતા, અને આત્મિક સાધનામાં મન-વચન અને કાયાની એકાગ્રતા, શરીર પરતું નિર્મોહપણું આદિ મહાન ગુણો ખરેખર અદ્દભૂત હતા. આજે સમયના પ્રમાણમાં જે કોઇ સદ્દગુણી અને માયા-મમતાનો ત્યાગ કરીને આત્મકલ્યાણમાં જ પ્રવૃત્તિ કરતા હોય તે સૌ વંદનને પાત્ર છે

## ફૂલનો મૂક સંદેશ.

હું એક પામર ચીજ, કુદરત મારા માતા-પિતા. મારૂં કુટુંબ વિશાળ છે, પરંતુ કુટુંબમાં લાંબો સમય રહેવાનું સદ્દભાગ્ય અમારા જીવનમાં ભાગ્યેજ કોઈકને હોય છે. માતાની કૂખે જન્મ લઈ, માતાના ખોળાને શોભાવવો એ અમારી પ્રથમ જરૂર છે. "जननी जन्मभूमिश्च, स्वर्गादपि गरीयसी" એ ઉક્તિનું અ-

ક્ષરશઃ પાલન કરવામાં અમે જન્મથી અંત-સમય સુધી જરાપણ કમી રાખી નથી. જન્મ લઇ બાલ અવસ્થામાં, માતૃભૂમિના ખોળામાં મસ્ત જીવન જીવીએ છીએ, જીવનની વિષમતા તો શરૂઆતથી જ ભોગવવાની હોય છે. પરંતુ તેમાં દૃઢ રહી અમૃતમય જીવનને જરા પણ કટુ બનાવતા નથી, દુશ્મનને અમે દુશ્મન માનતા જ નથી. દુશ્મનવટાના કેફથી ગાંડા બનેલાઓનો અમારી દૃઢતા અને ખેલદિલીથી સ્હેજે પરાજય થાય છે.

અમારા જીવનની વસંતનો લ્હાવો નિઃસ્વાર્થપણે સહુ કોઈને એક સરખો આપવો એ અમારો સેવામંત્ર છે. કુદરતના હરેક અંગો સાથે એકતા સાધી ખેલવું, ફરજ બજાવવામાં રત રહેવું, એજ અમારો જીવનનો ક્રમ. નિરાશાને અમારા જીવનમાં સ્થાન નથી. જીવનની છેલ્લી પણ ફરજ અદા કરવામાં હસતે મુખડે ગાળતાં અમારા જીવનને ધન્ય માનીએ છીએ. મને ન ઓળખતા હો તો કહી દઉં ? 'હું છું તમારા બગીચાનું ફૂલ.' [ફૂલવાડી]

–કૃત્રિમતાના ટોચે પહોંચેલા માનવીને, કુદરતી જીવન જીવવાનું અને જીવનની છેલ્લી પળો પણ પરોપકારાર્થે પસાર કરવી જોઇએ એવું સદ્બોધન ફૂલ આપણને કહી જાય છે.


## નવાં પ્રકાશનો

**હૈમલઘુ પ્રક્રિયા** [ સટિપ્પન ] પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી વિરચિત વ્યાકરણનો સુંદર ગ્રંથ. ફર્મા –૩૦, પૃષ્ઠ ૪૮૦ કીંમત રૂા. ૫–૦–૦
**પૂર્વાર્ધ** રૂા. ૨–૮–૦ **ઉત્તરાર્ધ.** ૨–૮–૦

**ઉપદેશ પ્રાસાદ ભા.**–૩–પૂ.–આ. વિજયલક્ષ્મીસૂરિજી વિરચિત વ્યાખ્યાન ઉપયોગી ગ્રંથ. ફોર્મ ૩૫ કીંમત રૂા. ૧૦–૦–૦

**ઉપદેશ–પ્રાસાદ–ભા.–૪–**ઉપર પ્રમાણે [ યંત્રાલયે ]

**ભગવાન આદિનાથ.** લે. પૂ. મુનિ શ્રી નિરંજનવિજયજી મહારાજ સચિત્ર ૪૦ ચિત્રો સાથે સુંદર કથાનક છે. કીંમત રૂા. ૨–૮–૦

**હોમીયોપેથીક ચિકિત્સાસાર** ભા. ૧–૨. લે. ડો. ત્રિકમલાલ અમથાશા. હોમીયોપેથીક અંગે સારામાં સારી રીતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે, અને સામાન્ય દરદીને પણ સુગમતા પડે તેમ છે. કીંમત રૂા. ૫–૦–૦.

**વધુ માટે બૃહત્ સૂચિપત્ર મંગાવો! રૂા.**

–: લખો :–

**જસવંતલાલ ગિરધરલાલ શાહ.**
૧૨૩૮, રૂપાસુરચંદની પોળ–**અમદાવાદ.**

## શ્રી નયન પ્રીન્ટીંગ પ્રેસ.

**પ્રો:—પંડિત મફતલાલ ઝવેરચંદ.**
રીચીરોડ, સેન્ટ્રલ બેંકની બાજુમાં, કા. ૨–૬૧ **અમદાવાદ.**

**અમારે ત્યાં દરેક જાતનું સુંદર અને સફાઈદાર છાપકામ થાય છે.**

સંસ્કૃત—ગ્રેટબ્લેક, જબ્બા, પૈકા, પૈકાબ્લેક, વગેરે. નિર્ણયસાગર ટાઇપ તદ્દન નવા વસાવવામાં આવ્યા છે. ગુજરાતી–પૈકા, પૈકાબ્લેક, સવાઇ, ગ્રેટ, ગ્રેટબ્લેક વગેરે ટાઇપ તદ્દન નવા વસાવવામાં આવ્યા છે.

**પ્રુફ સંશોધન**

કોઇ પણ પ્રુફ પ્રથમ સુધાર્યા પછી જ ગ્રાહકોને પહોંચાડવામાં આવે છે, અને મશીન પ્રુફ પણ વાંચી સુધારી પછી જ છપાય તેવી વ્યવસ્થા રાખી છે.

**ગ્રંથસંપાદન**

કોઈ પણ પ્રાચીન પ્રતિ ઉપરથી પ્રેસકોપી તૈયાર કરી છાપી આપવાનું, ગ્રંથનો અનુવાદ કરવાનું કે ગ્રાહકની ઇચ્છા હશે તે મુજબ ગ્રંથ તૈયાર કરી છાપી આપવા સુધીનું સંપૂર્ણ કાર્ય અમારે ત્યાં કરી આપવામાં આવશે.

# ❋ આત્માનો સાચો અલંકાર–સુશીલતા: ❋

## પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ.

સંસારમાં મોટામાં મોટું કોઇ પણ કલંક હોય તો દુરાચાર છે અને ઉંચામાં ઉંચો શણગાર હોય તો સુશીલતા જ છે. આ તો આર્યાવર્તની ભૂમિના માનવીઓનાં જીવનવ્રત જેવી દૃઢ હકિકત છે, આ સમજાવવાની જરૂર જ ન હોય. જેમ જન્મેલા બાલકને અન્ય સંસ્કારો તો માતા–પિતાની પ્રેરણાની અપેક્ષા રાખે છે, પણ શ્વાસ લેવો–આહાર લેવો–નિદ્રા લેવી, સુખ–દુઃખની અસર આ તો આપોઆપ પેદા થાય છે; તેમ આર્યાવર્ત્તમાં જન્મેલાને સદાચાર એ ભૂષણ છે, દુરાચાર એ કલંક છે. આ સમજાવ્યા કરતાં આપોઆપ સમજેલા હોય છે, અને હોવા જ જોઇએ એ તો સહજ પ્રવૃત્તિ છે.

રાજા–મહારાજાઓ લાખ્ખો માનવો પર સત્તાનો કોયડો વીંઝીને વશ રાખતા હોય, આજ્ઞા વર્તાવવા અનેક ખૂન-ખાર યુધ્ધો ખેલીને શૂરવીરતાની છાપ પાડતા હોય પણ જો તેઓ દુરાચારના દવથી દાઝેલા હોય તો, તેની અપકીર્તિ એવી પ્રસરે છે કે, પ્રજા ભલે બહારથી સલામ કરે, વિનમ્રતા દેખાડે, પણ અંતઃકરણમાં એને રાક્ષસથીય પણ હલકો માને છે, તિરસ્કાર ભાવથી હૈયું તેને નીચ અને પાપી ગણે છે. રાજા–મહારાજામાં ઉદારતાનો ગુણ ઓછો હોય, ભલે પ્રલોભન-વૃત્તિથી પ્રજાનું સઘળુંય ધન લુંટી લેતો હોય, પણ સદાચારનો એક ગુણ તેનામાં હોય તો તે સઘળાય દુર્ગુણો ઢંકાઇ જાય છે. ગરીબ માણસ પણ સદાચારમય જીવન જીવતો હોય તો તે શ્રીમંતો કરતાંય મોટો ગણાય છે. શ્રીમંત થઇને દુરાચારી હોય તો તેની કિંમત ફૂટી બદામ જેટલીય પણ નથી અંકાતી પછી ભલે પોતે પોતાને પ્રાપ્ત થયેલ લક્ષ્મીના મદમાં પોતાની જાતને સૌથી મહાન માને, સૌથી વધારે અક્કલવાળો માને, સમાજના મોખરે જઇને બેસે પણ સજ્જનોની ડાયરીમાં તો એ હલકા માનવીની હરોળમાં જ નોંધાયેલ હોય છે. સદાચાર સઘળાય સુગુણોની ભૂમિ છે. સઘળાય સુગુણોનો જનક છે, સઘળાય સુગુણોને પેદા કરાવનાર સિધ્ધયંત્ર છે. જ્યારે દુરાચાર એ દુર્ગ્રહ જેવો સઘળાય સુગુણોનો ધ્વંસક છે. નાનો પણ સુગુણ પેદા થતો હોય ત્યારે દુરાચારનો પ્લેગ તે સુગુણના અંકુરાને નિર્મૂલ કરી નાખે છે.

એક કવિ કહે છે કે, 'જ્યાં સુધી હૃદય–મંદિરમાં સુગુણોરૂપી બાલકો રમે છે ત્યાં સુધી હૈયામાં દુરાચારની દુષ્ટ–રાક્ષસીઓ નથી પેઠી. જ્યાં દુરાચારની કુવાસનાનો વાસ હોય, ત્યાં વિનય–વિવેક–સદ્ભાવના–સુદૃષ્ટિ; આ સઘળાય સુગુણો વિદાય માંગી લ્યે છે'. વ્યવહારમાં પણ અનુભવાય છે કે, જે પુત્રો કુલ-વારસાની પરંપરાથી સુસંસ્કારોથી શોભતા હોય છે, તેઓ વિવેક, વિનય, નમ્રતા, સહિષ્ણુતા, ધીરતા, સ્થિરતા, ઉદારતા, અને સુવિચક્ષણતા આ સઘળાય સુગુણોથી સદાય હજારો માનવોની શ્રેણિના મૌકિતક-હારના તરલ જેવા દીપી ઉઠે છે. સુશીલ એટલે સદાચારી સદાચારી એટલે સુશીલ આ સઘળાય અન્યોન્યએકાર્થ-વાક્યત્વવાળા પ્રયોગો છે. સદાચારિતા આવી એટલે તે વ્યક્તિ આપ્ત તરીકે પણ ગણી શકાય છે. પ્રભુતા અને દિવ્યતા સદાચારીની ભગિનીઓ છે. છોકરો સદાચારી હોય તો પિતા–માતાના હૈયાને ઠારે છે, પિતા એમ વિચારે છે, કે આ પુત્ર મારા કુલનો ભૂષક છે અને દુરાચારના દુષ્ટ–માર્ગનો પથિક બનેલો પુત્ર કુલને કલંક લગાડે છે. કુલને હીણપત પહોંચાડે છે એટલું જ નહિં પણ, માતા-પિતાના હૈયાને બાળે છે. અને લોકોમાં પણ અપયશની કાલિમા જામે છે અને કુલમાં ડાઘ લગાડે છે.

માનવોમાં શુશીલતાનો વારસો તો પ્રાયઃ પરંપરાથી જ મળે છે. કોઇ એવા પણ બનાવો બને છે, કે ઉચ્ચકુલમાં જન્મેલો પણ કુસંસ્કારોથી સીંચાય છે, પછી બાપના શુભનામને, ઉજ્વલ કીર્તિને બટ્ટો લગાડે છે. એક કુસંસ્કારરૂપી–કારમો દુશ્મન હૈયામાં પેઠા પછી કયું અપકૃત્ય વર્જ્ય રહે છે ? એક દુરાચાર દુનિયામાં દરેક કુવ્યસનોને સેવડાવે છે; ચોરી જારી–મદ્યપાન–માંસાહાર આવાં અનેક કુવ્યસનો રોજના–નિત્યનાં ક્રમ જેવાં બની જાય છે,

ધન તન અને તિરીયાનું [સ્ત્રી] દિનરાત ચિંતન કરનારો દેવની સેવા કયાંથી કરે ! ગુરુની વાણી અને ઉપાસના ડોળાયેલા દિલવાળાને

ક્યાંથી રુચે ? અને ધર્મની આરાધના તો આવા માનવીઓને સ્વપ્નમાંય ક્યાંથી હોય ? પ્રેરણાથી કે આપોઆપ કુલ-શોભા કે, જાત-મોભો સાચવવા દેવ-પૂજા, ગુરુ-ભક્તિ અને ધર્મક્રિયાઓની આરાધના કરાય પણ પેલા દુર્વિચારોનો ઝંઝાવાત સુભાવોનો સમૂળગો નાશ કરી નાખે છે. શબ્દ—રૂપ રસ-ગંધ અને સ્પર્શ આ પાંચેય ઇંદ્રિય વિષયોના મુખ્ય સાધનો છે. ઇંદ્રિયો આ પાંચેય-વિષયેમાં તન્મય બને છે, પછી આત્મા સ્વ-સ્વરૂપ ભૂલીને જડ—સંગે ભ્રાન્તિમાં પડીને ઉચ્ચ—સ્થાનેથી નીચે પટકાય છે. સ્વભાવશ્રેણિ કુભાવરૂપમાં પલટો ખાય છે, પછી અનેક સુભાવ જનક સાધનો મળે તો ય સ્વસ્વરૂપમાં આવવું દુષ્કર છે,

આ પાંચેય વિષયો આત્માને ભાન-ભૂલો બનાવી સ્વ-ગુણને વીસારે પાડે છે. દુરાચાર એટલે ઇંદ્રિયોના ક્ષણજીવી સુખાભાસોમાં તન્મયતા: અને સદાચારિતા એટલે ઇંદ્રિયોના વિષયજન્ય સુખોની સાચી ઓળખ અને તેનું સંયમન-ત્યાગ. સુશીલતાનો ગુણ માનવોમાં આવતાં ઈંદ્રિયો અને મનનો વિજય મેળવાય છે. મનનો વિજય મેળવ્યા પછી એ વ્યક્તિ સુશીલ બનતી જ જાય છે, અને અંતમાં મનનો વિજય અને આત્માની સાચી ઝળહળતી જ્યોત જાગે છે. સર્વ કર્મોનું બંધન-કેન્દ્ર મન છે અને ઇંદ્રિયો દોરડાં છે; બંધન-કેન્દ્ર પર જો વિજય મેળવ્યો તો દોરડાં ઓટોમેટીક કોહાઇને તૂટી જાય છે, પછી પુનર્બંધકતા નથી રહેતી, અથવા આત્મા નિરાબાધ, અનંત, અખંડ, પ્રચંડ નિરંતર સુખનો મોટો માલીક બની બેસે છે. સુશીલતા જ વિજયનું સોપાન છે. સુશીલતા જ અનંત સુખનો અંશ છે. સુશીલતા જ દિવ્યતા અને પ્રભુતાનું પ્રતીક છે. સુશીલ માનવોને દેવની પ્રસન્નતા માટે મંત્ર-જાપની જરૂર જ નથી. સુશીલતા જ સર્વ મંત્રોનો ગુરુ છે. સુશીલતાથી ઇંદ્રોનાં અચલ આસનો પણ ડોલે છે. સુશીલતા એવી અજબ ઇલમ-જાદુઇ કલમ છે કે, સંસારના પ્રત્યેક માનવીઓ પણ તેના દાસ બને છે. સંસારનું કોઇ કાર્ય સુશીલો માટે અશક્ય કે દુરારાધ્ય રહેતું નથી. વનમાં, જનમાં, જલમાં કે સ્થળમાં અનેકોમાં કે એકાંતમાં સુશીલ માનવી સદા પ્રસન્ન રહે છે.

આજનો યુગ, આજનું વાતાવરણ, આજનું શિક્ષણ અને આજની પ્રવૃત્તિઓ દુરાચારના દુર્દાંત રસ્તે ધસેડી જાય છે. જે મર્યાદાઓ, જે સીમાઓ, જે સમાજ-નિયમનો આજ સુધી હતાં તે સુશીલતાના રક્ષણની પોલાદી-કિલ્લેબંધી હતી. પણ સર્વ-સમન્વયનો મસ્ત અને મેલો મેનીયો જાગતાં જ મર્યાદાઓની ભાંગ-તોડ શરૂ થઇ. વર્ષોથી એ કુપ્રક્રિયા ચાલતાં આજે એ પરિણામ આવ્યું કે, કોઇ સાંભળવા તૈયાર નહિ, આજે તો પિતા-પુત્ર, માતા-દીકરી, શેઠ, નોકર, ગુરુ-શિષ્ય, સર્વને સ્વચ્છંદતાના છંદોએ વિનય, વિવેક, ધીરતા, સ્થિરતા, સહિષ્ણુતા આ સઘળુંય ભૂલાવી દીધું છે. સુશીલતા આર્યાવર્તમાં એક આદર્શ અને શોભનિક ભૂષણ હતું. અન્ય દેશીય પ્રજા અહીં આવીને આ ભૂષણની પ્રશંસા કરતી અને સ્વદેશમાં લઇ જવા મથતી હતી. જ્યારે આ યુગની હવાએ આ સંસ્કારી દેશની પ્રજાને અન્ય દેશનો કચરો વળગાડ્યો.

**એ આર્યાવર્તની સંસ્કારી પ્રજા! એ ધર્મસુધાવાહિની ભારતમાતા! સુશીલતાનો શણગાર સજજ અને કુરૂઢી તજજ! તો જ કંઇ વાગશે ગજ, જરાય નહિં લજ્જ!**


## શ્રી મહાવીર જૈન વિદ્યાલય [વિદ્યાર્થિની જૈન સ્કોલરશિપ]

**મુંબઈ યુનિવર્સિટીની એન્ટ્રન્સ અગર તો એસ. એસ. સી. પરીક્ષામાં સર્વથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબુલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને "શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ" આપવામાં આવશે. અરજી પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીઆ ટેંક રોડ, મુંબઈ ૨૬ ની ઓફીસેથી મળશે. અરજી પત્રક ૫ મી જુલાઈ ૧૯૫૧ સુધી સ્વીકારવામાં આવશે.**

# સા ૦ હિ ૦ ત્ય ૦ નાં ૦ ક્ષી ૦ ર ૦ ની ૦ ર

**સંદેશ-સુધા:** લેખક: પૂ. પંન્યાસજી શ્રી પ્રવીણ-વિજયજી ગણિવર, સહાયક: પૂ. મુનિરાજ શ્રી મહિમા-વિજયજી મહારાજના સદુપદેશથી શ્રી જૈન સંઘ-તલેગામ-દાભાડા, કિંમત: વાંચન-મનન, ક્રાઉન સોળ પેજી ૧૦૦ પેજ. બાળજીવોને ઉપયોગી જુદા જુદા વિષયો પરના ટૂંકા ૨૯ લેખોનો આ સંગ્રહ છે. પૂ૦ પંન્યાસજીની સુંદર અને સરળ શૈલી વાંચકોના હૃદયને આકર્ષી શકે એમ છે. પોષ્ટેજના બે આના મોકલ-વાથી દરેકને ભેટ મળે છે.

**ચાર પ્રકરણ-ત્રણ ભાષ્ય સાર્થ:** પ્રકાશક: શ્રી અમૃતલાલ પુરૂસોતમદાસ ઠે, ડોશીવાડાની પોળ, અમદા-વાદ, ક્રાઉન સોળ પેજી ૩૬૦ પેજ, હોલકલોથ બાઇ-ન્ડીંગ મૂલ્ય રૂા. ૪-૦-૦: ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને તત્ત્વાર્થાધિગમસૂત્ર અર્થ સહિત છે. અર્થ, શબ્દાર્થ અને વિવેચન ઠીક પ્રમાણમાં કર્યું છે, એથી પાઠશાળામાં ભણતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ઉપયોગી છે. આ એની ૩ જી આવૃત્તિ છે.

**વિજય પ્રસ્થાન:** અનુવાદક: શ્રી નરોત્તમદાસ અમુલખભાઇ કપાશી એલ. એલ. બી. એડવોકેટ મુંબઇ, પ્રકાશક: શ્રી કંચનબેન અમુલખભાઈ કપાસી ફુલ્સકેપ સાઇઝ ૧૯૨ પેજ. ઇન્દ્રિય પરાજયશતક, શ્રાદ્ધવિધિ, વૈરાગ્યશતક, સંબોધસિત્તરિ આ ચારેની મૂળ ગાથાઓ પૂર્વાચાર્ય કૃત છે, પણ એ ગાથા-ઓનો અનુવાદ અને વિવેચન, ભાઈશ્રી કપાસીએ સુંદર રીતે કર્યું છે. આત્માર્થી જીવોને આત્મ જાગૃતિ માટે ઉપયોગી સ્વાધ્યાય છે.

**સ્તવનમંજરી:** સંયોજક પૂ૦ મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજ, સંપાદક: શ્રી અમૃતલાલ મોહનલાલ સંઘવી પ્રકાશક: શ્રી નેમિનાથ જૈન બ્રહ્મ-ચર્યાશ્રમ ચાંદવડ. મૂલ્ય ૦-૮-૦ કેટલાંક નવાં સ્તવનો અને ગીતોનો સંગ્રહ છે.

**નવપદ આરાધન વિધિ:** સંપાદક: પૂ૦ પંન્યાસ શ્રી કનકવિજયજી ગણિવર પ્રાપ્તિસ્થાન: સોમચંદ ડી. શાહ જીવનનિવાસ સામે: પાલીતાણા. ક્રાઉન સોળ પેજી ૧૨૮+૩૨ ૧૬૦ પેજ મૂલ્ય ૧-૪-૦ નવેય દિવસનો નવપદ આરાધનનો વિધિ, નવપદનાં ચૈત્યવંદન, સ્તવન, થોયો, નવપદ મહિમા વર્ણન, સ્નાત્ર-પૂજા, નવપદ પૂજા તેમજ અન્ય વિવિધ તપોની આરા-ધન વિધિનો સુંદર સંગ્રહ કર્યો છે. ઓળીનું આરા-ધન કરનાર આત્માઓને ઘરમાં વસાવવા જેવું છે. સાથે નવપદ ભગવંતનાં મહાત્મ્યપર 'શ્રીપાલ ચરિત્ર' ટુંકમાં સરળ ભાષામાં સંકલિત કરીને મૂકયું છે.

**જૈન તત્ત્વજ્ઞાન પ્રશ્નોત્તર:** પ્રકાશક: શ્રી બાવચંદ જેચંદ શાહ પાલીતાણા [સૌરાષ્ટ્ર] ક્રાઉન સોળ પેજી ૮૮ પેજ મૂલ્ય ૦-૮-૦ જૈન ધર્મ અંગેનું જ્ઞાન પ્રશ્નોત્તરરૂપે સરળ ભાષામાં રજુ થયું છે. પ્રશ્ન અને ઉત્તર એ રીતે જૈનતત્ત્વજ્ઞાનને સમજવામાં સરળતા રહે તેમ છે. પાઠશાળાઓ માટે ખાસ ઉપયોગી છે.

**પાંત્રીશ બોલ અથવા માણસાઈ એટલે શું?** લેખક: મુનિશ્રી રત્નચંદજી મહારાજ પ્રકાશક: જૈન સિદ્ધાંત સભા ૨૫૯, લેમીંગ્ટન રોડ, શાંતિસદન, મુંબઈ-૭ સોળ પેજી ૧૩૬ પેજ: કિંમત સદુપયોગ. પ્રકાશકને બે આના પોષ્ટેજ મોકલવાથી ભેટ મળે છે. પુસ્તકનું ગેટ અપ સુંદર છે, તેમ લખાણ પણ સુંદર છે. માણસે માણસાઈ પ્રગટ કરવી હોય તો પાંત્રીસ ગુણોનું આચરણ કરવું જરૂરી છે, એ હકીકત પુસ્તક વાંચતાં સ્હેજે સમજાય છે.

**જિનભક્તિ એ મુક્તિદૂતિ** પ્રયોજક: મુનિ મહારાજ લલિતમુનિ મહારાજ. પ્રકાશક: મેતા નગીન-દાસ તુલસીદાસ ઠે. માંડવી, ટાવર પાસે, જામનગર ક્રાઉન સોળ પેજી ૭૬+૪૮+૩૬=૧૬૦ પેજ, મૂલ્ય એક રૂપીઓ. ૧ લા વિભાગમાં સ્તવનો, ૨ જા વિભા-ગમાં અષ્ટપ્રકારી પૂજાની સમજણ અને ૩ જા વિભા-ગમાં સ્નાત્રપૂજા અર્થ સહિત વગેરેનો સંગ્રહ છે.

**સુખ સાધનમાલા બ્યાવર સંસ્થા તરફથી** નીચે મુજબ નાની પુસ્તિકાઓ મળી, છે તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ. બધી પુસ્તિકાઓ હિન્દી ભાષામાં છે.

**પવિત્રતા કે પથ પર** લેખક: મુનિ શ્રી અમર-ચંદજી મહારાજ મૂલ્ય બે આના. **આત્મ નિયંત્રણ** સંગ્રહકર્તા: શ્રી નવરત્નમલજી રાંકા મૂલ્ય બે આના. **હમ વૈભવશાલિ-પ્રભાવશાલિ કૈસે બને?**

'જૈનપ્રકાશ 'નામના પાક્ષિકમાંથી ઉધ્ધૃતઃ મૂલ્ય સાડા-ત્રણ આના.

**યોગદ્રષ્ટિ સમુચ્ચય** વિવેચકઃ ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા એમ. બી. બી. એસ. પ્રકાશકઃ શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા. નેપચ્યુન બિલ્ડીંગ હોર્નબીરોડ મુંબઇ ૧. ક્રાઉન આઠ પેજી ૭૬૮ પેજ હોલક્લોથ બાઇન્ડીંગ. સુંદર ગેટ અપ છતાં મૂલ્ય રૂા. ૭ મૂળ ગ્રંથના કર્તા મહર્ષિ **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ છે, એના ઉપર ડૉ. ભગવાનદાસભાઇએ ઘણાં ટાંચણો આપી વિષયને સરળ બનાવવા સવિસ્તર વિવેચન લખ્યું છે. અધ્યાત્મ યોગના અભ્યાસીઓને આ ગ્રંથ ઉપયોગી બનશે. ગ્રંથ દળદાર અને ઉંચા કાગળો હોવા છતાં કિંમત ઘણી અલ્પ છે. શ્રી મહોદય પ્રેસનું સુઘડ ને સ્વચ્છ છાપકામ જોતાં પુસ્તક હાથમાં લેવાનું મન થાય એમ છે. શ્રી મનસુખલાલભાઇએ પોતાનાં ધર્મપત્ની લીલાવતીબેનના સ્મરણાર્થે આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ જેવા સમર્થ શાસનપ્રભાવક જ્યોતિર્ધરના યોગવિષયક ગંભીર ગ્રંથ પર, અન્યાન્ય શાસ્ત્રગ્રંથોનું ખૂબ જ ઉંડા અભ્યાસના પરિણામે વિવેચન લખાય એ ઇચ્છનીય છે. તો જ તે વિવેચન, તલસ્પર્શી, મનનીય તથા યોગમાર્ગના સાહિત્યના અભ્યાસી માટે આશિર્વાદરૂપ બને.

**ગુજરાતનો નાથ રૂપેરી પડદે:** લેખક શ્રી જયભિક્ખુ શ્રી 'જૈન સત્યપ્રકાશ ' નામના માસિકમાં પ્રગટ થયેલા બે લેખો પુસ્તિકારૂપે અમને સમાલોચનાર્થે મળ્યા છે. આપણા ઐતિહાસિક મહાપુરૂષોને રૂપેરી પડદે લાવવા માટે જે ચળવળ ચાલી રહી છે, તેના પ્રતીકારરૂપે આ પુસ્તિકાનું પ્રકાશન થયું છે. 'ગૂજરાતનો નાથ' પુસ્તકમાં ગૂર્જરદેશના જૈન મહામાત્ય શ્રી ઉદયન જેવી વિભૂતિને બેહુદી ચીતરી છે, તેની સ્હામે વિદ્વાન લેખકે સુંદર પ્રકાશ પાડ્યો છે.

**ऋषिमंडलस्तवप्रकरणम्** [પ્રત] પ્રકાશકઃ પૂ૦ પંન્યાસજી શ્રીમદ્ ભક્તિવિજયજી ગણિવરના સદુપદેશથી તપગચ્છ જૈન સંઘ-રાંધેજા [ ઊ. ગૂ. ] ઉંચા લેજર કાગળનાં ૨૬ પેજ મૂલ્ય ૦-૬-૦ પૂ૦ પંન્યાસ શ્રી માનવિજયજી મહારાજ તથા પૂ૦ પંન્યાસ શ્રી કાંતિવિજયજી મહારાજે સંપાદન કર્યું છે. શ્રી ઋષિમંડલની ૧૬૨ ગાથાઓ અને તેના ઉપરની શ્રી ધર્મઘોષસૂરિજીની અવચૂરિ છે.

**તત્ત્વતરંગિણી ટીકાનુવાદઃ**:અનુવાદ કર્તાઃ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ પ્રકાશકઃ શ્રી મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર ડભોઈ ક્રાઉન આઠ પેજી ૭૨ પેજ મૂલ્ય ૧-૦-૦ પર્વતિથિની આરાધના અંગેની વિચારણા આ ગ્રંથમાં થઇ છે.

[ અન્ય પુસ્તકોની સમીક્ષા હવે પછી ]

[ટાઇટલ પેજ ૩ જા નું ચાલુ]

ભેળવવામાં આવ્યું છે, પરિણામે મહારાષ્ટ્ર ઉકળી ઉઠયું છે......વડોદરાના નરેશને રાજવી તરીકે નહિ સ્વીકારના હિંદી સરકારના નિર્ણયની સ્હામે તેમણે કરેલી અરજી ન સ્વીકારાઇ......પાકીસ્તાનમાં સરકારને ઉથલાવી પાડવાના કાવત્રા માટે પકડાયેલાઓ સ્હામે જૂનના બીજા અઠવાડીયામાં હૈદ્રાબાદ-સિંધખાતે ખાસ ટ્રીબ્યુનલ સમક્ષ કામ ચાલશે...' હંસ-મયૂર ' પુસ્તક જેમાં પૂ૦ શ્રી કાલિકાચાર્યતથા સાધ્વી સરસ્વતીની નિંદા ચીતરવામાં આવી છે, તે વૃન્દાવનશર્માનું ઐતિહાસિક હીન્દી નાટક ઉત્તર પ્રદેશનો સરકારે તેને કોલેજના ઇન્ટરઆર્ટસના અભ્યાસક્રમમાંથી રદ કર્યું છે...... કેશરીયાજીના ભંડારમાંથી કેટલીક રકમ આર્યસમાજના ગુરૂકુલમાં લોન તરીકે લેવાનું રાજસ્થાન સરકારે ઠરાવ્યું છે, એમ જાણવા મલ્યું છે......સ્થાનકવાસી સાધુ સંમેલન ટુંક સમયમાં મળવાનાં વર્તમાન બ્હાર આવ્યા છે......પાટણખાતે ડહેલાવાળા પૂ૦ શ્રી રામવિજયજી ગણિને સૂરિ પદાર્પણનો મહોત્સવ ઉજવાયો હતો......સૌરાષ્ટ્રનો જાણીતો લુંટારૂ ભૂપત, દરરોજ નવાં-નવા તોફાનો મચાવ્યે જ જાય છે, છતાં સૌરાષ્ટ્ર સરકાર હજુ તેનો પીછો પકડી શકતી નથી......... કોરીયાના યુદ્ધનો અંત હજુ સુધી નજીકમાં જણાતો નથી......પાક-અફઘાન વચ્ચે સંઘર્ષણ વધતું ચાલે છે......નેપાળનું રાજકરણ હજુ અસ્થિર રહ્યું છે... મુંબઇ, કલકત્તા જેવા શહેરોમાં વારંવાર ધાડો પડી રહી છે...તિબેટમાં રશીયા ઘુસી ગયું છે...રશીયામાંથી ૫૦ હજાર ટન અનાજ હિંદમાં આવ્યું, અમેરિકાએ ૪ લાખ ટન અનાજ મોકલાવ્યું...એસ. એસ. સી. નું મુંબઇ ઇલાકાનું પરિણામ બ્હાર પડયું, જેમાં ૬૭૬૦૩ બેઠા હતા, અને ૨૭૨૦૬ પાસ થયા છે.

**તા. ૫-૬-૫૧.**

# વિષય દર્શન


પરમાત્માની પૂજના.......................................ક૦ ૧૩૭
ઇનામી યોજનાનું પરિણામ...................કાર્યાલય તરફથી ૧૩૮
ઉઘાડી આંખે...........................શ્રી પન્નાલાલ જ. મશાલીઆ ૧૪૦
કેદારનાથતું કંકણુ.....................પૂ. પં. શ્રી પ્રવીણુવિજયજી ગ. ૧૪૧
જ્યોત.........................................કુ. શ્રી નિવેદિતાબ્હેન ૧૪૨
નારીકુંજ...................................................શ્રી પ્રશાંત ૧૪૩
ઉપેક્ષા...................................................શ્રી જયકીર્તિ ૧૪૬
શંકા-સમાધાન.............પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ ૧૪૮
સરળતા.........................પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર ૧૫૧
હિંસાનું ઘોર તાંડવ..............................................શ્રી ૧૫૪
ઇનામી યોજના નં. ૨..........................કાર્યાલય તરફથી ૧૫૫
ચંદનબાળા.................................શ્રી મનવંતરાય મણીલાલ ૧૫૭
બાલ જગત....................................................શ્રી પંકજ ૧૫૯
ધર્મ મહોત્સવોની સ્હામે...પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. ૧૬૨
સુવિચારમાળા..............................વકીલ કેશરીચંદ નેમચંદ ૧૬૫
ચોકખું ને ચટ્ટ.........................શ્રી કાંતિલાલ મોહનલાલ ત્રિવેદી ૧૬૭
છેવટે તેનો આત્મા જાગ્યો !.....................શ્રી ચીમનલાલ શાહ ૧૬૯
પ્રકાશનાં કિરણો..............................................શ્રી ભદ્રભાનુ ૧૭૦
શાશ્વત સુખનો અધિકારી..........................શ્રી મફતલાલ સંઘવી ૧૭૩
મધપૂડો...........................................................શ્રી મધુકર ૧૭૪
ફૂલ અને ફોરમ.......................................શ્રી એન. બી. શાહ ૧૭૭
સાચો અલંકાર.........પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. ૧૮૧
સાહિત્યનાં ક્ષીર-નીર.........................................શ્રી ચંદ્ર ૧૮૩


રૂા. ૨૫) શ્રી મોહનલાલ ડી. શેઠ કલકત્તા,

રૂા. ૨૧) શ્રી મનસુખલાલ દીપચંદ સાવરકુંડલા-સાધ્વીશ્રી **દર્શનશ્રીજી** મહારાજનાં શિષ્યા **હર્ષપૂર્ણાશ્રીજી**ની દીક્ષા નિમિત્તે,

રૂા. ૧૧) મહેતા ચંદુલાલ નગીનદાસ ખડકી-પૂ. પંન્યાસ શ્રી **પ્રવીણવિજયજી** ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી **મહિમાવિજયજી** મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

પૂ. પંન્યાસ શ્રી **કનકવિજયજી** ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી **મહિમાવિજયજી** મહારાજશ્રીની શુભપ્રેરણાથી થયેલાં સભ્યોનાં શુભનામો—

રૂા. ૧૧) શ્રી પોપટલાલ દીપચંદ શાહ કરાડ

રૂા. ૧૧) શ્રી મોહનલાલ તુકારામ રહીમતપુર

## સૂ૦ ચ૦ ના

* **અંક** અંગ્રેજી મહીનાની ૧૫ મી તારીખે પ્રગટ થાય છે, તો તા. ૨૧ મી સુધી રાહ જોયા પછી અંક મળ્યો હોય તો તુરત લખવું.

* **ઈનામી યોજનામાં ભાગ લેતા** ભાઇ-બ્હેનોએ કુપનો બુક-પોષ્ટથી મોકલવાં. કુપનમાં એડ્રેસ સિવાય અન્ય કાંઇ લખવું નહિ. નોટપેડ સ્વીકારાતાં નથી.

* **કુપનની નકલ તમારી પાસે** રાખવી જરૂરી છે, ઇનામી યોજનાના પરિણામમાં એક ભૂલમાં **૨૨ મું** નામ આ મુજબ છે. શ્રી રમણીકલાલ પી. દોશી મુંબઇ. ૧

* **લવાજમ પુરૂં થયાની ખબર** કાર્ડથી અપાય છે, છતાં ઘણા ગ્રાહક બંધુઓ ઉપેક્ષા સેવે છે અને જ્યારે વી. પી. રવાના થાય છે ત્યારે પાછું ધકેલે છે આ વ્યાજબી નથી. ગ્રાહક તરીકે રહેવા ભાવના ન જ હોય તો કાર્ડથી કાર્યાલયને જણાવવું.

* **વી.** પી. ની રાહ જોવા કરતાં મનીઓર્ડરથી લવાજમ મોકલવામાં આવે તો પોસ્ટેજના ૦-૯-૦ બચે છે, અને માસિક વહેલું મળે છે, ઉપરાંત અમને સગવડતા રહે છે.

* **પત્રવ્યવહારે** કે મનીઓર્ડર કરતી વખતે 'ગ્રાહક નંબર' અવશ્ય લખવો.

* **'કલ્યાણ'** માસિકના નવા દશ ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ 'કલ્યાણ' ફ્રી મોકલીએ છીએ.

* ઈનામી યોજનાનું પરિણામ જાણવા માટે ૧૨૮ મું પેજ અને ઇનામી યોજના નં. ૨ માં ભાગ લેવા માટે ૧૫૫ મું પેજ જુઓ.

Reg. No. 4925.

# મંગાવો ! લાઈબ્રેરીને શણગારે એવાં ધાર્મિક સુંદર પ્રકાશનો

| | |
|---|---|
| ક્રિયાવર | ૧-૦-૦ |
| શ્રાવકધર્મવિધાન | ૩-૮-૦ |
| શ્રાદ્ધવિધિ ભાષાંતર | ૬-૦-૦ |
| જીવનની દિશા | ૧-૮-૦ |
| ધર્મની દિશા | ૨-૮-૦ |
| વર્ષપ્રબોધ યાને અષ્ટાંગ નિમિત્ત | ૬-૦-૦ |
| વિક્રમચરિત્ર | ૫-૦-૦ |
| સિંહાસન બત્રીસી | ૨-૦-૦ |
| પુરીષાદાણી પાર્શ્વનાથ | ૪-૦-૦ |
| દમયંતી ચરિત્ર | ૭-૮-૦ |
| હમીરગઢ | ૦-૮-૦ |
| રાજા શ્રીપાળ | ૦-૮-૦ |
| આબુ પ્રદક્ષિણા | ૨-૮-૦ |
| અચલગઢ | ૧-૪-૦ |
| વસુદેવહિન્ડી | ૧૫-૦-૦ |
| જૈનધર્મની પ્રાણીકથાઓ | ૧-૪-૦ |
| શત્રુંજય તીર્થદર્શન | ૧-૮-૦ |
| બાહુબીજ | ૪-૦-૦ |
| શ્રીપાળરાજાનો રાસ | ૪-૮-૦ |
| મહિયારણ | ૩-૦-૦ |
| લઘુત્રિશષ્ટિ શલાકા પુરુષ પર્વ ૧ થી ૧૦ | ૧૨-૮-૦ |
| સ્થુલિભદ્ર | ૪-૮-૦ |
| વિક્રમાદિત્ય હેમુ | ૫-૦-૦ |
| ભાગ્ય-નિર્માણ | ૩-૪-૦ |
| દેવકુમાર | ૩-૦-૦ |
| વીરધર્મની વાતો ભાગ ૧ લો | ૨-૮-૦ |
| સોળ સતી | ૧-૮-૦ |
| મહાદેવીઓ | ૩-૮-૦ |
| ભગવાન મલ્લીનાથ | ૨-૮-૦ |
| પ્રેમભક્ત જયદેવ | ૪-૦-૦ |
| અભયકુમાર | ૩-૦-૦ |
| જગડુશાહ | ૩-૦-૦ |
| ચંદનબાળા | ૩-૦-૦ |
| ડગમગતું સિંહાસન | ૪-૦-૦ |
| ઇલાચીકુમાર | ૨-૮-૦ |
| પુરુષાર્થ | ૪-૮-૦ |
| ભગવાન ઋષભદેવ | ૪-૮-૦ |
| નરકેશ્વરી વા નરકેસરી | ૪-૮-૦ |
| સુંદરીઓનો શણગાર | ૪-૦-૦ |
| નમસ્કાર મહામંત્ર | ૨-૮-૦ |
| શાંતિનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| બાલ ગ્રંથાવલિ પ્ર. શ્રેણી | ૩-૦-૦ |
| બાલ ગ્રંથાવલિ બી. શ્રેણી | ૩-૦-૦ |
| અમર બલિદાન | ૧-૮-૦ |
| મહર્ષિ મેતારાજ | ૪-૪-૦ |
| શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૬-૦ |
| પાર્શ્વનાથ ચરિત્ર [સચિત્ર] | ૧૨-૦-૦ |
| તેજપાલનો વિજય | ૧-૦-૦ |
| આરંભસિદ્ધિ | ૧૩-૦-૦ |
| જૈન તત્ત્વાદર્શ | ૪-૦-૦ |
| હિંમતે મર્દા | ૧-૮-૦ |
| જવામર્દ ભાગ ૧-૨ | ૨-૮-૦ |
| સમરાદિત્ય કેવળી ચરિત્ર | ૫-૦-૦ |
| યોગદૃષ્ટિ સમુચ્ચય | ૬-૦-૦ |
| પવિત્રતામાં પ્રભુતા | ૫-૦-૦ |
| જૈન તત્ત્વજ્ઞાન પ્રશ્નોત્તર | ૦-૧૨-૦ |
| મત્સ્યગલાગલ | ૪-૮-૦ |
| જીવન પ્રવાહ | ૩-૦-૦ |
| કંસવધ | ૩-૦-૦ |
| આબરૂની ભિતરમાં | ૩-૦-૦ |
| સુભદ્રાદેવી | ૪-૦-૦ |
| શીલની આદર્શ કથાઓ | ૪-૮-૦ |
| ગૂર્જરેશ્વર કુમારપાળ ભા. ૧-૨ | ૯-૦-૦ |
| કુમારપાળ રાજાના રાસનું રહસ્ય | ૫-૦-૦ |
| યોગશાસ્ત્ર ભાષાંતર | ૩-૮-૦ |

રૂા. પચાસ ઉપરાંતનો માલ મંગાવનારને સવા છ ટકા કમીશન મળશે. શીઘ્ર મંગાવો !

**સોમચંદ ડી. શાહ : જીવન નિવાસ સામે—પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]**